# દાદીની પ્રસાદી

જેમ આજે આપણી માતૃભાષા ગુજરાતી છે તેમ એક સમયે આપણા પૂર્વજોની માતૃભાષા સંસ્કૃત હતી. એ રીતે જોતાં સંસ્કૃત ભાષા આપણી દાદીભાષા કહેવાય. આ દાદીભાષા પાસે તો કદી ન ખૂટે એવો જ્ઞાનનો અને લલિત સાહિત્યનો વિશાળ ખજાનો છે. આ અખૂટ ભંડારમાંથી માત્ર ચપટીક પ્રસાદી અહીં રજૂ કરી છે. આ પ્રસાદીને સુપાચ્ય બનાવવા પ્રત્યેક કંડિકાની સાથે સાથે તેના ગુજરાતીમાં ભાવાર્થનું અનુપાન પણ રજૂ કરાયું છે.

(છેલ્લો ફેરફાર : તા. ૦૩-૧૨-૨૦૨૨)

૦૦૧.

असतो मा सदगमय।

तमसो मा ज्योतिर्गमय।

मृत्योर्मामृतम् गमय॥

(બૃહદારણ્યક ઉપનિષદ)

[અસત્યોમાંથી  પ્રભુ પરમ સત્યે તું  લઈ જા

ઊંડા અંધારેથી  પ્રભુ પરમ તેજે  તું લઈ જા

મહામૃત્યુમાંથી  અમૃત સમીપે નાથ લઈ જા]

૦૦૨.

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते।

पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते॥

[ઈશાવાસ્ય  ઉપનિષદનો  આ શાંતિપાઠનો શ્લોક છે. તેનો શબ્દાર્થ છેઃ તે પૂર્ણ છે. આ પૂર્ણ છે. પૂર્ણમાંથી પૂર્ણ પ્રગટે છે. પૂર્ણમાંથી પૂર્ણ બહાર કાઢો તો પણ પૂર્ણ બચે છે. આ શબ્દોનું સૌથી સરળ અર્થઘટન એવું છે કે બ્રહ્મ સંપૂર્ણ છે. બ્રહ્માંડ પણ સંપૂર્ણ છે. બ્રહ્મમાંથી બ્રહ્માંડ પ્રગટ્યું છે અને બ્રહ્મમાંથી બ્રહ્માંડ બહાર આવવા છતાં શેષ બ્રહ્મ સંપૂર્ણ છે.]

૦૦૩.

ॐ भूर्भुवः स्वः तत् सवितुर्वरेण्यं।

भर्गो देवस्य धीमहि  धियो यो नः प्रचोदयात्॥

[આ ગાયત્રી મંત્ર સૂર્ય આરાધનાનો મંત્ર છે. ભાવાર્થ છેઃ હે સર્વોપરી દેવ!  તું જીવનનો આધાર છે, અમારા સર્વ દુઃખ દૂર કરે છે, તું સ્વયં પ્રકાશિત છે, સૌથી વધુ પૂજનીય છે, અમે તારું ધ્યાન ધરી પ્રાર્થના કરીએ છીએ કે તું અમારી બુદ્ધિને વધુ પ્રજ્વલિત કર.]

૦૦૪.

ॐ सहनाववतु सहनौ भुनक्तु सह वीर्यं करवावहै।

तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै॥

ॐ शान्तिः शान्तिः शान्तिः॥

રક્ષણ કરો પોષણ કરો પ્રભુ આપ અમારું પ્રેમથી
કરીશું  શ્રમ  સખત અભ્યાસમાં   અમે   ખંતથી
હો  મેઘા તેજસ્વી  અમારી  એટલું  પ્રભુ આપજો
ને  સંબંધ સદા  સ્નેહભર્યો ગુરુ શિષ્યનો રાખજો
(કઠોપનિષદ ૨-૩-૧૯)

૦૦૫.

त्वमेव माता च पिता त्वमेव

त्वमेव बंधू च सखा त्वमेव।

त्वमेव विद्या द्रविणं त्वमेव

त्वमेव  सर्वं  मम देव देव॥

[તમે  છો  માતા  પિતા તમે  છો
તમે  છો  બંધુ   સખા તમે  છો
તમે  છો વિદ્યા ધન સંપત્તિ પણ
સર્વ મારું  તમે    હે   દેવ  દેવ]

૦૦૬.

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम्।
यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम्॥

[જો તારી કૃપા ઉતરે તો મુંગો માણસ વાચાળ બને છે, અપંગ માણસ પહાડ ઓળંગી જાય છે. હે પરમાનંદ માધવ, તને વંદન કરું છું.]

૦૦૭.

या कुन्देन्दु तुषारहारधवला या शुभ्रवस्त्रावृता
या वीणावरदण्डमण्डितकरा या श्वेतपद्मासना।
या ब्रह्माच्युतशंकरप्रभृतिभिर्देवैः सदा वन्दिता
सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा॥

[સૌંદર્યમંડિત છે જે શુભ્ર શશિ સમ
માળા છે જેની સુંદર જળબિન્દુ સમ
ધવલ વસ્ત્રો છે જેને અતિ શોભતા
વીણાદંડ સોહે જેના કર કમળમાં
વિરામ આસન છે જેનું શ્વેત પદ્મનું
સદા વંદન કરે જેને સર્વ દેવો
બ્રહ્મા વિષ્ણુ મહેશ સહ પૂજ્ય ભાવે
એવી દેવી મા સરસ્વતી દૂર કરજો
અમ બુદ્ધિ કુંઠિત કરતા તિમિરને]

૦૦૮.

वक्रतुण्ड महाकाय सूर्यकोटिसमप्रभ।
निर्विघ्नं कुरु मे देव शुभकार्येषु सर्वदा॥

[હે વાંકી સૂંઢવાળા, વિશાળ કાયા ધરાવતા, અસંખ્ય સૂરજ સમાન કાંતિ ધરાવતા ગણેશ દેવ, મારા શુભ કાર્યમાં આવતી અડચણને હંમેશા દૂર કરતા રહેજો.]

૦૦૯.

वन्दे मातरम्। वन्दे मातरम्।
वन्दे मातरम्। वन्दे मातरम्॥

सुजलाम् सुफलाम् मलयजशीतलाम्।
शस्यश्यामलाम् मातरम्। वन्दे मातरम्॥

शुभ्रज्योत्स्ना पुलकितयामिनीम्
फुल्लकुसुमितद्रुमदलशोभिनीम्।

सुहासिनीम्। सुमधुरभाषिणीम्।
सुखदां वरदाम् मातरम्। वन्दे मातरम्॥

[વંદુ તુજને મા હો વંદુ તુજને મા
વંદુ તુજને મા હો વંદુ તુજને મા

છો સભર તું જળથી ફળથી
દખણાદી શીત વાયુ લહરથી
પાકેલા લહેરાતા ધાન્ય થકી
સુરત તુજ બની સુંદર શામળી

વંદુ તુજને મા હો વંદુ તુજને મા
વંદુ તુજને મા હો વંદુ તુજને મા

શુભ્ર ચન્દ્ર કિરણથી ઓપતી
ખુશહાલ છે સૌ રાત્રિ તારી

પુષ્પ ને વૃક્ષોથી લચી રહેલી
શોભે છે કણ કણ ભૂમિ તારી
મલકાતું મોં વદતું મીઠી વાણી
ને વરસાવે સદા સુખ વરદાન

વંદુ તુજને મા હો વંદુ તુજને મા
વંદુ તુજને મા હો વંદુ તુજને મા]

૦૧૦.

शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशम्।
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभाङ्गम्॥
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यम्
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम्॥

[ભગવાન વિષ્ણુની આ સ્તુતિનો ભાવાર્થ છેઃ શાંતિ પમાડતા, નાગની શૈયા ધરાવતા, નાભિમાંથી કમળ પ્રગટાવતા, દેવોના અધિપતિ, વિશ્વના આધારરૂપ, ગગન જેવા વિશાળ, મેઘવર્ણી કાયા અને શુભ અંગો ધારણ કરતા, લક્ષ્મીજીના પ્રિયતમ, કમળસમ નેત્રો ધરાવતા, યોગીઓ ધ્યાન ધરે છતાં તેમના માટે અગમ્ય રહેતા, ભવનો ભય હરનારા, સર્વ લોકના નાથ વિષ્ણુને વંદન હો]

૦૧૧.

सत्यमेव जयते नानृतम् सत्येन पन्था विततो देवयान।
येनक्रमन्ति ऋषयो ह्याप्तकामा यत्र तत् सत्यस्य परमं निधानम्॥

(મુણ્ડકોપનિષદ ૩-૧-૬)

[સત્યનો જ જય થાય છે. અસત્યનો નહિ. કૃતાર્થ બનેલા ઋષિઓ જે માર્ગથી જાય છે અને જ્યાં સત્યનું નિધાન -સ્થિતિ- છે, એવો દેવમાર્ગ અમારે માટે સત્ય દ્વારા જ ખૂલે છે.
-ભાઈશંકર પુરોહિત]

૦૧૨.

सर्वे भवन्तु सुखिनः।

सर्वे सन्तु निरामयाः।

सर्वे भद्राणि पश्यन्तु।

मा कश्चित् दुःख भाग्भवेत्॥

[સર્વે બની રહો સુખી

સર્વે બની રહો સ્વસ્થ

મળે શુભદ્રષ્ટિ  સર્વને

ન દુ:ખ ભોગવે કોઈ]

# અ

૦૧૩.

अकुलीनः कुलीनस्य मर्यादा यो न लङ्घेत।

धर्मापेक्षी मृदुर्दान्तः सः कुलीनशतैः वरः॥

[માણસ ભલે ઊંચા કુળનો હોય કે નીચા કુળનો પણ તે જો મર્યાદાનું ઉલ્લંઘન ન કરતો હોય, ધર્મનું પાલન કરતો હોય, મૃદુ સ્વભાવનો હોય અને ઈન્દ્રિયો પર અંકુશ ધરાવતો હોય તો તે કહેવાતા ઉચ્ચ કુળના લોકો કરતાં સો ગણો ચડિયાતો ગણાય.]

૦૧૪.

अज्ञः सुखम् आराध्यः सुखतरम् आराध्यते विशेषज्ञः।

ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि नरं न रंजयति॥

[અજ્ઞાનીને સરળતાથી સમજાવી શકાય. જે ખરેખર જ્ઞાની છે તેને સમજ આપવી એ તો તેથી પણ વધુ સહેલું છે. પણ પોતાના અર્ધદગ્ધ જ્ઞાનને સંપૂર્ણ માની બેઠેલા મિથ્યાભિમાની માણસને તો બ્રહ્મા પણ ન સમજાવી શકે -ભર્તૃહરિકૃત નીતિશતક.]

૦૧૫.

अग्निः शेषं ऋणः शेषं शत्रुः शेषं तथैव च।

पुनः पुनः प्रवर्धेत तस्मात् शेषं न कारयेत्॥

[અગ્નિ, દેવું અને શત્રુ એ ત્રણનો જરાક અંશ બચી જાય તો તે ફરી ફરી વધ્યા જ કરે માટે તેના અંશને પણ બાકી રહેવા ન દેવાય.]

૦૧૬.

अग्निहोत्रं गृहं क्षेत्रं गर्भिणीं वृद्धबालकौ।

रिक्तहस्तेन नोपेयाद् राजानं देवतां गुरुम्॥

[પવિત્ર અગ્નિ, પોતાનું ઘર, ખેતર, ગર્ભવતી સ્ત્રી, વૃદ્ધો, બાળકો, રાજા, દેવતા અને ગુરુ પાસે કદી ખાલી હાથે ન જવું જોઈએ.]

૦૧૭.

अजरामरवत् प्राज्ञो विद्यामर्थं च साधयेत्।

गृहीत इव केशेषु मृत्युना धर्मम् आचरेत्॥

[ડાહ્યા માણસોએ જ્યારે જ્ઞાન કે ધન મેળવવાની વાત આવે ત્યારે પોતે અજર-અમર રહેવાના છે એવું વિચારીને વણથંભી સાધના કરવી જોઈએ અને જ્યારે ધર્મનું આચરણ કરવાની વાત આવે ત્યારે મોત ખંભા પર બેસી વાળ ખેંચી રહ્યું છે એમ માનીને તરત ધર્મનું આચરણ કરવું જોઈએ.]

૦૧૮.

अजीर्णे भेषजं वारि जीर्णे वारि बलप्रदम्।

अमृतं भोजनार्धे तु भोजनान्ते विषं भवेत्॥

[અપચો થતો હોય ત્યારે પાણી એ દવા છે. ખોરાક પચતો હોય ત્યારે પાણી વધુ શક્તિ આપે છે. જમવાની વચ્ચે થોડું પાણી પીવું અમૃત સમાન છે પરંતુ જમ્યા પછી પાણી પીવું ઝેર જેવી અસર કરે છે.]

૦૧૯.

अज्ञश्चाश्रद्धधानश्च संशयात्मा विनश्यति।

नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः॥

[ભગવદ્ ગીતામાં ભગવાનનો આ ઉપદેશ છે: જે અજ્ઞાની છે અને અશ્રદ્ધાળુ છે અને દરેક વાતમાં શંકા કર્યા કરે છે તેમનો નાશ થાય છે. શંકાશીલ માણસો માટે આ લોકમાં કે પરલોકમાં કોઈ સુખ નથી.]

૦૨૦.

अतितृष्णा न कर्तव्या तृष्णां नैव परित्यजेत्।

शनैः शनैश्च भोक्तव्यं वित्तम् स्वयमुपार्जितम्॥

[ન અતિ તૃષ્ણા કરવી કે ન તૃષ્ણાનો સમૂળગો ત્યાગ કરવો. જાતે કમાયેલી સંપત્તિનો ધીમે ધીમે ઉપભોગ કરવો.]

૦૨૧.

अतिथि देवो भव।

[અતિથિને ઈશ્વરતુલ્ય ગણી આદર આપવો.]

૦૨૨.

अतिदानाद्धतः कर्णस्त्वतिलोभात् सुयोधनः।

अतिकामाद्दशग्रीवस्त्व् अति सर्वत्र वर्जयेत्॥

[અતિ દાનથી કર્ણ પાસે કંઈ ન રહ્યું. અતિ લોભથી સુયોધનની અવદશા થઈ. અતિ ઇચ્છાથી પતન થાય છે માટે કોઈ પણ બાબતમાં અતિશયતાને તજવી. ]

૦૨૩.

अतिपरिचियादवज्ञा सततगमनात् अनादरो भवति।

मलये भिल्ला पुरांध्री चंदनतरुकाष्ठम् इंधनम् कुरुते॥

[અતિ પરિચયથી અવજ્ઞા થાય. કોઈને ત્યાં સતત જઈએ તો આવકાર ન મળે. મલય પર્વત પર રહેતી ભીલડીઓ ચંદનને પણ ઈંધણનું લાકડું ગણી ચૂલામાં બાળે છે.]

૦૨૪.

अतिस्नेहः पापशङ्की।

[કોઈને માટે આપણો વધુ પડતો પ્રેમ આપણાં મનમાં આપણા તે પ્રિય પાત્રની સલામતી માટે ખોટી શંકા પેદા કરે છે. અભિજ્ઞાન શાકુંતલમ્‌નું આ વાક્ય છે.]

૦૨૫.

अद्यापि दुर्निवारं स्तुतिकन्या वहति नाम कौमारम्।

सद्भ्यो न रोचते सा असन्तः अपि अस्यै न रोचन्ते॥

[સ્તુતિ નામની કન્યા બિચારી હજુ કુંવારી છે કેમ કે સારા માણસોને એ ગમતી નથી તો જે સારા નથી તેઓ આ કન્યાને ગમતા નથી !]

૦૨૬.

अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा।

अनुग्रहश्च दानं च एष धर्मः सनातनः॥

[મન, વચન અને કર્મથી કોઈ જીવનો દ્રોહ ન કરવો, પ્રેમ રાખવો અને ઉદારતાથી દાન આપવું એ સનાતન ધર્મ છે.]

૦૨૭.

अधमा: धनमिच्छन्ति धनं मानं च मध्यमा:।
उत्तमा: मानमिच्छन्ति मानो हि महताम् धनम्॥

[નિમ્ન કક્ષાના માણસો ધનની ઇચ્છા રાખે છે. મધ્યમ કક્ષાના માણસો ધન અને માન બન્નેની ઇચ્છા રાખે છે. પણ ઉત્તમ માણસોની ઇચ્છા ફક્ત માન મેળવવાની હોય છે કેમકે માન સૌથી ચડિયાતું ધન છે.]

૦૨૮.

अनभ्यासे विषं विद्या अजीर्णे भोजनं विषं।
विषं सभा दरिद्रस्य वृद्धस्य तरुणी विषं॥

[અભ્યાસ ન કર્યે વિદ્યા વિષ સમાન બને છે, જ્યારે પાચન ન થતું હોય ત્યારે ભોજન ઝેર બને છે. સંપત્તિ વિહોણા માટે સભામાં એટલે કે જાહેરમાં જવું ઝેર જેવું બને છે તો વૃદ્ધો માટે યુવાન સ્ત્રી વિષની ગરજ સારે છે !]

૦૨૯.

अनाहूतः प्रविशति अपृष्टो बहु भाषते।
अविश्वस्ते विश्वसिति मूढचेता नराधमः॥

[સાવ મૂઢ, મૂરખનો સરદાર કેવો હોય? જે વગર આમંત્રણે જ્યાં ત્યાં ઘૂસી જાય, વગર બોલાવ્યે લાંબુ લચક બોલ બોલ કરવા માંડે અને જે માણસો ભરોસાને લાયક ન હોય તેવા માણસોનો ભરોસો કરે- આવો માણસ સાવ મૂઢ, મૂરખનો સરદાર કહેવાય.]

૦૩૦.

अनेकशास्त्रं बहु वेदितव्यम् अल्पश्च कालो बहवश्च विघ्नाः।

यत्सारभूतं तदुपासितव्यं हंसो यथा क्षीरमिवाम्बुमध्यात्॥

[અનેક શાસ્ત્રો ભણવાના હોય, સમય ઓછો હોય અને વિઘ્નો ઘણા આવતા હોય ત્યારે દરેક શાસ્ત્ર વિગતવાર ભણવાના બદલે તેનો જે ખરો સાર હોય તે ગ્રહણ કરી લેવો. આ બાબતમાં હંસોનો નિરક્ષીરવિવેક યાદ રાખવો.]

૦૩૧.

अन्तस्तिमिरनाशाय शब्दबोधो निरर्थकः।

न नश्यति तमो नाम कृतया दीपवार्तया॥

[મનના તિમિરને મીટાવવા શબ્દોનો બોધ કંઈ કામમાં આવતો નથી. જેમ દીવો, દીવો એવા શબ્દનો જાપ કરતાં રહીએ તો અંધારું થોડું દૂર થાય છે ?]

૦૩૨.

अन्नदानं परं दानं विद्या दानम् अतः परम्।

अन्नेन क्षणिका तृप्तिः यावज्जीवञ्च विद्यया॥

[અન્નદાન ઘણી મોટી વાત છે પણ વિદ્યાદાન તેનાથી પણ મોટી વાત છે. અન્નથી થોડો વખત તૃપ્તિ અનુભવાય છે પણ વિદ્યા વડે આજીવન તૃપ્તિ મળે છે.]

૦૩૩.

अन्यक्षेत्रे कृतं पापं पुण्यक्षेत्रे विनश्यति।

पुण्यक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति॥

[અન્ય ક્ષેત્રે કરેલું પાપ તીર્થમાં જઈ ધોઈ શકાય છે. પણ તીર્થક્ષેત્રમાં જો પાપ કરીએ તો તે વજ્રલેપ બની જાય છે.]

૦૩૪.

अपमानितोऽपि कुलजो न वदति पुरुषं स्वभावदाक्षिण्यात्।

नहि मलयचन्दनतरुः परशुप्रहतः स्त्रवेत् पूयम्॥

[કુહાડીથી પ્રહાર થવા છતાં મલય પર્વત પર ઊગતા ચંદનના વૃક્ષમાંથી જેમ નકામો પદાર્થ બહાર આવતો નથી તેમ અપમાન થવા છતાં કુળવાન માણસો પોતાનું સૌજન્ય છોડી જેવા તેવા શબ્દ બોલતા નથી.]

૦૩૫.

अपि क्रियार्थं सुलभं समित्कुशम्

जलान्यपि स्नानविधिक्षमाणि ते ।

अपि स्वशक्त्या तपसि प्रवर्तसे

शरीरमाद्यं खलु धर्मसाधनम् ॥

[કાલિદાસ કૃત કુમારસંભવમ્ સર્ગ-૫-૩૩. યજ્ઞ કરવા માટે સમીધના ટૂકડાં અને કુશ ઘાસ સહેલાઈથી મળે છે ? સ્નાન માટે પાણી યોગ્ય છે ? તમે તમારી શક્તિ અનુસાર તપ કરો છો? ધર્મ કરવા માટેનું પહેલું સાધન શરીર છે. શરીર ન હોય તો તપ ન થાય.]

૦૩૬.

अपि स्वर्णमयी लङ्का न मे लक्ष्मण रोचते।

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी॥

[હે લક્ષ્મણ, આ લંકા સોનાની છે તો પણ તે મને ગમતી નથી. જનની અને જન્મભૂમિ એ તો સ્વર્ગથી પણ મહાન છે. વાલ્મિકી રામાયણમાં લંકા વિજય પછી લંકાનું રાજ સ્વીકારવાની ના પાડતા રામ આ વાક્ય કહે છે.]

૦૩૭.

अपूर्वः कोपि कोशोयं विद्यते तव भारति।

व्ययतो वृद्धिम् आयाति क्षयम् आयाति संचयात्॥

[હે દેવી સરસ્વતી, તારો ખજાનો ખરેખર અનોખો છે. જો તે વાપરીએ તો વધતો રહે છે અને જો તે સાચવીને રાખી મૂકીએ તો તેમાં ઘટાડો થાચ છે. જ્ઞાનનું એવું છે કે તે જેમ ઉપયોગમાં લેવાય તેમ વધે અને ઉપયોગ કર્યા વિના પડ્યું રહે તો કટાઈ જાય.]

૦૩૮.

अमंत्रः अक्षरः नास्ति नास्ति मूलं अनौषधि।

अयोग्यः पुरुषः नास्ति योजकः तस्य दुर्लभः॥

[એવો કોઈ અક્ષર નથી કે જેમાંથી મંત્ર ન બનાવી શકાય, એવું કોઈ મૂળિયું નથી કે જે દવા તરીકે કામ ન આવે, એવો કોઈ માણસ નથી કે જેની પાસેથી કામ ન લઈ શકાય. જરૂર હોય છે ફક્ત તે માટે આવડતની જે મળવી મુશ્કેલ છે.]

૦૩૯.

अर्थातुराणां न गुरुर्न बन्धुः कामातुराणां न भयं न लज्जा।

विद्यातुराणां न सुखं न निद्रा क्षुधातुराणां न रुचिर्न वेला॥

[જેમને પૈસા કમાવાની આતુરતા હોય તેને ન તો ગુરુ દેખાય, ન ભાઈ દેખાય. જેને કામેચ્છા જાગે તેને ન કોઈનો ડર લાગે, ન કોઈની શરમ નડે. જેને વિદ્યા પ્રાપ્તિની તડપ જાગે તેના જીવને ન શાંતિ હોય, ન ઊંઘ આવે. જેને ભૂખ લાગે તે ન રૂચિ જૂએ કે ન તો શું સમય થયો છે તે જૂએ.]

૦૪૦.

अन्तर्वसति मार्जारी शुनी वा राजवेश्मनि।

बहिर्बद्धो अपि मातंगस्ततः किं लघुतां गतः॥

[જ્યારે બિલાડી કે કૂતરીને રાજમહેલની અંદર રહેવા મળતું હોય ત્યારે હાથીને રાજમહાલની બહાર બંધાયેલા ઊભા રહેવું પડે છે એટલે શું હાથી તુચ્છ ગણાય?]

૦૪૧.

अयं निजः परो वेऽति गणना लघुचेतसाम्।

उदारचरितानां तु वसुधैव कुटुम्बकम्॥

[આ મારું છે, તે બીજાનું છે એવી ગણતરી તો જેનું મન સાંકડું હોય તેવા લોકોની હોય. જેનું મન ઉદાર હોય તેને તો આખું ય જગત પોતાના કુટુંબ જેવું લાગે.]

૦૪૨.

अलसस्य कुतो विद्या अविद्यस्य कुतो धनम्।

अधनस्य कुतो मित्रं अमित्रस्य कुतः सुखम्॥

[આળસુ માણસને વિદ્યા ક્યાંથી મળે? વિદ્યા વિનાના માણસને ધન ક્યાંથી મળે? નિર્ધન માણસને મિત્ર ક્યાંથી મળે અને મિત્ર વિનાના માણસને સુખ ક્યાંથી મળે?]

૦૪૩.

अल्पकार्यकराः सन्ति ये नरा बहुभाषिणः।

शरत्कालिनमेघास्ते नूनं गर्जन्ति केवलं॥

[ઓછું કામ કરવાવાળા બહુ બોલ બોલ કરતા થઈ જતા હોય છે. જેમ કે શરદ ઋતુમાં મેઘરાજા વરસે છે ઓછું ને ગરજે છે વધુ.]

૦૪૪.

अल्पानामपि वस्तूनां संहतिः कार्यसाधिका।

तृणैर्गुणत्वमापन्नैर्बध्यन्ते मत्तसन्तिनः॥

[નાની નાની બાબતનું ધ્યાન રાખી, તેને સુવ્યવસ્થિત બનાવીને કામમાં સફળતા મેળવી શકાય છે. નાના નાના દોરાને ગૂંથી તેનું એવું મજબૂત દોરડું બનાવી શકાય કે જે મદમસ્ત હાથીને પણ બંધનમાં જકડી શકે.]

૦૪૫.

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारतः।

अव्यक्तनिधनान्येव तत्र का परिवेदना॥

[ગીતામાં ભગવાન કહે છે હે અર્જુન, જો આ સંસારના બધાં સચેતન જીવ, તેઓ જન્મ્યા એ પહેલા અવ્યક્ત હતા એટલે કે દેખાતા ન હતા, જન્મ લીધા પછી વ્યક્ત-દેખાતાં થાય છે અને મૃત્યુ પછી ફરી પાછા હતા તેવા અવ્યક્ત-ન દેખાતા થઈ જાય છે. તેમને માટે શોક કરવાનો શું અર્થ છે?]

૦૪૬.

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे।

गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः॥

[ભગવત ગીતાનો આ શ્લોક વધુ લોકપ્રિય છે. ભગવાન અર્જુનને કહે છે કે જેની ચિંતા કરવા જેવું નથી તેની તું ચિંતા કરે છે, બુદ્ધિશાળી માણસો જેવું બોલે છે પણ જે જ્ઞાની હોય તે કદી ભૂતકાળની કે ભવિષ્યકાળની ચિંતા કરી વ્યાકુળ થતા નથી.]

૦૪૭

असारे खलु संसारे सारं श्वशुरमन्दिरम्।

हरो हिमालये शेते हरिः शेते महोदधौ॥

[આ અસાર સંસારમાં સાચો સાર શ્વસુરના ઘરમાં છે! એટલે તો ભગવાન શંકર હિમાલયમાં જઈને રહે છે અને વિષ્ણુ ભગવાન સમુદ્રમાં જઈને રહે છે !]

૦૪૮.

*अश्वं नैव गजं नैव व्याघ्रं नैव च नैव च।*

*अजापुत्रं बलिं दद्यात् देवो दुर्बलघातकः॥*

*[બલિદાન કોનું દેવાય, ઘોડાનું ? કદી નહિ. હાથીનું ? કદી નહિ. વાઘનું ? ના ભાઈ ક્યારેય નહિ. બલિદાન તો બકરીના બચ્ચાંનું જ દેવાય ! દેવ પણ નબળાંનો જ ભોગ લે છે !]*

૦૪૯.

अश्वत्थामा बलि र्व्यासो हनुमांश्च बिभीषणः।

कृपः परशुरामश्च सप्तैते चिरजीविनः॥

[આપણી પૌરાણિક માન્યતા પ્રમાણે અશ્વસ્થામા, બલી રાજા, વ્યાસ મુનિ, હનુમાન, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ એ સાતને અમરત્વનું વરદાન મળેલું છે.]

૦૫૦.

अश्वस्य भूषणं वेगो मत्तं स्याद् गजभूषणम्।

चातुर्यम् भूषणं नार्या उद्योगो नरभूषणम्॥

[ઘોડાનું ભૂષણ વેગ છે, હાથીનું ભૂષણ મદ છે. ચતુરાઈ એ નારીનું ભૂષણ છે તો પરિશ્રમ નરનું ભૂષણ છે.]

૦૫૧.

अष्टादशपुराणेषु व्यासस्य वचनद्वयम्।

परोपकारः पुण्याय पापाय परपीडनम्॥

[અઢાર પુરાણનો સાર વ્યાસ મુનિના બે વચનોમાં સમાઈ જાય છેઃ પરોપકાર કરવો એ પુણ્યનું કામ છે અને પરપીડન કરવું એ પાપ છે.]

૦૫૨.

अहन्यहनि भूतानि गच्छन्ति यमालयम्।

शेषा: स्थावरमिच्छन्ति किमाश्चर्यमत: परम्॥

[મહાભારતના વનપર્વમાં આવતા યક્ષ અને યુધિષ્ઠિર વચ્ચેના સંવાદનો આ શ્લોક છેઃ અન્ય માણસો એક પછી એક મૃત્યુ પામે છે તેવું જોવા છતાં બાકીના માણસો પોતે જાણે કાયમ જીવતા રહેવાના છે એવી અપેક્ષા સાથે શાંતિથી જીવે છે તેનાથી વધુ મોટું આશ્ચર્ય આ જગતમાં શું હોઈ શકે ?]

૦૫૩.

अहं ब्रह्मास्मि।

[અનહલક. હું ઈશ્વર છું.]

૦૫૪.

अहमेवासमेवाग्रे नान्यद्यत्सदसत्परम्।

पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम्॥

[શ્રીમદ્ ભાગવતમાં ભગવાનનું આ કથન છે. ભગવાન કહે છે કે આ સૃષ્ટિની રચના પહેલાં માત્ર હું હતો. તે સમયે સત કે અસત કે મારાથી ભિન્ન કંઈ પણ ન હતું. સૃષ્ટિ નહિ રહે ત્યારે પણ હું રહીશ. અત્યારે જે સમગ્ર સૃષ્ટિ છે તે મારું જ રૂપ છે. આ સૃષ્ટિ અત્યારે જે નથી તે પણ હું છું અને સૃષ્ટિના વિનાશ પછી જે બચશે તે પણ હું જ હોઈશ.]

૦૫૫.

अहिंसा परमो धर्मः।

[અહિંસા સૌથી મોટો ધર્મ છે.]

૦૫૬.

अहो दुर्जनसंसर्गात् मानहानिः पदे पदे।

पावको लोहसङ्गेन मुद्गरैरभिताड्यते॥

[ખોટા માણસોની સાથે રહેવાથી ડગલે ને પગલે માર ખાવો પડે છે. સોનું પણ આગ અને લોખંડ જેવા પદાર્થોના સંપર્કમાં આવે ત્યારે તેની ઉપર હથોડીથી ધડાધડ પ્રહારો પડે છે !]

# આ

૦૫૭.

आ नो भद्रा क्रतवो यन्तु विश्वतः।

[ઋગ્વેદનો મંત્રઃ બધી બાજુએથી કલ્યાણકારી વિચારો અમને પ્રાપ્ત થાઓ.]

૦૫૮.

आकारैणैव चतुराः तर्कयन्ति परेङ्गितम्।

गर्भस्थं केतकीपुष्पमामोदेनेव षट्पदाः॥

[હોંશિયાર માણસોને બાહ્ય આકાર જોઈને તેની અંદર શું હશે તે તેની ખબર પડી જાય છે. ભમરો સુગંધ પરથી જ કેતકી પુષ્પની કળીને પારખી લે છે. ]

૦૫૯.

आकाशात् पतितं तोयं यथा गच्छति सागरम्।

सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति॥

[આકાશમાંથી કોઈ પણ નદીમાં પડતું પાણી વહીને જેમ સાગરમાં મળી જાય છે તેમ કોઈ પણ દેવી-દેવતાને કરેલું વંદન એક માત્ર ઈશ્વરને પહોંચે છે.]

૦૬૦.

आचारः परमो धर्मः।

[આચરણ એ સૌથી મહત્વની વાત છે. આચરણ વિનાની ધર્મની બધી વાતો અને પ્રવચનો એકડા વિનાના મીંડા જેવાં છે.]

૦૬૧.

आत्मनः प्रतिकूलानि परेषाम् न समाचरेत्।

[ભગવદ્ ગીતાનું કથન છે: જે આપણા માટે પ્રતિકૂળ હોય એટલે કે જે આપણને અનુકૂળ ન હોય તેવું આચરણ બીજા સાથે કરવું ન જોઈએ ]

૦૬૨.

आत्मनः मुखदोषेण बध्यन्ते शुकसारिकाः।

बकास्तत्र न बध्यन्ते मौनं सर्वार्थसाधनम्॥

[બોલ બોલ કરવાના પોતાના વાંકે પોપટ તથા મેનાને પાજરામાં પૂરાવું પડે છે જ્યારે મૌન રહેતા બગલાને કોઈ બંધન સહન કરવું પડતું નથી. મૌનથી બધા હેતુ સરે છે.]

૦૬૩.

आत्मनो गुरुः आत्मैव पुरुषस्य विशेषतः यत।

प्रत्यक्षानुमानाभ्याम श्रेयसवनुबिन्दते॥

[આપણે જ આપણા ગુરુ છીએ કેમકે આપણે જ આપણને શીખવતા હોઈએ છીએ. પ્રત્યક્ષ અનુભવ અને અનુમાનથી વધુ સારુ શું છે તેનો આપણને ખ્યાલ આવી જાય છે.]

૦૬૪.

आत्मपक्षं परित्यज्य परपक्षेषु यो रतः।

स परैर्हन्यते मूढः नीलवर्णश्रृगालवत्॥

[પંચતંત્રની એક વાર્તાનો સારાંશ છેઃ જે માણસ પોતાનો પક્ષ છોડી બીજાના પક્ષમાં રચ્યો-પચ્યો રહે તે મૂર્ખ માણસ નીલરંગી શિયાળની માફક માર્યો જાય છે.]

૦૬૫.

आत्मवत सर्वभूतेषु यः पश्यति सः पण्डितः।

[ભગવદ્ ગીતામાં ભગવાનનું કથનઃ જેવો હું છું તેવા જ આ જગતના સર્વે જીવ છે એવું જેને ભાન થાય તે પંડિત કહેવાય.]

૦૬૬.

आदौ रामतपोवनादिगमनं हत्वा मृगकाञ्चनम्।

वैदेहीहरणं जटायुमरणं सुग्रीवसंभाषणम्॥

वालीनिर्दलनम् समुद्रतरणं लङ्कापुरीदाहनम्।

पश्चादरावणकुम्भकर्णहननं एतद् इति रामायणम्॥

[લાંબા-લચક રામાયણને ટૂંકમાં (એક જ શ્લોકમાં) પતાવવું છે? તો સાંભળો. પહેલા રામ તપોવનમાં ગયા, સોનાના હરણ પાછળ દોડ્યા, સીતાનું હરણ થયું, જટાયુનું મરણ થયું, સુગ્રીવ સાથે વાતો થઈ, વાલી માર્યો ગયો, સમુદ્રનું તરણ થયું, લંકાનું દહન થયું, રાવણ, કુંભકર્ણનું હનન થયું. લો, બસ રામાયણ પૂરું થયું !]

૦૬૭.

आर्ता देवान् नमस्यन्ति, तपः कुर्वन्ति रोगिणः।

निर्धनाः दानम् इच्छन्ति, वृद्धा नारी पतिव्रता॥

[દુ:ખી માણસ દેવને પગે લાગે છે. રોગી માણસ તપ કરે છે. નિર્ધન માણસ દાનને ઝંખે છે. વૃદ્ધ નારી પતિવ્રતા બને છે!]

૦૬૮.

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः।

नास्त्युद्यमसमो बन्धुः कुर्वाणो नावसीदति॥

[આળસ એ માણસના શરીરમાં રહેલો તેનો મોટો શત્રુ છે. ઉદ્યમ જેવો કોઈ બંધુ નથી. ઉદ્યમ કરનારો કદી નાશ પામતો નથી -ભર્તૃહરિકૃત નીતિશતક .]

૦૬૯.

आशा नाम मनुष्याणां काचिदाश्चर्यशृङ्खला।

यया बद्धाः प्राधावन्ति मुक्तास्तिष्ठन्ति पङ्गुवत्॥

[આશા નામનું મનુષ્યનું બંધન ભારે અદ્દ્ભુત બંધન છે. આ બંધનથી બંધાયેલો માણસ દોડવા લાગે છે તો આ બંધનથી મુક્ત થયેલ માણસ અપંગની જેમ સ્થિર થઈ જાય છે !]

૦૭૦.

आस्ते भग आसीनस्य ऊर्ध्वस्तिष्ठति तिष्ठतः।

शेते निपद्यमानस्य चराति चरतो भगः॥

[મહાભારતનો શ્લોક છે: જે માણસ કામ કર્યા વિના બેઠો રહે તેનું નસીબ બેઠેલું રહે છે. જે ઊભો ઊભો વિચાર કર્યા કરે છે તેનું નસીબ પણ ઊભું જ રહી જાય છે. જે માણસ ઊંઘી જાય તેનું નસીબ ઊંઘી જાય છે પણ જે ચાલતો જ રહે તેનું નસીબ ચાલવા લાગે છે.]

૦૭૧.

आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत् पशुभिर्नराणाम्।

धर्मो हि तेषाम् अधिकोविशेषो धर्मेण हीना: पशुभि: समाना:॥

[આહાર, નિદ્રા, ભય અને મૈથુનની બાબતમાં પશુ અને માણસમાં કોઈ ફરક નથી. માણસમાં ધર્મ એક એવી ચીજ છે જે પશુમાં હોતી નથી. આથી ધર્મ વિનાનો માણસ પશુ જેવો જ લેખાય.]

# ઈ-ઈ

૦૭૨.

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यातरं मया।

विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु॥

[અર્જુનને ૧૮ અધ્યાયવાળી સમગ્ર ભગવત ગીતાનું જ્ઞાન આપ્યા પછી છેવટમાં ભગવાન કહે છે કે મેં તને આ જગતનું તમામ જ્ઞાન આપ્યું છે. પણ તારે મારી કોઈ વાતનો આંધળો અમલ કરવાનો નથી. મેં કહેલી બધી વાતો પર શાંતિથી પૂરેપૂરો વિચાર કર્યા પછી જ તું તારા પોતાના નિર્ણય લેજે અને છેવટે તારી મરજી પડે તેમ કરજે.]

૦૭૩.

इतो भ्रष्टस्ततो नष्टः।

[અહીં જઈશ તો ભ્રષ્ટ થઈશ. ત્યાં જઈશ તો નષ્ટ થઈશ.]

૦૭૪.

इदमद्य करिष्यामि श्वः कर्तास्मि इति वादिनम्।

कालो हरति संप्राप्तो नदीवेग इव द्रुमम् ॥

[જેમ નદીમાં આવેલું પૂર પોતાના વેગમાં વૃક્ષને તાણી જાય છે તેમ આ કામ આજે કરીશ, આ કામ કાલે કરીશ, એવી વાતો કરનારાને સમયનું પૂર પોતાની સાથે ખેંચી જાય છે.]

૦૭૫.

इदं एव हि पाण्डित्यं इदं एव हि चातुर्यम्।

इदं एव हि बुद्धित्वं आयात् अल्पतरो व्ययः॥

[જગતભરની પંડિતાઈ, હોંશિયારી અને બુદ્ધિનો સૌથી મોટો ભંડાર કોની પાસે છે? પોતાની આવક કરતાં ખર્ચ ઓછો રાખતા હોય તેની પાસે !]

૦૭૬.

ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत्।

तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद् धनम्॥

[ઈશાવાસ્ય ઉપનિષદનો પ્રથમ અને જગતભરના તત્વજ્ઞાનીઓને ખૂબ જ પ્રિય એવો આ શ્લોક એવું કહે છે કે જડ અને ચેતનતત્વના બનેલા આ જગતના અણુએ અણુમાં ઈશ્વર છે અને તે જ તેનો સ્વામી છે. આ જગતને માણ પણ ત્યાગના ભાવ સાથે માણ. એવું કદી માનતો નહિ કે તારા એકલાની કોઈ ચીજ છે. જે કંઈ છે તેના પર અન્યનો પણ એટલો જ અધિકાર છે. અન્યના અધિકારને કદી છીનવી લેતો નહિ.]

# ઉ-ઊ

૦૭૭.

उत्तमो नातिवक्ता स्यात् अधमो बहु भाषते।

न काञ्चने ध्वनिस्तादृक् यादृक् कांस्ये प्रजायते॥

[નકામો માણસ બહુ બોલ બોલ કરે એટલે ઉત્તમ વક્તા બની જતો નથી. ખખડાવો એટલે સોનાનો જેટલો અવાજ આવે તેના કરતાં અનેકગણો વધારે કાંસાનો અવાજ  આવે છે.]

૦૭૮.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत।

क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति॥

[કઠોપનિષદ અધ્યાય-૧ વલ્લી-૩નો શ્લોકઃ ઊઠો જાગો તમારાથી ચડિયાતા જાણકારો પાસેથી જ્ઞાન મેળવો. કવિઓ (એટલે કે વિદ્વાનો) કહે છે કે જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ છરીની ધાર પર ચાલવા જેવો આકરો છે.]

૦૭૯.

उत्पद्यन्ते विलीयन्ते दरिद्राणां मनोरथाः।

[ગરીબ માણસને મનમાં ઇચ્છાઓ જાગતી રહે ને ભૂલાતી રહે. તેનું પરિણામ કંઈ ન આવે.]

૦૮૦.

उत्सवप्रियाः खलु मनुष्याः।

[કવિ કાલિદાસનું આ કથન છેઃ મનુષ્ય માત્રને તહેવાર માણવા ગમે છે.]

૦૮૧.

उत्सवे व्यसने चैव दुर्भिक्षे राष्ट्रविप्लवे ।

राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥

[ઉત્સવમાં, શોખમાં, દુકાળમાં, રાજપલટામાં, રાજદરબારમાં અને સ્મશાનમાં પણ સાથ આપે તેને મિત્ર કહેવાય.]

૦૮૨.

उत्साहो बलवानार्य नास्त्युत्साहात्परं बलम्।

सोत्साहस्य च लोकेषु न किंचिदपि दुर्लभम्॥

[ઉત્સાહમાં ખૂબ બળ હોય છે. ઉત્સાહથી વધુ મોટું બળ કોઈ નથી. એટલે ઉત્સાહી માણસો માટે કોઈ કામ અઘરું નથી.]

૦૮૩.

उदये सविता रक्तो रक्तश्चास्तमने तथा।

सम्पत्तौ च विपत्तौ च साधूनामेकरूपता॥

[ઊગતો સૂરજ લાલ રંગનો હોય છે, આથમતો સૂરજ પણ લાલ રંગનો જ હોય છે. સજ્જન માણસના રંગ ઢંગ સુખમાં કે દુ:ખમાં સરખા જ રહે છે -મહાભારત.]

૦૮૪.

उदारस्य तृणं वित्तं शूरस्य मरणं तृणं।

विरक्तस्य तृणं भार्या निस्पृहस्य तृणं जगत्॥

[ઉદાર માણસને ધનનું મહત્વ તણખલા જેટલું હોય છે, શૂરવીર માણસને મોત તણખલા જેટલું તુચ્છ લાગે છે, સંસારમાં રસ ન હોય તેવા માણસને પત્નીની કોઈ કીંમત હોતી નથી તો જે નિસ્પૃહી માણસ છે તેને આખું જગત તણખલા જેવું નકામું લાગે છે.]

૦૮૫.

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत्।

आत्मैव ह्यात्मनो बंधुः आत्मैव रिपुरात्मनः॥

[ભગવદ્ ગીતાનો ઉપદેશ છે કે બીજાનો આશરો ન લો. આત્માનો ઉદ્ધાર આત્મા વડે જ કરવો જોઈએ. આત્માની કદી અવનતિ થવા ન દેવી જોઈએ. આત્મા જ આત્માનો બંધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે.]

૦૮૬.

उद्यमस्साहसं धैर्यं बुद्धिश्शक्तिः पराक्रमः।

षडेते यत्र वर्तन्ते देवः तत्र सहायकृत्॥

[મહેનત, હિંમત, ધીરજ, અક્કલ, તાકાત અને કૂચકદમ એ છ ગુણ જ્યાં હોય ત્યાં નસીબના બારણાં આપમેળે ખૂલી જાય છે.]

૦૮૭.

उद्यमेन हि सिद्ध्यन्ति कार्याणि न मनोरथैः।

न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः॥

[માત્ર મનના ઘોડા દોડાવ્યે નહિ, મહેનત કરવાથી જ કામ થાય. સિંહ જો સૂતો રહે તો એના મોંમા શિકાર થવા હરણો સામેથી ન આવે. -હિતોપદેશ.]

૦૮૮.

उद्योगिनं पुरुष सिंहमुपैति लक्ष्मीः।

[મહેનત કરતા હોય તેવા પરાક્રમી પુરુષ પાસે જ લક્ષ્મી આવે છે.

०८९.

उपकारगृहीतेन शत्रुणा शत्रुमुध्दरेत्।

पादलग्नं करस्थेन कण्टकेनैव कण्टकम्॥

[શત્રુની મદદ લઈને શત્રુનો નાશ કરવો જોઈએ. પગમાં કાંટો લાગે તો બીજા કાંટાનો ઉપયોગ કરી કાઢી નખાય.]

०९०.

उपकारोऽपि नीचानां अपकारो हि जायते।

पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम्॥

[અધમ માણસ પર ઉપકાર કરો તો તેના બદલે અપકાર જ મળે. સાપને દૂધ પીવડાવો તો તેનું ઝેર ઓર વધે.]

०९१.

उपमा कालिदासस्य भारवेरर्थगौरवम्।

दण्डिनः पदलालित्यं माघे सन्ति त्रयो गुणाः॥

[ઉપમા કાલિદાસની વખણાય., શબ્દને અર્થગૌરવ અર્પવામાં ભારવિ બેજોડ છે. પદલાલિત્ય તો દણ્ડિ જેવું કોઈનું ન થાય. પણ માઘની કૃતિઓમાં આ ત્રણે વિશિષ્ટતા જોવા મળે છે.]

०९२.

उपाध्यायान्दशाचार्य आचार्याणां शतं पिता।

सहस्रं तु पितृन्माता गौरवेणातिरिच्यते॥

[એક શિક્ષક કરતાં આચાર્ય દશ ગણો મોટો લેખાય, એક પિતા સો આચાર્ય સમાન અને એક માતા હજાર પિતા બરાબર ગણાય.]

૦૯૩.

उष्ट्राणां विवाहेषु गीतं गायन्ति गर्दभाः।

परस्परं प्रशंसन्ति अहो रूपं अहो ध्वनिः॥

[ઊંટના લગ્નમાં ગધેડા ગીત ગાય છે અને બન્ને એક બીજાના વખાણ કરે કે વાહ શું તારું રૂપ છે ને વાહ શું તારો કંઠ છે !]

# એ-ઐ-ઓ-ઔ-અં-અઃ

૦૯૪.

एक एव खगो मानी चिरंजीवतु चातकम्।

म्रियते वा पिपासार्तो याचते वा पुरंदरम्॥

[હે ચાતક, તું અમર રહે. તું બધા પક્ષીમાં શ્રેષ્ઠ છે કારણ કે તું એક જ એવું પક્ષી છે જે તરસ લાગે ત્યારે માત્ર ઈન્દ્રદેવતા પાસે યાચના કરે છે અથવા મોત વહાલું કરે છે. (ચાતક માત્ર આકાશમાંથી પડતું પાણી પીએ છે. એ સિવાય અન્ય પાણી નહિ એવી એક દંતકથા છે.)]

૦૯૫.

एकं सद् विप्राः बहुधा वदन्ति।

अग्निं यमं मातरिश्वानम् आहुः॥

[આ જગતને ‘અલ્લા હો અકબર’નો પૈગામ મળ્યો તેના સેંકડો વર્ષ અગાઉ ઋગ્વેદ અને ઉપનિષદોમાં એ જ વાત ઘણી વખત કહેવાઈ ગઈ છે. આ વાત એટલે કે એક જ સત્ય એટલે કે એક જ ઈશ્વર છે. ફક્ત વિદ્વાનો તેને જુદા જુદા નામ આપે છે. અગ્નિ, યમ, માતરિશ્વા એટલે કે વાયુ એ બધું અંતે તો એકનું એક જ છે.]

૦૯૬.
एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना।
वासितं तद्वनं सर्वम् सुपुत्रेण कुलं यथा॥

[એક સુંદર પુષ્પ આખા ઝાડને સુગંધથી મઘમઘતું કરી દે છે. એવી જ રીતે એક સુપુત્રથી આખા કુટુમ્બનું નામ રોશન થઈ જાય છે.]

૦૯૭.
एकोऽहं बहु स्याम् प्रजायेय।

[ઈશ્વર કહે છેઃ હું એક છું પણ અનેક રૂપ ધારણ કરું છું.]

૦૯૮.
एको रसः करुण एव।

[બધા રસમાં કરુણ રસ મુખ્ય છે અને તે સ્થાયી છે. ભવભૂતિએ ઉત્તરરામચરિતમાં લખેલી આ ઉક્તિની યથાર્થતાની ચર્ચા સદીઓથી સાહિત્યકારો વચ્ચે થતી આવી છે. ]

૦૯૯.
अंगं गलितं पलितं मुण्डं दशनविहीनं जातं तुण्डम्।
वृद्धो याति गृहीत्वा दण्डं तदपि न मुञ्चत्याशापिण्डम्॥

[જગતગુરુ શંકરાચાર્યનો ઉપદેશઃ વૃદ્ધાવસ્થાથી શરીર જર્જરિત થઈ ગયું છે, માથાના વાળ સફેદ થઈ ગયા છે, દાંત પડી ગયા છે, લાકડીના ટેકે ચાલવું પડે છે છતાં આશાઓના-અપેક્ષાના બંધન હજી છૂટતા નથી.]

## ક

१००.

कन्या वरयते रुपं माता वित्तं पिता श्रुतम्।

बान्धवाः कुलमिच्छन्ति मिष्टान्नम् इतरेजनाः॥

[લગ્નની પસંદગીમાં કન્યા રૂપને, માતા સંપત્તિને, પિતા શિક્ષણને અને ભાઈઓ કુળને મહત્વ આપે છે. બાકીના બધાને તો મિષ્ટાનમાં શું ખાવા મળશે એ વાતમાં જ રસ હોય છે.]

१०१.

कराग्रे वसते लक्ष्मीः करमध्ये सरस्वती।

करमूले तु गोविन्दः प्रभाते करदर्शनम्॥

[કરના ઉપરના ભાગમાં લક્ષ્મી વસે છે, કરના વચ્ચેના ભાગમાં સરસ્વતી રહે છે તો કરના નીચેના ભાગમાં કૃષ્ણનો વાસ છે માટે સવારે ઊઠીને સૌથી પહેલા કરના દર્શન કરવા જોઈએ. લક્ષ્મીની ગણતરી આંગળી વડે કરાય એટલે લક્ષ્મી કરાગ્રે રહે છે, કલમ બે આંગળી અને અંગુઠા વચ્ચે પકડવી પડે એટલે સરસ્વતીનો નિવાસ કરમધ્યે લેખાય અને કરની બધી હિલચાલનો આધાર કાંડા પર રહે છે એટલે જગતનો નાથ કરમૂલમાં રહે છે એવું અર્થઘટન પણ કરવામાં આવે છે. અપના હાથ જગન્નાથ અર્થાત્ 'આપણો હાથ જ આપણો ભગવાન છે' એ કહેવત જેવો જ ધ્વનિ આ શ્લોકમાંથી ઉપસે છે.]

१०२.

कर्ता कारयिता चैव प्रेरकश्च अनुमोदकः।

सुकृते दुष्कृते चापि चत्वारः समभागिनः॥

[કોઈ કામ ભલે સારું હોય કે ખરાબ પણ તે કામ કરનાર, તે કામ કરાવનાર, તે કામની પ્રેરણા આપનાર અને તે કામનું સમર્થન કરનાર એ ચારે જણ તે કામના સરખા ભાગીદાર ગણાય.]

१०३.
कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥

[ભગવદ્ ગીતામાં ભગવાનનો ઉપદેશઃ  તારો અધિકાર ફક્ત કર્મ કરવા પૂરતો છે. એ કર્મનું ફળ શું મળશે એ તારા હાથની વાત નથી. એટલે તારું મન તું કર્મના ફળ પર ક્યારે ય કેન્દ્રિત કરીશ નહિ અને કર્મ ન કરવા તરફ કદી આસક્તિ રાખીશ નહિ.]

१०४.
क्वचिद्भूमौ शैया क्वचिदपि च पर्यङ्कशयनः
क्वचित् शाकाहारी क्वचिदपि च शाल्योदनरुचि।
क्वचित् कन्थाधारी क्वचिदपि च दिव्याम्बर धरः
मनस्वी कार्यारथी न गणयति दुःखं न च सुखम्॥

[ભર્તૃહરિકૃત નીતિશતકનું આ કથન છે. મનની મોજ માટે કામ કરતા માણસોને દુઃખની કે સુખની કોઈ પરવા હોતી નથી. ભોંય પર સૂવું પડે કે સુવા માટે આરામદાયક પલંગ મળે, ભાજી ખાવી પડે કે સુગંધી ભાતનું ભોજન  મળે, ચીંથરેહાલ કપડાં હોય કે ભવ્ય પોષાક પહેરવા મળે -આ બધાથી તેને કોઈ ફરક પડતો નથી.]]

१०५.
कविः करोति काव्यानि स्वाद जानान्त पण्डिताः।
सुन्दर्या अपि लावण्य पतिर्जानाति नो पिता॥

[કવિ ભલે કાવ્ય રચે પણ તેનો સાચો સ્વાદ કાવ્યરસિક જ જાણે જેમ સુંદરીના લાવણ્યને પતિ જાણી શકે, પિતા નહિ.]

१०६.

कविः करोति पद्यानि लालयत्युत्तमो जनः ।

तरु प्रसूते पुष्पानि मरुद्वहति सौरभम् ॥

[કવિ ભલે પદ્યરચના કરે પણ તેનું લાલન-પાલન તેના ચાહકો કરે છે. પુષ્પલતા પર ભલે ફૂલ બેસે પણ તેની સુંગધનું વહન તો પવન જ કરે છે.]

१०७.

कस्यैकान्तं सुखम् उपनतं दु:खम् एकान्ततो वा।

नीचैर् गच्छति उपरि च दशा चक्रनेमिक्रमेण॥

[કાલિદાસના મેઘદૂત કાવ્યમાં આ તત્વજ્ઞાન પીરસાયું છે: કોને જીવનમાં સતત સુખ મળે કે સતત દુ:ખ મળે છે? ચક્રાકારે ફરતી વસ્તુમાં જેમ ઉપરનો ભાગ નીચેના ભાગનું સ્થાન લે અને નીચેનો ભાગ ઉપરના ભાગનું સ્થાન લે તેમ સુખ અને દુ:ખ એક બીજાના સ્થાને સતત આવતા જ રહે છે.]

१०८.

काकः आह्वायते काकान् याचको न तु याचकान्

काक-याचकयोर्मध्ये वर काको न याचकः॥

[કાગડા અને ભિક્ષુક એ બન્નેની સરખામણી કાગડો વધુ સારો કેમકે ખાવાનું જોઈને એક કાગડો બીજા કાગડાઓને બોલાવશે પણ એક ભિક્ષુક ભાગ્યેજ બીજા ભિક્ષુકને સાદ પાડશે. માણસજાત અને કાગડામાં આ ફરક છે.]

૧૦૯.

काकः कृष्णः पिकः कृष्णः को भेदः पिककाकयोः।

वसन्तसमये प्राप्ते काकः काकः पिकः पिकः॥

[કાગડો કાળો હોય છે, કોયલ પણ કાળી હોય છે. બન્ને વચ્ચે ફરક શું છે ? વસંત ઋતુ આવે કાગડાનું કાગડાપણું અને કોયલનું કોયલપણું આપમેળે પરખાઈ આવે છે.]

૧૧૦.

काकचेष्टा वकोध्यानं श्वाननिद्रा तथैव च।

अल्पहारी गृहत्यागी विद्यार्थी पंचलक्षणम्॥

[સાચા વિદ્યાર્થીના આ પાંચ લક્ષણ છે: કાગડા જેવી ચકોર નજર, બગલા જેવું પાકું ધ્યાન, શ્વાન જેવી અલ્પ નિદ્રા, ઓછો આહાર અને ઘરની માયાનો ત્યાગ.]

૧૧૧.

काकस्य कति दन्ता वा मेषस्याण्डे कियत्पलम्।

गदर्भे कति रोमाणि व्यर्थैषा विचारणा॥

[કાગડાની ચાંચમાં દાંત કેટલાં છે? દેડકાએ ઈંડા કેટલાં મૂક્યાં છે? ગધેડાના શરીર પર વાળ કેટલાં છે ? આવી તદ્દન વ્યર્થ ગણતરીઓ કર્યા કરવાનો કોઈ મતલબ નથી.]

૧૧૨.

कान्तावियोगः स्वजनापमानं ऋणस्य शेषं कुनृपस्य सेवा।

दारिद्र्यभावाद् विमुखं च मित्रं विनाग्निना पञ्च दहन्ति कायम्॥

[પ્રિય વ્યક્તિનો વિયોગ, સ્વજન પાસેથી મળેલું અપમાન, ચૂકવવું બાકી રહેતું દેવું, ખરાબ માલિકની નોકરી અને ગરીબાઈના કારણે મિત્ર ખોઈ બેસવો એ પાંચ વસ્તુ એવી છે કે જે તમને અગ્નિ વિના સતત બાળતી રહે.]

૧૧૩.

कान्पृच्छामः सुराः स्वर्गे निवसामो वयं भुवि।

किं वा काव्यरसः स्वादुः किंवा स्वादीयसि सुधा॥

[અમારે પૂછવું કોને ? અમૃત પાન કરનારા દેવ બધા સ્વર્ગમાં છે અને અમે ધરતી પર. અમારે માત્ર એટલું જાણવું છે કે વધુ સ્વાદમય શું છે ? કાવ્યરસ કે અમૃત ?]

૧૧૪.

कार्यार्थीर् भजते लोकः यावत्कार्यम् न सिध्यति।

उत्तीर्णे च परे पारे नौकाया किं प्रयोजनम्॥

[જ્યાં સુધી ધારેલું કામ નીકળી ન જાય ત્યાં સુધી માણસ બીજાને ભજે છે. એક વખત નદી પાર ઉતરી ગયા પછી હોડીનો કોણ ભાવ પૂછે છે ?]

૧૧૫.

कार्येषु मन्त्री करणेषु दासी भोज्येषु माता शयनेषु रम्भा।

धर्मानुकूला क्षमया धरित्री भार्या च षाड्गुण्यवतीह दुर्लभा॥

[મહત્વના કામમાં મદદનીશ, ઘરના કામમાં નોકરાણી, ભોજન કરાવવામાં માતા, સહશયનમાં અપ્સરા, ધર્મની બાબતમાં સહધર્મિણી અને ધરતી જેટલી ક્ષમાશીલ આ છ ગુણ ધરાવતી પત્ની મળવી દુર્લભ છે.]

૧૧૬.

काले मृदुर् यो भवति काले भवति दारुणः।

स वै सुखम् अवाप्नोति लोकेऽमुष्मिन्न् इहैव च॥

[જે માણસ સમય આવ્યે મૃદુ બની શકે અને સમય આવ્યે આકરો બની શકે તે જ આ લોકમાં સુખી થઈ શકે.]

૧૧૭.

कालो वा कारणं राज्ञः राजा वा कालकारणं।

इति ते संशयो मा भूत् राजा कालस्य कारणम्॥

[સૂચિત અર્થ: તમે જે કંઈ છો તે સંજોગોને કારણે છો કે તમારી આજુબાજુ જે સંજોગો છે તે તમારે કારણે છે-આવી કોઈ શંકા મનમાં રાખશો નહિ. તમારા સંજોગો તમારા કારણે જ છે. તમે જ તેના સ્વામી છો. સમયના કારણે રાજા નથી રાજાના કારણે સમય છે.]

૧૧૮.

काव्यं करोति सुकविः सहृदय एव व्यनक्ति तत्त्वम् ।

रत्नं खनिः प्रसूते रचयति शिल्पि तो तत्सुषमाम् ॥

[જેમ ખાણમાંથી મળેલા રત્નને લોકો આકર્ષક બનાવી મૂલ્યવાન આભૂષણ બનાવે છે તેમ એક સારો કવિ કવિતા લખે પછી કવિતાપ્રેમી સજ્જનો એ કવિતાને સુંદર રીતે શણગારી ઘર ઘર પહોંચાડે છે.]

૧૧૯.

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम्।

व्यसनेन तु मूर्खाणां निद्रया कलहेन वा॥

[બુદ્ધિમાન માણસનો સમય કાવ્ય, સાહિત્ય ને શાસ્ત્રની ચર્ચામાં સારી રીતે પસાર થાય છે. જ્યારે મૂર્ખ માણસ વ્યસનના સેવનમાં, ઊંઘવામાં કે ઝગડા કરવામાં પોતાનો સમય વેડફે છે -પંચતંત્ર.]

૧૨૦.
काव्येषु नाटकं रम्यं तत्र रम्यं शकुन्तला।

तत्रापि च चतूर्थोऽङ्को तत्र श्लोकचतुष्टयम्॥

[બધા કાવ્યોમાં નાટક સૌથી સરસ ગણાય, બધા નાટકમાં અભિજ્ઞાન શાકુંતલમ્ નાટક વધુ સરસ છે. શાકુંતલમ્માં તેનો ચોથો અંક સૌથી સરસ છે અને ચોથા અંકમાં તેના ચાર શ્લોક સૌથી સરસ છે.]

૧૨૧.
किं वाससा इत्यत्र विचारणीयं वासः प्रधानं खलु योग्यतायै।

पीताम्बरं वीक्ष्य ददौ स्वकन्यां दिगम्बरं वीक्ष्य विषं समुद्रः॥

[કપડાંથી શું થઈ શકે એ વિચારવા જેવી વાત છે. યોગ્યતા માપવાનું સૌથી મહત્વનું સાધન કપડા છે. વિષ્ણુનું સુંદર પીતામ્બર જોઈ રત્નાકરે પોતાની પુત્રી તેને આપી જ્યારે દિગમ્બર શિવજીને જોઈને ઝેરનો કટોરો ધર્યો !]

૧૨૨.
किम् अशक्यं बुद्धिमतां किम् असाध्यं निश्चयं दृढं दधताम्।

किम् अशक्यं प्रियवचसां किम् अलभ्यंम् इहोद्यमस्थानाम्॥

[જેમની પાસે બુદ્ધિ છે તેમના માટે કશું અશક્ય નથી. જેમનો નિશ્ચય દ્રઢ છે તેમના માટે કશું અસાધ્ય નથી. જેમની વાણી મીઠી છે તેઓ કોઈ પણ કામ કરાવી શકે છે. જેઓ ઉદ્યમશીલ છે તેમના માટે કોઈ વસ્તુ અલભ્ય નથી.]

૧૨૩.
कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः।
एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे॥

[ઈશોપનિષદનું આ કથન છે. આ જગતમાં કર્મ કરતાં કરતાં સો વરસ જીવવાની ઈચ્છા રાખવી જોઈએ. આમ કરનારા મનુષ્યોને કર્મના બંધનનો લેપ લાગતો નથી.]

૧૨૪.
कुलस्यार्थे त्यजेदेकम् गाम्स्यार्थे कुलम्त्यजेत्।
गामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीम् त्यजेत्॥

[મનુસ્મૃતિ અનુસાર કુળના ભલા માટે એકાદ વ્યક્તિને ત્યજવી, ગામના ભલા માટે કુળને ત્યજવું, જનપદ એટલે કે મોટા વિસ્તારના ભલા માટે ગામને ત્યજવું અને આત્માના ઉદ્ધાર માટે સમગ્ર પૃથ્વી ત્યજવી ઈચ્છનીય છે.]

૧૨૫.
कुसुमं वर्णसंपन्नंगन्धहीनं न शोभते।
न शोभते क्रियाहीनं मधुरं वचनं तथा॥

[પુષ્પ રંગમાં ભલે ગમે તેટલું સારું હોય પણ સુગંધ વિનાનું હોય તો તે શોભે નહિ. તે જ રીતે અમલમાં ન મૂકવાના હોય તેવા મીઠા વચનો શોભતા નથી.]

૧૨૬.

केयूराणि न भूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वलाः

न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजाः।

वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते

क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥

[માણસ શોભે શેનાથી? હાથમાં પહેરેલા સુંદર બાજુબંધથી? ગળામાં પહેરેલા ચંદ્રસમા ઊજળા હારથી? સ્નાનથી મળતી સ્વચ્છતાથી? દેહ પર લગાડેલા વિલેપનથી? પુષ્પોથી? વાળની સરસ ગૂંથણીથી? હા, શોભાની આ બધી ચીજો જરૂર સારી લાગે છે પણ તેનાથી અનેકગણી ચડિયાતી શોભા તેના મુખમાંથી નીકળતી સંસ્કારી વાણીની છે. સંસ્કારપૂર્ણ વાણીની શોભા પાસે અન્ય બધી શોભા ઝાંખી પડી જાય છે -ભર્તૃહરિકૃત નીતિશતક.]

૧૨૭.

को न याति वशं लोके मुखे पिण्डेन पूरितः।

मृदङ्गो मुखलेपेन करोति मधुरध्वनिम्॥

[ખવડાવો તો કોણ તમારા વશમાં ન આવે ? મૃદંગના એટલે કે ઢોલના મોઢે લેપ કરો તો તેમાંથી પણ મધુર અવાજ આવવો શરૂ થઈ જાય છે.]

૧૨૮.

को हि भारः समर्थानां किम् दूरं व्यवसायिनाम्।

को विदेशः सविद्यानां कः परः प्रियवादिनाम्॥

[તાકાતવર માણસને બોજ ઉપાડવો ભારે ન પડે. ધંધો કરતો હોય તેને કોઈ સ્થળ દૂર ન લાગે. જેની પાસે વિદ્યા હોય તેને દેશ કે પરદેશ સરખાં જ લાગે. જે સરસ મીઠી વાતો કરે તેને કોઈ પારકું ન રહે.]

૧૨૯.

कोलाहले काककुलस्य जाते विराजते कोकीलकूजितं किम्।

परस्परं संवदतां खलानां मौनं विधेयं सततं सुधीभिः ॥

[જ્યાં કાગડાઓ કાં કાં કરતા હોય ત્યાં કોયલની સુરાવલિ બંધ થઈ જાય છે. જ્યાં દુષ્ટ માણસોના ઝગડા ચાલતા હોય ત્યાં ડાહ્યા માણસોએ મૌન રહેવું જોઈએ.]

१३०.

कृतस्य करणं नास्ति मृतस्य मरणं तथा।

गतस्य शोचना नास्ति ह्येतद् वेदविदां मतम्॥

[જે કામ થઈ ગયું તે થઈ ગયું. તે કામ નથી થયું એવું થઈ શકતું નથી. જેમકે કોઈનું મરણ થઈ જાય તે થઈ જાય તો તેને પાછું પલટાવી શકાય નહિ. એટલે જ વેદના જાણકારોનો મત છે કે વીતી ગયેલી વાતનો શોક કરવો ન જોઈએ.]

१३१.

कृपणेन समो दाता न भूतो न भविष्यति।

अस्पृशन्नेव वित्तानि यः परेभ्यः प्रयच्छति॥

[કૃપણ જેટલો મોટો દાનવીર આ જગતમાં થયો નથી અને થશે નહિ કેમકે કૃપણ પોતાનું બધું ધન આખી જિંદગી સુધી હાથથી સ્પર્શ પણ કર્યા વિના સાચવી રાખીને બીજાને આપી દે છે.]

१३२.

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः।

स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति॥

[ભગવત ગીતાના આ શ્લોકમાં ભગવાન અર્જુનને ઉપદેશ આપતા સમજાવે છે કે ક્રોધથી ભાન ભૂલી જવાય છે. ભાન ભૂલેલા માણસને યાદ રાખવા જેવી વાતો યાદ આવતી નથી. આ વિસ્મૃતિને કારણે મગજ કામ કરતું નથી અને જેનું મગજ કામ ન કરે તેનું સાવ ધનોતપનોત નીકળી જાય છે.]

૧૩૩.

कः कालः कानि मित्राणि को देशः को व्ययागमौ।

कस्याहं का च मे शक्तिरिति चिन्त्यं पुनः पुनः॥

[અત્યારે સંજોગો કેવા છે, કોણ મારા મિત્રો છે, હું ક્યા વિસ્તારમાં રહું છું, મારી આવક અને ખર્ચ કેટલા છે, હું કોણ છું, અને મારી શક્તિ કેટલી છે - આ છ બાબતો દરેક માણસે ફરી ફરી જોતાં રહેવું જોઈએ.]

## ખ

૧૩૪.

खद्योतो द्योतते तावद् यवन्नोदयते शशी।

उदिते तु सहस्रांशौ न खद्योतो न चन्द्रमा:॥

[ જ્યાં સુધી ચંદ્રમા ઊગતો નથી ત્યાં સુધી આગિયો ચમકે છે. એક વખત સૂરજ ઊગે પછી ન તો ચંદ્રનો કોઈ ભાવ પૂછે કે ન તો આગિયાનો કોઈ પત્તો લાગે છે.]

૧૩૫.

खलः करोति दुर्वृत्तं नूनं फलति साधुषु।

दशाननोऽहरत् सीतां बन्धनं तु महोदधेः॥

[એવું ઘણી વખત બને છે કે કોઈ ખરાબ માણસ ખોટું કામ કરે પણ તેનું ખરાબ પરિણામ સારા માણસે વેઠવું પડે. દશ માથાવાળો રાવણ સીતાનું હરણ કરી ગયો પણ બંધન સમુદ્રને વેઠવાનો વારો આવ્યો.]

૧૩૬.

खलः सर्षपमात्राणि परच्छिद्राणि पश्यति।

आत्मनः बिल्वमात्राणि पश्यन् अपि न पश्यति॥

[ખરાબ માણસોને બીજાનાં રાઈના દાણા જેવડા નાના દુર્ગુણ પણ ચોખ્ખા દેખાય છે પરંતુ પોતાના દુર્ગુણો મોટા પહાડ જેવડા હોય તો પણ દેખાતા નથી.]

# ગ

૧૩૭.

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत् ।

वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

[જે ઘટના ભૂતકાળમાં થઈ ચૂકી તેનું દુઃખ મનમાં રાખવું નહિ કે જે ભવિષ્યમાં થનાર છે તેનો મગજ પર ભાર ન રાખવો. ડાહ્યો માણસ અત્યારની પરિસ્થિતિ શું છે તે ધ્યાનમાં રાખીને જ જીવન જીવે. ]

૧૩૮.

गहना कर्मणो गतिः ।

[કર્મની ગતિ ગહન છે. સમજી શકાતી નથી.]

૧૩૯.

गुणवज्जनसंसर्गात् याति नीचोऽपि गौरवम्।

पुष्पमालाप्रसङ्गेन सूत्रम् शिरसिधार्यते॥

[ગુણવાન માણસોના સંસર્ગમાં રહેવાથી ઓછી લાયકાતવાળા માણસોને પણ ગૌરવ મળી જાય છે. પુષ્પમાળામાં રહેવાને કારણે સાધારણ દોરાને પણ ગળામાં માનભર્યું સ્થાન મળે છે.]

૧૪૦.

गुणवन्त क्लिश्यन्ते प्रायेण भवन्ति निर्गुणा सुखिनः ।

बन्धनमायान्ति शुका यथेष्टसंचारिण काका ॥

[એવું ઘણી વખત જોવા મળે કે ગુણવાન થવું મુસિબત નોતરે છે જ્યારે ગુણવિહિનોને કોઈ તકલીફ વેઠવી પડતી નથી જેમકે મીઠું બોલતા પોપટને પિંજરે પૂરાવું પડે છે જ્યારે કાગડાઓ મન ફાવે ત્યાં ઊડતા રહી ગાયા કરે છે! ]

१४१.

गुणैरुत्तमतांयाति नोच्चैरासनसंस्थितः।

प्रासादशिखरस्थोपि काकः किं गरुडायते॥

[કોઈ પણ માણસની લાયકાત તે ક્યા સ્થાને બિરાજે છે તેના પરથી નહિ પણ તેના ગુણો કેવાં છે તે આધારે જ અંકાય. કોઈ કાગડો ઊડીને ઊંચા મહેલના શિખર પર બેસી જાય એટલે તે ગરુડ થોડો થઈ જાય ?]

# ઘ

१४२.

घटं भिन्द्यात् पटं छिन्द्यात् कुर्याद्रासभरोहणम्।

येन केन प्रकारेण प्रसिद्धः पुरुषो भवेत्॥

[ઘરના વાસણ ફોડીને, પોતે પહેરેલા કપડાં ફાડીને, ગધેડા ઉપર સવારી કરીને કે એક યા બીજી કોઈ રીતે (પ્રસિદ્ધિ ભૂખ્યા) માણસો પ્રસિદ્ધિ મેળવે છે જ.]

१४३.

घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धम्।

छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादु चैवेक्षुकाण्डम्।

दग्धं दग्धं पुनरपि पुनः काञ्चनं कान्तवर्णम्।

प्राणान्तेऽपि हि प्रकृतिविकृतिर्जायते नोत्तमानाम्॥

[ચંદનને ગમે તેટલી વાર ઘસો પણ તે દરેક વખતે મનોહર સુગંધ જ આપશે. શેરડીમાં ગમે તેટલાં કાપા મૂકો પણ દરેક વખતે તેનો રસ મીઠો ને મીઠો જ રહેશે, સોનાને ચાહે તેટલી વાર તપાવો પણ તેનો સોનેરી રંગ ઝાંખો પડશે નહિ. જે ઉત્તમ પ્રકૃતિ ધરાવતા હોય તેઓ મરી જાય પણ કદી પોતાની ઉત્તમ પ્રકૃતિને ન છોડે.]

# ચ

૧૪૪.

चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च।

नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण॥

[સુખ-દુઃખ વારાફરતી આવ્યા જ કરે છે. ગોળ ગોળ ફરતા ચકડોળમાં જેમ જે નીચે હોય તે ઉપર આવે અને જે ઉપર હોય તે નીચે જાય તેવું જ સુખદુઃખનું છે. એ ચક્ર ચાલતું જ રહે છે.]

૧૪૫.

चरैवेति चरैवेति।

[ચાલતા રહો, ચાલતા રહો, ચાલતા રહેવામાં જ કલ્યાણ છે. ઐતરેય બ્રાહ્મણ ગ્રંથમાં અપાયેલા ચરૈવેતિ ચરૈવેતિ સૂત્રના મૂળ પાંચ સુંદર શ્લોક આ પ્રમાણે હોવાનું મનાય છેઃ

१-ॐ नाना श्रान्ताय श्रीरस्ति, इति रोहित शुश्रुम।

पापो नृषद्वरो जन, इन्द्र इच्चरतः सखा। चरैवेति चरैवेति॥

२- पुष्पिण्यौ चरतो जंघे, भूष्णुरात्मा फलग्रहिः।

शेरेऽस्यसवेर् पाप्मानः श्रमेण प्रपथे हताः। चरैवेति चरैवेति॥

३- आस्ते भग आसीनस्य, ऊर्ध्वर्स्तिष्ठति तिष्ठतः।

शेते निपद्यमानस्य, चराति चरतो भगः। चरैवेति चरैवेति॥

४- कलिः शयानो भवति, संजिहानस्तु द्वापरः।

उत्तिष्ठँस्त्रेताभवति, कृतं संपद्यते चरन्। चरैवेति चरैवेति॥

५- चरन् वै मधु विन्दति, चरन् स्वादुमुदुम्बरम्।
सूयर्स्यपश्य श्रेमाणं योर्न तन्द्रयते चरन्। चरैवेति चरैवेति॥ ]

૧૪૬.
चिता प्रज्वलिता दृष्ट्वा वैद्यो विस्मयागतः ।
नाहं गतो न मे भ्राता कस्येद् हस्तलाघवम् ॥

[વૈદ-દાક્તરો માટે આ જમાના-જૂનો આકરો કટાક્ષ છે. એક શબને અગ્નિદાહ અપાતો જોઈ વૈદને નવાઈ લાગે છે કે આ માણસના ઘરે ન તો હું કે ન તો મારો કોઈ ભાઈ ગયો છે, તો પછી  તેને યમસદન કોણે પહોંચાડ્યો હશે ?]

૧૪૭.
चिन्तनीया हि विपदां आदावेव प्रतिक्रिया।
न कूपखननं युक्तं प्रदीप्ते वान्हिना गृहे॥
[સંકટ આવે તે પહેલા જ તેનો ઈલાજ વિચારી રાખવો જોઈએ. આગ લાગે પછી કૂવો ખોદવા ન બેસાય.]

# ૬૭

૧૪૮.
छिन्नोऽपि रोहति तरुः क्षीणोऽप्युपचीयते पुनश्चन्द्रः।
इति विमृशन्तः सन्तः सन्तप्यन्ते न विप्लुता लोके॥

[ભર્તુહરિના નીતિશતકનો આ શ્લોક છે: વૃક્ષને કાપો તો તે ફરી ફરી વધે છે. ચંદ્ર ક્ષીણ થયા પછી પાછો વધતો જાય છે. આ બધી વાત યાદ રાખી સંત માણસો દુ:ખમાં પણ સંતાપ પામતા નથી.]

# જ-ઝ

૧૪૯.

जयन्तु ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः।

नास्ति एषां यशः काये जरामरणजं भयम्॥

[સુંદર કૃતિઓ રચનારા, ઉરના ઊંડા ભાવને શબ્દમાં ઉતારી રસ સિદ્ધ કરનારા અને કવિઓ પણ જેને ઉત્તમ ગણે એવા મહાકવિઓનો જય હો. તેમની કીર્તિરૂપી કાયાને વૃદ્ધાવસ્થા કે મરણનો કોઈ ભય નથી -ભર્તૃહરિકૃત નીતિશતક.]

૧૫૦.

जलात् रक्षेत् तैलात् रक्षेत् रक्षेत् शिथिलबन्धनात् ।

मूर्खहस्ते न दातव्यं इति वदति पुस्तकं ॥

[એક ચોપડી તેના વાંચકને કહે છે; હે ભાઈ મારી રક્ષા કરજે. મને પાણીમાં ભીંજાવાથી, તેલના ડાઘાડૂઘીથી અને પાનેપાને છૂટા પડી જવાથી બચાવજે. અને ભાઈ, ભૂલેચૂકે મને કોઈ મૂરખ માણસના હાથમાં તો ક્યારેય મૂકતો જ નહિ!]

૧૫૧.

जले तैलं खले गुह्यां पात्रे दानं मनागपि।

प्राज्ञे शास्त्रं स्वयं याति विस्तार वस्तुशक्तित:॥

[ઘણી બાબતો તેના મૂળભૂત ગુણધર્મને કારણે આપમેળે વિસ્તાર પામે છે. જેમકે પાણીની ઉપર નાખેલું તેલ, દુષ્ટ માણસને કહેવામાં આવેલી ખાનગી વાત, સુપાત્રને આપેલું નાનું સરખું દાન, ડાહ્યા માણસને મળેલું જ્ઞાન, આ બધું આપમેળે ફેલાયા કરે છે.]

१५२.

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।

तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि॥

[ભગવદ્ ગીતાનો ઉપદેશ: જે માણસ જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. જેમનું મરણ થાય તેનો ફરી જન્મ થાય છે. આ વાતને કોઈ માણસ કોઈ કાળે ટાળી શકે નહિ. આવી અનિવાર્ય બાબતનો હરખશોક રાખવો ન જોઈએ.]

१५३.

जानामि धर्मं न च मे प्रावृत्ति:।

जानाम्यधर्मं न च मे निवृत्ति:॥

[મહાભારતમાં દુર્યોધન દ્વારા બોલાયેલું પ્રસિદ્ધ વાક્ય. એવું નથી કે ધર્મ શું છે, અધર્મ શું છે તેની મને ખબર નથી. પણ જાણવા છતાં હું ધર્મના માર્ગે કદમ મૂકી શકતો નથી અને અધર્મના માર્ગેથી પાછો હઠી શકતો નથી.]

१५४.

जानामि नागेन्द्र तव प्रभाव कण्ठे स्थितो गर्जति शंकरस्य।

*स्थानं प्रधानं न बल प्रधानं* स्थाने स्थितो कापुरुषः अपि शूरः॥

[ગરુડ શંકરના કંઠે વિંટળાયેલા નાગને કહે છે: તારી તાકાતની મને ખબર છે. તું શંકરના કંઠે બેસીને ફૂંફાળા મારી રહ્યો છે. મહત્વ સ્થાનનું છે બળનું નહિ. ઊંચી પદવી પર બેઠેલો કાયર પણ શૂરવીર ગણાય.]

૧૫૫.

जिह्वां क्वचित् संदशति स्वदद्भिः तद्वेदनायां कतमाय कुप्येत्।

[શ્રીમદ્ ભાગવતની (૧૧-૨૩-૫૧) આ બહુ સમજવા જેવી વાત છે. જો આપણા દાંતથી આપણી જીભ કચડાઈ જાય તો સજા કોને કરવી? દાંતને સજા કરી શકાય? ના. આથી જ જેમને આપણે આપણા સ્વજન માનીએ છીએ આપણા પોતાના માનીએ છીએ- તેમના અપરાધો આપણે નજર અંદાજ કરવા રહે છે.]

૧૫૬.

जीवो जीवस्य जीवनम्।

[આ એક કડવી વાસ્તવિકતા છે. આ જગતમાં દરેક જીવનું જીવન બીજા જીવને આધારે જ ચાલે છે.]

૧૫૭.

ज्येष्ठत्वं जन्मना नैव गुणैर्ज्येष्ठत्वमुच्यते।

गुणात् गुरुत्वमायाति दुग्धं दधि घृतं क्रमात्॥

[મહાનપણું જન્મથી મળતું નથી. ધીમે ધીમે ગુણોના સંચય વડે મહાન થવાય છે. ઘીનો જ દાખલો લો. ઘી સીધું બનતું નથી. દૂધનું દહીં, છાશ, માખણ થયા પછી છેવટે ઘી બને છે.]

# ટ-ઠ-ડ-ઢ-ણ-ત-થ

૧૫૮.

तत् कर्म यत् न बन्धाय सा विद्या या विमुक्तये।

आयासाय अपरं कर्म विद्या अन्या शिल्पनैपुणम्॥

[વિષ્ણુપુરાણનું આ કથન છે. એનો ભાવાર્થ એ છે કે જે કર્મ મનુષ્યને (ભવના)બંધનમાં ન બાંધે તે સાચું કર્મ છે. જે વિદ્યા (ભવના) બંધનમાંથી મુક્તિ અપાવે તે સાચી વિદ્યા છે. તે સિવાયના બાકીના કર્મ તો માત્ર કષ્ટનું કારણ બને છે અને તે સિવાયની બાકીની વિદ્યા ફક્ત શોભાના ગાંઠીયા જેવી છે.]

૧૫૯.

तत्त्व किमपि काव्याना जानाति विरलो भुवि ।

मार्मिकः को मरन्दानामन्तरेण मधुव्रतम् ॥

[કાવ્ય સાહિત્યનો સાચો રસ માણી શકે તેવા રસિકો બહુ જૂજ હોય છે. પુષ્પોમાં રહેલી મીઠાશને મધમાખી સિવાય કોણ ઓળખી શકે છે?]

૧૬૦.

तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके।

तदन्तरस्य सर्वस्य तदु सर्वस्य बाह्यतः॥

(ઈશાવાસ્યોપનિષદ)

[પ્રભુ છે ભમતા ને છતાં સ્થિર
 અનંત અંતરે  ને સાવ નજીક
 વ્યાપ્યા છે  કણેકણની ભીતર
 છતાં છે સર્વની બહાર સંપૂર્ણ]

૧૬૧.

तदेतत् क्षन्तव्यं जननि सकलोद्धारिणि शिवे।

कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति॥

[શંકરાચાર્યે લખેલા દેવી અપરાધ ક્ષમાપના સ્તોત્રનો સુંદર શ્લોકઃ હે સર્વનો ઉદ્ધાર કરનારી કલ્યાણકારી દેવી, મારા બધા અપરાધની ક્ષમા આપજે કેમકે ક્યારેક પુત્ર કુપુત્ર બને છે પણ માતા કદી કુમાતા બનતી નથી.]

૧૬૨.

तावत् भयस्य भेतव्यं यावत् भयं न आगतम्।

आगतं हि भयं वीक्ष्य प्रहर्तव्यं अशंकया॥

[પંચતંત્રમાં અપાયેલી સોનેરી સલાહ: જ્યાં સુધી ભય સામે ન આવે ત્યાં સુધી ભયથી ડરવું જોઈએ ને એનાથી દૂર રહેવું જોઈએ પણ એક વખત ભય સામે આવીને ઊભો રહે કે તુરંત અચકાયા વિના તેના પર પ્રહાર કરવો જોઈએ.]

૧૬૩.

ते हि नो दिवसा गताः।

[ તે દિવસો ગયા જ. ભગવાન રામનો વિષાદયોગ વર્ણવવા ભવભૂતિએ રામના મુખમાં મૂકેલા શબ્દો. ઉત્તરરામચરિતનો આખો શ્લોક આ પ્રમાણે છે.

*जीवत्सु तातपादेषु नवे दारपरिग्रहे ।*

*मातृभिश्चिन्त्यमानानां ते हि नो दिवसा गताः ॥१२॥*

હું પિતાજીના ચરણમાં જીવતો હતો, નવા નવા લગ્ન થયા હતા. મારી માતાઓની સંભાળ રાખતો હતો. તે દિવસો ગયા જ. ભવભૂતિની આ કૃતિ અનેક રીતે અદ્દભુત છે. ભગવાન રામ માટે ચંડાળ શબ્દ વાપરવાની હિમ્મત ભવભૂતિ જેવા કવિ જ કરી શકે. ઉત્તરરામચરિત ગ્રંથમાં સીતાત્યાગના પ્રસંગને ભગવાન રામે પોતાના ચાંડાલકર્મ તરીકે ઓળખાવ્યો છે. ]

૧૬૪.

त्यजन्ति मित्राणि धनैर्विहीनं पुत्राश्च दाराश्च सज्जनाश्च।

तमर्थवन्तं पुनराश्रयन्ति अर्थो हि लोके मनुषस्य बन्धुः॥

[જ્યારે તમારી પાસે ધન ન હોય ત્યારે તમને તમારા મિત્ર, પુત્ર, પત્ની, નજીકના સગાવહાલા બધા છોડીને ચાલ્યા જાય છે. જો તમારી પાસે ધન આવે તો તેઓ તમારી પાસે પાછા આવે છે. આ જગતમાં તમારો સાચો સાથીદાર પૈસો જ છે.]

१६५.

त्यजेत् क्षुधार्ता जननी स्वपुत्रं खादेत् क्षुधार्ता भुजगी स्वमण्डम्।

बुभुक्षितः किं न करोति पापं क्षीणा जना निष्करूणा भवन्ति॥

[આચાર્ય વિષ્ણુગુપ્ત ચાણક્યે સેંકડો વર્ષ પૂર્વે લખેલો જગતની કઠોર વાસ્તવિકતાનું નિરૂપણ કરતો આ શ્લોક આજે પણ એટલો જ આંખ ઉઘાડનારો છેઃ ભૂખના દુઃખની મારી જનેતાને ઘણી વખત પોતાનું સંતાન ત્યાગી દેવાની ફરજ પડે છે. ભૂખી થયેલી સાપણ પોતાના બચ્ચાઓને પણ ખાઈ જાય છે. ભૂખ્યો માણસ ક્યું પાપ ન કરે ? જે માણસમાં શક્તિ ન રહે તે સાવ નિષ્ઠુર ને દયાવિહોણો થઈ જાય.]

१६६.

त्यजेद् धर्मं दयाहीनं विद्याहीनं गुरुं त्यजेत्।

त्यजेत् क्रोधमुखीं भार्यां निःस्नेहान् बान्धवांस् त्यजेत्॥

[જેમાં દયાને સ્થાન ન હોય તેવો ધર્મ છોડી દેવો જોઈએ. જેની પાસે વિદ્યા ન હોય તેવા ગુરુનો ત્યાગ કરવો જોઈએ. સદા ક્રોધ કરતી પત્નીને છોડવી જોઈએ અને આપણા માટે સ્નેહભાવ ન ધરાવતા ભાઈને વહેતો મૂકી દેવો જોઈએ.]

१६७.

त्रियाचरित्रं पुरुषस्य भग्यं।

दैवो न जानाति कुतो नरम्॥

[સ્ત્રીના બાહ્ય વર્તનની પાછળ અને પુરુષના ભાગ્યની અંદર શું છૂપાયેલું છે તે દેવો પણ જાણી શકતા નથી તો પછી સાધારણ માણસને તો તેની સમજ ક્યાંથી પડે.]

१६८.

तृष्णे देवि नमस्तुभ्यं धैर्यविप्लवकारिणि ।

विष्णुस्त्रैलोक्यनाथ अपि यत्त्वया वामनीकृत ॥

[હે તૃષ્ણાદેવી, મનની શાંતિ હરનારી, તને પગે લાગુ છું. તેં તો ત્રણ લોકના ધણી વિષ્ણુ જેવાંને પણ વામન અવતાર લઈ ભીખ માગવાની તેં ફરજ પાડી !]

# ૬

૧૬૯.

दधि मधुरं मधु मधुरं द्राक्षा मधुरा सुधापि मधुरैव।

तस्य तदेव हि मधुरं यस्य मनो यत्र संलग्नम्॥

[દહીં મીઠું છે, મધ મીઠું છે, દ્રાક્ષ મીઠી છે, અમૃત પણ મીઠું લાગે છે. જ્યાં આપણું મન લાગી જાય તે ચીજ આપણને હંમેશા મધુર જ લાગે.]

૧૭૦.

दर्शने स्पर्शणे वापि श्रवणे भाषणेऽपि वा।

यत्र द्रवत्यन्तरङ्गं स स्नेह इति कथ्यते॥

[જેના દર્શન કરવાથી, જેનો સ્પર્શ થવાથી, જેનું બોલેલું સાંભળતા કે જેને કૈંક કહેવા જતાં તમારું હૃદય ઓગળવા લાગે ત્યારે સમજવું કે તમને તેના માટે સ્નેહના અંકુર ફૂટી ગયા છે.]

૧૭૧.

दातव्यं भोक्तव्यं सति विभवे संग्रहो न कर्तव्यः ।

पश्यामि मधुकरीणां संचितमर्थं हरन्त्यन्ये ॥

[જ્યારે વૈભવ મળે ત્યારે તેનો ધનનો ઢગલો ભેગો કરવાને બદલે દાન કરવું જોઈએ અથવા તેનો ઉપભોગ કરવો જોઈએ કેમકે એ તો નજરે દેખાય છે કે મધમાખીઓ સંગ્રહ કરી સાચવી રાખે છે એ મધ બીજા લોકો જ ખાઈ જાય છે.]

१७२.

दाता क्षमी गुणग्राही स्वामी दुःखेन लभ्यते ।

शुचिर्दक्षोऽनुरक्तश्च जाने भृत्योऽपि दुर्लभः ॥

[ઉદાર, ક્ષમાશીલ અને કામની કદર કરનારા માલિક મળવા મુશ્કેલ છે. તો સામે ચોખ્ખું કામ કરનારા, હોંશિયાર અને સાથે સાથે માલિકની પ્રેમથી સેવા કરે તેવા નોકર નસીબ હોય તો જ મળે.]

१७३.

दाता लघुर् अपि सेव्यो भवति न कृपणो महान् अपि समृद्ध्या।

कूपोऽन्तः स्वादुजलः प्रीत्यै लोकस्य न समुद्रः॥

[દાતા ગમે તેટલો નાનો હોય તો પણ માનને લાયક ગણાય. કૃપણ માણસ ગમે તેટલો સમૃદ્ધ હોય છતાં નકામો ગણાય. કુવો નાનો હોવા છતાં પીવા માટે મીઠું પાણી આપે છે. દરિયા પાસે ક્યારે ખૂટે નહિ તેટલો પાણીનો ભંડાર છે પણ તરસ્યાને તે ભંડાર શું કામનો ?]

१७४.

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य।

यो न ददाति न भुङ्क्ते तस्य तृतीय गतिर्भवति॥

[ભર્તૃહરિકૃત નીતિશતકમાં આ કથન છેઃ દાન, ભોગ અને નાશ એ ત્રણ માર્ગે જ ધન જઈ શકે છે. જે માણસ દાન ન આપે કે ન તેનો ઉપભોગ કરે તો તેનું ધન ત્રીજા માર્ગે જાય છે એટલે કે નાશ પામે છે.]

१७५.

दुर्जनः परिहर्तव्यः विद्यया अलङ्कृतोऽपि सन्।

मणिना भूषितः सर्पः किम् असौ न भयङ्करः॥

[દુર્જન માણસ પાસે વિદ્યા ને જ્ઞાનનો ભંડાર હોય તો પણ તેનાથી દૂર રહેવું. નાગની ફેણ પર મણિ હોય એટલે તે કંઈ ઓછો ભયંકર થઈ જતો નથી -ભર્તૃહરિકૃત નીતિશતક.]

१७६.
दुर्जनः प्रियवादीति नैतद्विश्वासकारणम्।
मधु तिष्ठति जिव्हाग्रे हृदये तु हलाहलम्॥

[દુર્જન માણસ મીઠી મીઠી વાત કરે એટલે તેનાપર ભરોસો મૂકી ન દેવાય કેમકે તેની જીભ પર ભલે મધ પાથરેલું હોય પણ તેના દિલમાં નકરું ઝેર જ ભરેલું હોય છે.]

१७७.
दुर्जनस्य च सर्पस्य वरं सर्पो न दुर्जनः।
सर्पो दशति कालेन दुर्जनस् तु पदे पदे ॥

[દુર્જન અને સર્પ એ બન્નેમાં સર્પ વધુ સારો કેમકે સર્પ તો ક્યારેક દંશ આપે પણ દુર્જન ડગલે પગલે ડંખ્યા જ કરે.]

१७८.
दुर्जनेन समं सख्यं द्वेषञ्चापि न कारयेत्।
उष्णो दहति चाङ्गारः शीतः कृष्णायते करम्॥

[દુર્જનો સાથે દોસ્તી કે દુશ્મની કંઈ ન કરાય. કોલસો ગરમ થાય તો હાથ દઝાડે અને ઠંડો થાય તો હાથ કાળા કરે.]

१७९.
दुर्बलस्य बलं राजा बालानां रोदनं बलम्।
बलं मूर्खस्य मौनित्वं, चौराणाम् अनृतम् बलम्॥
[દુબળા માણસનું બળ રાજા છે. બાળકોનું બળ રૂદન છે. મુર્ખ માણસનું બળ મૌન છે અને જુઠાણું ચોરનું બળ છે.]

૧૮૦.

दुष्टस्य दण्डः स्वजनस्य पूजा न्यायेन कोशस्य हि वर्धनं च।

अपक्षपातः निजराष्ट्ररक्षा पञ्चैव धर्माः कथिताः नृपाणाम्॥

[આદર્શ રાજાની પાંચ ફરજ છે. દુષ્ટ માણસોને દંડ આપવો, પોતાના માણસોની કદર કરવી, ન્યાયપૂર્વક રાજકોષને વધુ સમૃદ્ધ બનાવવો, નિષ્પક્ષપાત વહિવટ ચલાવવો અને પોતાના રાજ્યનું રક્ષણ કરવું.]

૧૮૧.

दुष्टा भार्या शठं मित्रं भृत्यश्चोत्तरदायकः।

ससर्पे च गृहे वासो मृत्युरेव न संशयः॥

[પત્ની દુષ્ટ હોય, મિત્ર ધુતારો હોય, નોકર મોઢે સામું સંભળાવનારો હોય અને સાપવાળા ઘરમાં રાત રહેવાનું હોય તો આપણો ઘડોલાડવો થઈ જ જવાનો છે એ વાત સો ટકા સાચી માનજો.]

૧૮૨.

दूरत शोभते मूर्खो लम्बशाटपटावृत ।

तावत् शोभते मूर्खो यावत्किंचिन्न भाषते ॥

[સુંદર કપડા પહેરેલા મૂરખાઓ જ્યાં સુધી દૂરથી દેખાતા હોય ત્યાં સુધી જ શોભે છે. જ્યારે તેઓ નજીક આવી કંઈ બોલે છે ત્યારે તરત તેમની અસલિયતની ખબર પડી જાય છે.]

૧૮૩.

दूरस्था: पर्वता: रम्या: वेश्या: च मुखमण्डने।

युध्यस्य तु कथा रम्या त्रीणि रम्याणि दूरत:॥

[ડુંગર દૂરથી રળીયામણા લાગે. વારાંગનાનું મુખ આઘેથી સારું દેખાય. લડાઈની વાતો ફક્ત સાંભળવામાં સારી લાગે. આ ત્રણેય આઘા સારા બાકી તેમનો અનુભવ લેવા જઈએ તો ખોખરા થઈ જઈએ.]

૧૮૪.

दूरस्थोऽपि न दूरस्थो यो यस्य मनसि स्थित:।

यो यस्य हृदये नास्ति समीपस्थोऽपि दूरत:॥

[ચાણક્યે સરળ ભાષામાં કહેલું સનાતન સત્ય: જેનું સ્થાન આપણાં હૈયામાં અવિચળ હોય તે ભલે ગમે તેટલો દૂર હોય પણ તે કદી દૂર હોતો નથી. જેને માટે આપણા હૈયામાં કોઈ સ્થાન નથી તે ભલે આપણી સામે ઊભો હોય પણ તે દૂરનો દૂર જ રહે છે.]

૧૮૫.

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं जलं पिबेत्।

सत्यपूतं वदेद्वाचं मनः पूतं समाचरेत्॥

[આ પણ ચાણક્યનો ઉપદેશ છે: જીવનમાં દરેક પગલું જોઈ જોઈને મૂકવું. પાણી પીવું હોય તો ગાળીને પીવું. જે કંઈ બોલીએ તે સાચું છે કે નહિ તેનો વિચાર કરીને બોલવું અને જીવનમાં જે કંઈ કામ કરીએ તે આપણા મનને પૂછીને કરવા કે હું જે કંઈ કરું છું તે બરાબર છે કે નહિ.]

૧૮૬.

द्वीविमौ पुरुषो लोके शिरःशूलकरौ भृशम्।

गृहस्थश्च निरारम्भो यतिश्च सपरिग्रहः॥

[આ જગતમાં બે પ્રકારના માણસો માથાના દુ:ખાવા જેવા છે. એક તો જે સંસાર માંડીને બેઠા છે પણ સંસારના વ્યવહારમાં ધ્યાન આપતા નથી અને બીજા જે સંસાર છોડી સંન્યાસી બન્યા છે પણ સંસારીથી પણ ચડે એવો પરિગ્રહ ધરાવે છે.]

# ધ

૧૮૭.

धनधान्यप्रयोगेषु विद्यासङ्ग्रहणेषु च।

आहारे व्यवहारे च त्यक्तलज्जस्सुखी भवेत्॥

[ધનધાન્ય ભેગા કરવામાં, વિદ્યાપ્રાપ્તિમાં, જમવામાં અને વ્યાવહારિક બાબતોમાં જે માણસ ખોટી શરમ છોડી દે તે સુખી થાય.]

१८८.

धर्म एव हतो हन्ति  धर्मो रक्षति रक्षितः ।

तस्माद्धर्मो न हन्तव्यः मा नो धर्मो हतोवाधीत् ॥

[મનુસ્મૃતિનું કથનઃ જે ધર્મનું રક્ષણ કરે છે તેનું ધર્મ રક્ષણ કરે છે.]

૧૮૯.

धिक् तस्य जन्म यो लोके पित्रा विज्ञायते नरः।

[જે માણસ પોતાના કાર્યના લીધે નહિ પણ પિતાના નામને લીધે જાણીતો બને છે તેનો જન્મ વૃથા છે.]

૧૯૦.

धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी

सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनःसंयमः

शैय्या भूमितलं दिशाः अपि वसनं ज्ञानामृतं भोजनं

एते यस्य कुटुम्बिनः वद सखे कस्मात् भयं योगिनः

[ધૈર્ય જેનો પિતા છે, ક્ષમા માતા છે, ચિર શાંતિ પત્નિ છે, સત્ય સંતાન છે, દયા બહેન છે, મનનો સંયમ ભાઈ છે, ભોંય પથારી છે, દિશાઓ વસ્ત્ર છે, જ્ઞાનરૂપી અમૃતનું ભોજન છે; આવાં કુટુમ્બીજનો જેને હોય તેવા યોગીને ભય કોનો લાગે ?]

## ન

૧૯૧.

न अभिषेको न संस्कारः सिंहस्य क्रियते वने।

विक्रमार्जितसत्त्वस्य स्वयमेव मृगेंद्रता॥

[કવિ માઘનું આ કથન છે. વનમાં સિંહનો કોઈ વિધિપૂર્વક રાજ્યાભિષેક કરતું નથી. સિંહ સ્વપરાક્રમ વડે જ પોતાને મૃગેન્દ્ર તરીકે પૂરવાર કરે છે.]

१९२.

न कश्चित् कस्यचित् मित्रं न कश्चित् कस्यचित् रिपुः।

कारणेनैव जायन्ते मित्राणि रिपवोऽपि वा॥

[અમસ્તા અમસ્તા કોઈ કોઈના મિત્ર કે શત્રુ થઈ જતાં નથી. જ્યારે કોઈ કારણ ઉપસ્થિત થાય ત્યારે જ મિત્ર કે શત્રુનો ઉદ્ભવ થાય છે.]

१९३.

न कालस्य प्रियः कश्चिन्न द्वेष्योऽपि कपीश्वर।

कालः कालयते सर्वान्सर्वः कालेन बध्यते॥

[કાળને માટે કોઈ પ્રિય કે અપ્રિય નથી. કાળ બધાને ખાઈ જાય છે. બધા લોકો કાળના બંધનમાં બંધાયેલા છે.]

१९४.

न गृहं गृहमित्याहुः गृहिणी गृहमुच्यते।

गृहं तु गृहिणीहिनमरण्यसदृशं भवेत्॥

[હિતોપદેશનું આ કથન છે. ઘરને ઘર ન કહેવાય. ગૃહિણી જ ઘર કહેવાય. ગૃહિણી વિનાનું ઘર જંગલ બની જાય છે.]

१९५.

न च विद्यासमो बन्धुः न च व्याधिसमो रिपुः।

न चापत्यसमो स्नेहः न च धर्मो दयापरः॥

[વિદ્યા સમાન કોઈ બંધુ નથી. ચિંતા જેવો કોઈ દુશ્મન નથી. સંતાનપ્રેમ સમો કોઈ સ્નેહ નથી. દયાથી ઊંચો કોઈ ધર્મ નથી.]

१९६.

न चोरहार्यं न च राजहार्यं न भ्रातृभाज्यं न च भारकारी।

व्यये कृते वर्धत एव नित्यं विद्याधनं सर्वधनप्रधानम्॥

[બધા પ્રકારના ધનમાં વિદ્યારૂપી ધન સૌથી ચડે કેમકે ચોર તેની ચોરી કરી શકતા નથી, રાજા તે છીનવી શકતો નથી, ભાઈઓ તેમાંથી પોતાનો ભાઈભાગ પડાવી શકતા નથી, તે બોજરૂપ બનતું નથી, તે વાપરવાથી તે વધે છે અને તેનો કદી નાશ થતો નથી.]

૧૯૭.

न जातु कामः कामानामुपभोगेन शाम्यति।

हविषा कृष्णमत्र्मेव भुय एवाभिवर्धते॥

[મનુસ્મૃતિમાં કહેવાયેલો આ શ્લોક મહાભારત અને શ્રીમદ્ ભાગવદ્ બન્નેમાં ફરીથી કહેવાયો છે. આપણી ઇચ્છાઓને આપણે સંતોષીએ તો તેથી ઇચ્છા શાંત પડી જતી થતી નથી. યજ્ઞની અંદર આહુતિ હોમવાથી અગ્નિનું જોર વધે છે, ઘટતું નથી.]

૧૯૮.

न जायते म्रियते वा कदाचिन् नायं भूत्वा भविता वा न भूयः।

अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे॥

[ભગવદ્ ગીતામાં ભગવાને આપેલો બોધઃ આ આત્મા કોઈ પણ કાળમાં ન જન્મ લે છે ન મરણ પામે છે. ન તો તેનો ઉદ્ભવ કે ફરી ઉદ્ભવ થાય છે. તે નિત્ય છે શાશ્વત છે પુરાતન છે. દેહ હણાઈ જાય છે. આત્મા હણાતો નથી. ]

૧૯૯.

न तु अहं कामये राज्यं न स्वर्गं न पुनर्भवम्।

कामये दुःखतप्तानां प्राणिनाम् आर्तिनाशनम्॥

[ભાગવત પુરાણમાં રાજા રન્તિદેવ આ શ્લોક કહે છે અને મહાભારતના દ્રોણપર્વમાં પણ તેનો ઉલ્લેખ છે. નથી ઇચ્છા મને રાજ્યની, નથી સ્વર્ગની કે નથી નવો જન્મ ધારણ કરવાની. મારી ઇચ્છા આ જગતના પ્રત્યેક દુઃખી-પીડિત પ્રાણીના દુઃખદર્દ દૂર કરવાની છે.]

૨૦૦.

न देवा दण्डमादाय रक्षन्ति पशुपालवत्।

यं तु रक्षितुमिच्छन्ति बुद्ध्या संविभजन्ति तम्॥

[ભરવાડને ઢોરનું રક્ષણ કરવું હોય તો તે હાથમાં લાકડી લઈ ઢોરને બચાવતા હોય છે. ભગવાન તમને ઢોરની કક્ષામાં મૂકતો નથી. એટલે જ્યારે તેને તમારું રક્ષણ કરવું હોય ત્યારે તે હાથમાં લાકડી લઈ બચાવવા આવતો નથી. એ તમને સદ્બુદ્ધિ આપે છે.]

२०१.

न धैर्येण विना लक्ष्मीर्न शौर्येण विना जयः।

न ज्ञानेन विना मोक्षो न दानेन विना यशः॥

[ધીરજ ધર્યા વિના લક્ષ્મી ન મળે. શૂરવીરતા દાખવ્યા વિના જીત ન મળે. જ્ઞાન વિના મોક્ષ ન મળે. દાન કર્યા વિના જશ ન મળે.]

२०२.

न भूतपूर्वं न कदापि वार्ता हेम्नः कुरङ्गो न कदापि दृष्टः।

तथापि तृष्णा रघुनन्दनस्य विनाशकाले विपरीतबुद्धिः॥

[સોનાના હરણની વાત ન તો કદી કોઈએ સાંભળી હતી ન તો સોનાનું હરણ કોઈએ સગી આંખે જોયું હતું છતાં ભગવાન રામ જેવા પણ એ કાલ્પનિક હરણ પાછળ દોડ્યા. ખરેખર જ્યારે દુઃખના દહાડા આવવાના હોય ત્યારે આપણી બુદ્ધિ બહેર મારી જાય છે.]

२०३.

न भूतो न भविष्यति।

[અશક્ય વસ્તુ જે કદી થઈ નથી અને થશે નહિ.]

२०४.

न मुक्तासु न हीरेषु तत् तेजः खलु राजते।

शिल्पिनः श्रमतप्तस्य स्वेदाम्बुकणिकासु यत्॥

[એક કારીગરના પરસેવાના ટીપામાં જે ચમક હોય છે તેટલું તેજ હીરા કે મોતીમાં કદી હોતું નથી. .]

૨૦૫.

न राज्यम् न च राजाः असीत् न दण्डयो न च दाण्डिकः ।

धर्मेणैव प्रजाः सर्वा रक्षन्ति स्मः परस्परम् ॥

[કાર્લ માર્ક્સે સામ્યવાદના સિદ્ધાંતો ઘડતી વખતે સામ્યવાદમાં છેવટના તબક્કે રાજ્યની તમામ સત્તા વિલીન થઈ જશે એવી જે કલ્પના ઘડી તેના પ્રેરણાદાતા હતા રશિયાના પ્રિન્સ ક્રોપોટકીનના રાજ્યવિહીન સમાજરચનાના મૂળભૂત વિચારો. પણ પ્રિન્સ ક્રોપોટકીન કહે તે પહેલા સંસ્કૃત સાહિત્યમાં અનેક સદીઓ અગાઉ એ જ વાત વર્ણવાઈ ચૂકી છે. મહાભારતના શાંતિ પર્વના આ શ્લોકમાં બાણશૈયા પર સૂતેલા ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને ઉપદેશ આપતાં કહે છે કે ન કોઈ રાજ્ય હોવું જોઈએ કે ન કોઈ રાજા. ન કોઈ દંડ કે સજા કરનાર હોવું જોઈએ કે ન કોઈ દંડ કે સજા ભોગવનાર. ધર્મ (એટલે કે પોતાના કર્તવ્યના પાલન) વડે સર્વ પ્રજાએ એક બીજાનું રક્ષણ કરવું ઘટે છે.]

૨૦૬.

न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति।

[ભગવદ્ ગીતામાં ભગવાનનો ઉપદેશ: કલ્યાણકારી કામ કરનારની કોઈ દિવસ અવદશા થતી નથી.]

૨૦૭.

न हि कश्चिद् आचारः सर्वहितः संप्रवर्तते।

[જગતમાં એવો કોઈ સમાજ નિયમ હજુ સુધી ઘડાયો નથી કે જેનાથી બધાને એક સરખો ફાયદો થાય.]

૨૦૮.

न हि कस्य प्रियः को वा विप्रियो वा जगत् त्रये।

काले कार्यवाशात् सर्वे भवन्त्य् एवाप्रियाः प्रियाः॥

[ત્રણે જગતમાં કોઈ કોઈનું વહાલું નથી કે નથી કોઈ કોઈનું દવલું. સમય અને સંયોગો અનુસાર સર્વે એક બીજાને ગમતા કે અણગમતા થાય છે.]

૨૦૯.

न हि ज्ञानेन सदृशम् पवित्रमिह विद्यते।

तत्स्वयं योगसंसिद्धिः कालेनात्मनि विन्दति॥

[આ સંસારમાં જ્ઞાન જેટલી પવિત્ર ચીજ બીજી કોઈ નથી. કર્મયોગ વડે સંસિદ્ધિ મેળવ્યા પછી સમયના વીતવા સાથે તે આત્મામાં સ્વયં પ્રગટ થાય છે.]

૨૧૦.

नमन्ति फलिनो वृक्षा नमन्ति गुणिनो जना:।

शुष्ककाष्ठश्च मूर्खश्च न नमन्ति कदाचन॥

[ફળ આવવાથી વૃક્ષો નીચા નમે છે. ગુણો પ્રાપ્ત થતાં માણસો બીજાને નમન કરતાં થાય છે. માત્ર સૂકા લાકડાં અને મૂર્ખ માણસો જ બીજાને નમન કરતાં નથી.]

૨૧૧.

नरपतिहितकर्ता द्वेष्यतां याति लोके।

जनपदहितकर्ता त्यज्यते पार्थिवेन॥

इति महति विरोधे विद्यमाने समाने।

नृपतिजनपदानां दुर्लभ: कार्यकर्ता॥

[રાજાનુ હિત કરનારાએ સામાન્ય પ્રજાનો રોષ વહેરી લેવો પડે છે. સામાન્ય પ્રજાનું હિત કરવા જનારને રાજા રજા આપી રવાના કરી દે છે. આમ બન્ને પ્રકારના વિરોધનો સામનો કરીને રાજા તથા પ્રજા બન્નેનું હિત કરી શકે તેવા (એટલે કે સર પ્રભાશંકર પટ્ટણી જેવા) અમલદાર મળવા દુર્લભ છે.]

૨૧૨.

नरस्य आभरणं रूपं रूपस्य आभरणं गुण:।

गुणस्य आभरणं ज्ञानं ज्ञानस्य आभरणं क्षमा॥

[રૂપ વડે માણસ શોભે છે. સદગુણ હોય તો રૂપ શોભે છે, જ્ઞાન મળે ત્યારે ગુણ શોભે છે અને ક્ષમાશીલતા આવે ત્યારે જ્ઞાન શોભે છે.]

૨૧૩.

नरो वा कुंजरो वा।

[સત્યવક્તા યુધિષ્ઠિર દ્વારા બોલાયેલું પહેલું અને છેલ્લું અર્ધસત્ય તે વાક્ય. કોણ મરાયું એવા દ્રોણાચાર્યના પ્રશ્નના જવાબમાં તેઓ કહે છેઃ અશ્વસ્થામા મરાયો. કદાચ માનવી કદાચ હાથી. આના પરથી કોઈ પણ અસ્પષ્ટ વાત રુનરો વા કુંજરો વાિંતરીકે ઓળખાય છે.]

૨૧૪.

नष्टं द्रव्यं लभ्यते कष्टसाध्यम् , नष्टा विद्या लभ्यतेऽभ्यासयुक्ता ।

नष्टारोग्यं सूपचारैः सुसाध्यम् नष्टा वेला या गता सा गतैव ॥

[ગુમાવી દીધેલી સંપત્તિ આકરી મહેનત વડે પાછી મેળવી શકાય છે. ભૂલાઈ ગયેલી વિદ્યા ખૂબ અભ્યાસ કરીને ફરી મેળવી શકાય છે. બગડેલા આરોગ્યને સારો ઉપચાર કરીને સુધારી શકાય છે. પણ વેડફી નાખેલો સમય એક વખત જાય છે તો કાયમ માટે જાય છે. તે કદી પાછો મેળવી શકાતો નથી.]

૨૧૫.

नाक्षरं मंत्ररहीतं नमूलंनौषधिम्।

अयोग्य पुरूषं नास्ति योजकस्तत्रदुर्लभ:॥

[એવો કોઈ અક્ષર નથી કે જેમાં મંત્રશક્તિ ન હોય, વનસ્પતિનું એવું કોઈ મૂળીયું નથી કે જેમાં ઔષધશક્તિ ન હોય, એવો કોઈ માણસ નથી કે જે કોઈ કામનો ન હોય. પણ આ બધાનો યોગ્ય ઉપયોગ કરી શકે તેવા માણસ મળવા દુર્લભ છે.]

૨૧૬.

नास्ति भार्यासमं किञ्चिन्नरस्यार्तस्य भेषजम्॥

[દુઃખી અને પીડિત પતિ માટે પત્નીથી વધુ સારું ઔષધ બીજું કોઈ નથી !]

૨૧૭.

नास्ति विद्या समं चक्षू नास्ति सत्य समं तप:।

नास्ति राग समं दु:खम् नास्ति त्याग समं सुखम्॥

[જ્ઞાન જેવા ચક્ષુ નથી, સત્ય સમાન કોઈ તપ નથી. મોહ-માયા જેવું કોઈ દુઃખ નથી. ત્યાગ સમાન કોઈ સુખ નથી.]

૨૧૮.

नायमात्मा प्रवचनेन लभ्यो

न मेधया न बहुना श्रुतेन।

यमेवैष वृणुते तेन लभ्यः

तस्यैष आत्मा विवृणुते तनूँ स्वाम् ॥

[કઠોપનિષદ ૧-૨-૨૩. આત્મસિદ્ધિ એટલે કે આત્મજ્ઞાન કેવી રીતે મળે ? પ્રવચનો સાંભળવાથી ? બુદ્ધિના પેચ લડાવવાથી ? અનેક વિદ્વાનો, સાધુ, સંતો પાસેથી બોધ મેળવવાથી ? ના. કોઈ કોઈને આત્મજ્ઞાન આપી શકતું નથી. આત્મા જ અરજી કરનારો છે અને આત્મા જ અરજી સ્વીકારનારો છે. જેનો આત્મા પોતાની અરજ સ્વીકારે ત્યાં આત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.]

૨૧૯.

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु

लक्ष्मीः स्थिरा भवतु गच्छतु वा यथेष्टम्।

अद्यैव वा मरणमस्तु युगान्तरे वा

न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः॥

[ વિદ્વાન - નિષ્ણાત માણસો નિંદા કરે કે વખાણ કરે, ધન-સંપત્તિ ટકે કે ચાલી જાય, મરણ હમણાં આવે કે પછી, પણ ધૈર્યવાન માણસો ન્યાયના પંથથી વિચલિત થતા નથી. -ભર્તૃહરિકૃત નીતિશતક.]

૨૨૦.

निर्धनस्य कुतः सुखम्।

[નિર્ધન માણસને સુખ ક્યાંથી હોય.]

૨૨૧.

निर्विषेणापि सर्पेण कर्तव्या महति फणा।

विषमस्तु न चाप्यस्तु फटाटोपो भयंकरः॥

[પંચતંત્રનો આ બોધ છે: બિનઝેરી સાપે પણ સ્વરક્ષણ માટે મોટી ફેણ ફેલાવી રાખવી જોઈએ. સાપ ઝેરી હોય કે બિનઝેરી, પણ ફેણનો ડર લોકોને લાગતો જ હોય છે.]

૨૨૨.

नेति नेति।

[આપણી ઉપનિષદોનો મત એવો છે કે ઈશ્વર શું છે, કેવો છે એ જાણવું લગભગ અશક્ય છે કેમકે માનવબુદ્ધિ, કે સમજણશક્તિ ત્યાં સુધી પહોંચી શકતી જ નથી. તેના બદલે ઈશ્વર શું નથી એ પ્રમાણમાં સરળતાથી કહી શકાય એટલે રુઆ નહિ, આ નહિ' એવા નકારાત્મક વચનો વડે તેના સુધી પહોંચવાની કોશિશ કરવી જોઈએ.]

૨૨૩.

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।

न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥

[શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ખૂબ લોકપ્રિય બનેલો શ્લોક: આત્માને શસ્ત્રો કાપી શકતા નથી. અગ્નિ બાળી શકતો નથી, જળ ઓગાળી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી.]

# ૫-૬

૨૨૪.

पदे पदे च रत्नानि योजने रसकूपिका ।

भाग्यहीना न पश्यन्ति बहुरत्ना वसुंधरा ॥

[કુદરતે તો ડગલે ને પગલે રત્નોના ઢગલાં કર્યાં છે, થોડા થોડા અંતરે રસના ઝરણા વહાવ્યા છે. પણ જેમના નસીબમાં આ સમૃદ્ધિ લખાઈ નથી તેમને આ બહુરત્ના વસુંધરા દેખાતી નથી.]

૨૨૫.

परस्य पीड्या लब्धं धर्मस्योल्लंघनेन च।

आत्मावमानसंप्राप्तं न धनं तत् सुखाय वै॥

[બીજાને પીડા આપીને, સ્વધર્મનું ઉલ્લંઘન કરીને કે પોતાનું અપમાન સહન કરીને મેળવેલું ધન કદી સુખ આપી શકતું નથી.]

૨૨૬.

परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः।

परोपकाराय दुहन्ति गावः परोपकारार्थमिदम् शरीरम्॥

[પરોપકાર માટે વૃક્ષ ફળ આપે છે. પરોપકાર માટે નદી પાણી વહાવે છે. પરોપકાર માટે ગાય દૂધ આપે છે. આપણું શરીર પરોપકાર માટે જ બનેલું છે.]

૨૨૭.

परोपदेशवेलायां शिष्टाः सर्वे भवन्ति वै।

विस्मरन्तीह शिष्टत्वं स्वकार्ये समुपस्थिते॥

[અન્યને ઉપદેશ આપતી વખતે નિયમપાલનની વાતો બધા કરે છે પણ એ નિયમપાલનની વાત જ્યારે પોતાના સ્વાર્થની વાત આવે ત્યાં હવામાં ઊડી જાય છે.]

૨૨૮.

परोपदेशे पांडित्यं सर्वेषां सुकरं नृणाम्।

धर्मे स्वीयमनुष्ठानं कस्यचित् सुमहात्मनः॥

[બીજાને ઉપદેશ દેવા માટે પોતાના ડહાપણનો ભંડાર ખોલવો એ બહુ સહેલી વાત છે. પરંતુ તે ઉપદેશ પર જાતે આચરણ કરી બતાવવું એ તો કોઈ મહાત્મા જ કરી શકે.]

૨૨૯.

परोऽपि हितवान् बन्धुः बन्धुरपि अहितः परः।

अहितो देहजो व्याधिः हितम् आरण्यमौषधम्॥

[હિતોપદેશનો શ્લોક છે. પારકો માણસ આપણું હિત કરે તો તેને સગા ભાઈ જેવો ગણવો. સગો ભાઈ આપણું અહિત કરે તો પારકા જેવો ગણવો. આપણા દેહમાં રહેતો રોગ આપણો હોવા છતાં અહિત કરે છે. દૂર જંગલમાં રહેતું ઔષધ આપણું હિત કરે છે.]

૨૩૦.

पातुं न प्रथमं व्यवस्यति जलं युष्मास्वपीतेषु या

नादत्ते प्रियमण्डनापि भवतां स्नेहेन या पल्लवम्।

आद्ये वः कुसुमप्रसूतिसमये यस्या भवत्युत्सवः

सेयं याति शकुंतला पतिगृहं सर्वैरनुज्ञायताम्॥

(અભિજ્ઞાન શાકુંતલમ્ - અંક ચોથાનો પ્રખ્યાત શ્લોક)

[કદી ન ચાખ્યું જળનું ટીપું, પૂર્ણ તૃપ્ત કર્યા વિના તમને
ગમતું છતાં ચૂંટતી ન કદી, પર્ણ તવ કોમળ શાખેથી
ડાળે એક નવું ફૂલ બેસે તો, ઉત્સવ સમ હર્ષ જેના હૈયે
આપો અનુજ્ઞા, હે વૃક્ષો, એ શકુંતલાને પતિગૃહે જવાની]

૨૩૧.

पात्रापात्रविवेकः अस्ति धेनुपन्नगयोः इव।

तृणात् संजायते क्षीरं क्षीरात् संजायते विषम्॥

[સુપાત્ર-કુપાત્રની આખી વાત સમજવા જેવી છે. ગાય અને સાપનો દાખલો લઈએ. એક સુપાત્ર પ્રાણી ઘાસમાંથી દૂધ બનાવે છે તો બીજું કુપાત્ર પ્રાણી એ દૂધમાંથી ઝેર બનાવે છે.]

૨૩૨.

पापं प्रज्ञा नाशयति क्रियमाणं पुनः पुनः

नष्टप्रज्ञ पापमेव नित्यमारभते नरः।

पुण्यमं प्रज्ञा वर्धयति क्रियमाण पुनः पुनः

वृद्धप्रज्ञः पुण्यमेव नित्यमारभते नरः॥

[ખોટાં કામ ફરી ફરી કરવાથી બુદ્ધિ નાશ પામે છે. જેની બુદ્ધિ નાશ પામે તે માણસ કાયમ ખોટાં કામ કરતો રહે છે. સાચાં કામ ફરી ફરી કરવાથી બુદ્ધિમાં વધારો થાય છે. જેની બુદ્ધિ વધે તે માણસ કાયમ માટે સાચાં કામ કરતો રહે છે.]

૨૩૩.

पिण्डे पिण्डे मतिर्भिन्ना कुण्डे कुण्डे नवं पयः।

जातौ जातौ नवाचाराः नवा वाणी मुखे मुखे॥

[દરેક માણસ પોતાની રીતે વિચારે છે. દરેક કુંડમાં અલગ અલગ પ્રકારનું પાણી હોય છે. દરેક જાતના લોકના રિવાજ જુદા હોય છે. દરેક માનવીના મોઢામાંથી અવનવી વાણી સાંભળવા મળે છે.]

२३४.

पिबन्ति नद्यः स्वयम् एव न अम्भः। स्वयं न खादन्ति फलानि वृक्षाः॥

न अदन्ति सस्यं खलु वारिवाहा। परोपकाराय सतां विभूतयः॥

[નદી પોતાનું પાણી પીતી નથી. વૃક્ષ પોતાના ફળ ખાતા નથી. ખેતરમાં થયેલા પાકના ઢગલા અનાજ ખાઈ જતા નથી. સંત માણસોની સિદ્ધિ-સંપત્તિ પરોપકાર માટે જ હોય છે.]

२३५.

पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः।

न पापफलमिच्छन्ति पापं कुर्वंति यत्नतः॥

[માણસોને પુણ્યનું ફળ જોઈએ છે પણ કોઈ પુણ્યકાર્ય કરવાની ઈચ્છા થતી નથી. વળી તેમને પાપનું જે ફળ મળે તે જોઈતું નથી. હા, પાપ કામ માટે જોઈએ એટલી બધી મહેનત કરે છે!]

२३६.

पुरा कवीनां गणना प्रसङ्गे कनिष्ठिकाधितिष्ठित कालिदासः।

अद्यापि तत्तुल्य कवेराभावात् अनामिका सार्थवती बभूव॥

[અગાઉ જ્યારે કવિ કેટલા તેની ગણતરી થતી ત્યારે સૌ પહેલું કાલિદાસનું નામ સૌથી નાની આગળી પર લેવાતું હતું પણ પછી બીજી આંગળી આગળ ગણતરી અટકી જતી હતી. હજુ સુધી કોઈ કવિ કાલિદાસની કક્ષાનો ન જણાયો નથી તેથી એ આંગળીનું અનામિકા નામ સાર્થક બની ગયું છે.]

२३७.

पुराणमित्येव न साधु सर्वं न चापि काव्यं नवमित्यवद्यम्।

सन्तः परीक्ष्यान्यतरद्भजन्ते मूढः परप्रत्ययनेयबुद्धिः॥

[કાલિદાસ કૃત માલવિકાગ્નિમિત્રમ્‌નો આ શ્લોક છે. જે જુનું છે તે બધું સારું જ છે એવું માની ન લેવાય. એ જ રીતે કવિતા નવી હોય એટલે સારી ન હોય એવું માની ન લેવું. ડાહ્યા માણસો બરાબર ચકાસણી કર્યા પછી જ નિર્ણય પર આવે છે પણ મૂઢ માણસો બીજાની બુદ્ધિથી દોરવાય છે.]

૨૩૮.

पुस्तकस्था तु या विद्या परहस्तगतं धनं।

कार्यकाले समुत्पन्ने न सा विद्या न तद्धनम्॥

[ચોપડીમાં રહેલી વિદ્યા અને પારકાના હાથમાં રહેલું આપણું ધન જ્યારે ખરી જરૂર પડે ત્યારે કંઈ કામમાં ન આવે એટલે તે હોય કે ન હોય બન્ને સરખું જ છે.]

૨૩૯.

पृथ्वीव्यां त्रीणि रत्नानि जलम् अन्नम् सुभाषितम्।

मूढै: पाषाणखण्डेषु रत्नसंज्ञा प्रदीयते॥

[પૃથ્વી પર ત્રણ રત્ન છે: જળ, અન્ન અને સુભાષિત. પણ મૂઢ માણસો પથ્થરના ટૂકડાંને રત્નનું નામ આપે છે.]

૨૪૦.

प्रथमग्रासे मक्षिकापातः।

[પહેલા કોળીયે જ માખી આવી !]

૨૪૧.

प्रथमवयसि पीतं तोयमल्पम् स्मरन्त: शिरसि

निहीतभारा: नारीकेला नराणाम् ददति।

जलमनल्पात स्वादमाजिवीतान्तम्

नही कृतमुपकारं साधवो विस्मरन्ति॥

[નાળિયેરનું ઝાડ પોતાને અગાઉ પીવા મળેલું થોડું પાણી યાદ રાખે છે અને તેને સ્વાદિષ્ટ બનાવી શિર પર ધારણ કરે છે. સજ્જન માણસો પોતા પર કોઈએ કરેલો ઉપકાર કદી ભૂલી જતાં નથી.]

२४२.

प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनं।

तृतीये नार्जितं पुण्यं चतुर्थे किं करिष्यति॥

[જીવનમાં વિદ્યાર્થી અવસ્થામાં ભણ્યા નહિ. ગૃહસ્થાશ્રમના સમયમાં કમાયા નહિ, વાનપ્રસ્થાશ્રમના સમયે સમાજસેવા ન કરી તો ચોથા સંન્યસ્તાશ્રમમાં પહોચશો ત્યારે કઈ વસ્તુનો ત્યાગ કરશો ? ત્યાગ ક્યારે કરી શકાય ? કૈંક મેળવ્યું હોય ત્યારે !]

२४३.

प्रारभ्यते न खलु विघ्न भयेन नीचैः

प्रारभ्य विघ्न विहता विरमन्ति मध्याः।

विघ्नैः पुनः पुनर् अपि प्रतिहन्यमानाः

प्रारब्धम् उत्तम जना न परित्यजन्ति॥

[આ કામ કરવામાં મુશ્કેલી આવશે એવા ડરથી તુચ્છ માણસો કામ શરૂ જ કરતા નથી. મધ્યમ કક્ષાના માણસો કામ તો શરૂ કરે છે પણ મુશ્કેલી આવે તો અધવચ્ચેથી છોડી દે છે. ઉત્તમ માણસો કામ શરૂ કરે છે અને જેટલી વાર મુશ્કેલી આવે તેટલી વાર તેનો મુકાબલો કરતા રહી તેને પૂરું કર્યા પછી જ છોડે છે.]

२४४.

प्रियवाक्य प्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः।

तस्मात् तदेव वक्तव्यं वचने का दरिद्रता॥

[દરેક જીવને મીઠી વાણી વડે સંતોષ આપી શકાય છે માટે જીભ મીઠી રાખવી. મીઠા શબ્દો વાપરવામાં ગરીબાઈ શા માટે બતાવવી ?]

## બ

૨૪૫.

बहवो यत्र नेतारः सर्वे पण्डितमानीनः।

सर्वे महत्वंईच्छन्ति व्रुन्दं तत नश्यति ध्रुवमं॥

[જે સમાજમાં ઘણા બધા નેતા હોય, એ બધા પોતાને પંડિત માનતા હોય અને પોતાને જ મહત્વ મળે તેવો આગ્રહ રાખે તો તે સમાજનો ચોક્કસ નાશ થાય છે.]

૨૪૬.

बहुजनहिताय बहुजनसुखाय।

[આ લોકશાહી આદર્શ આપણે ત્યાં સદીઓથી પ્રચલિત છે. જે કામ વધુમાં વધુ માણસોના હિતમાં હોય અને વધુમાં વધુ માણસોને સુખ આપી શકે તે કામ ઉત્તમ કાર્ય કહેવાય.]

૨૪૭.

बहुरत्ना वसुन्धरा।

[ આ ધરતીમાં અનેક રત્નો પડ્યાં છે.]

૨૪૮.

बुद्धिर्यस्य बलं तस्य।

[જેની બુદ્ધિ તેનું બળ]

૨૪૯.

ब्राह्मणः समदृक् शान्तो दीनानां समुपेक्षकः।

स्त्रवते  ब्रह्म तस्यापि भिन्नभाण्डात् पयो यथा॥

[બધા પ્રત્યે સમદૃષ્ટિ રાખનાર અને રાગાદિથી મુક્ત થઈ શાંત મનનો થયેલો બ્રાહ્મણ જો દીનહીનજનો-અકિંચન લોકોની ઉપેક્ષા કરે તો તેનું બધું બ્રહ્મજ્ઞાન ફૂટેલા ઘડાના પાણી જેમ વહી જાય છે -શ્રીમદ્ ભાગવદ્  ૪-૧૪-૪૧]

## ભ

૨૫૦.

भज गोविन्दं भज गोविन्दम् गोविन्दं भज मूढमते।

सम्प्राप्ते सन्निहिते काले न हि न हि रक्षति डुकृञ् करणे॥

[શંકરાચાર્યનો આ બોધ છે. ગોવિન્દને ભજ, ગોવિન્દને ભજ, હે મૂઢ માણસ, અંતિમકાળે તેના સિવાય અન્ય કોઈ તારું રક્ષણ નહિ કરી શકે.]

૨૫૧.

भद्रं भद्रं कृतं मौनं कोकिलैः जलदागमे।

वक्तारो दर्दुरा यत्र तत्र मौनं हि शोभते॥

[વર્ષા ઋતુમાં વાદળાના આગમાન સાથે કોયલો ચૂપ થઈ જાય છે તે સારું છે કેમકે જ્યારે દેડકાઓ વક્તા બની જાય ત્યારે મૌન રહેવું જ શોભે.]

૨૫૨.

भाषासु मधुरा मुख्या दिव्या गीर्वाणभारती।

तस्मात् हि मधुरं काव्यं तस्मात् अपि सुभाषितम्॥

[ભારતની બધી ભાષાઓમાં સૌથી મુખ્ય, મધુર અને દિવ્ય ભાષા સંસ્કૃત છે. આ ભાષામાં પણ સૌથી મધુર તેના કાવ્યો છે અને તે કાવ્યોમાં પણ સૌથી મધુર તેના સુભાષિતો છે.]

૨૫૩.

भिन्नरुचिर्हि लोकाः।

[રઘુવંશ કાવ્યમાં કવિ કાલિદાસ કહે છે કે લોકો જુદી જુદી રુચિવાળા હોય છે.]

२५४.

भुक्त्वा तृणानि शुष्काणि पीत्वा तोयं जलाशयात्।

दुग्धं यच्छति लोकेभ्यः गावः लोकस्य मातरः॥

[લોકો ગાયને માતા તરીકે કેમ પૂજે છે? કેમકે તે પાદરનું સૂકુ ઘાસ ખાઈને અને ગામના તળાવનું પાણી પીને -એટલે કે મફતના ભાવે- દૂધ આપે છે!]

२५५.

भो दारिद्र्य नमस्तुभ्यं सिद्धोऽहं त्वत्प्रसादतः।

पश्याम्यहं जगत्सर्वं न मां पश्यति कश्चन॥

[હે દારિદ્ર, તારો પરચો બહુ ભારી છે. તારા પ્રતાપે હું સિદ્ધ પુરુષ બની ગયો છું. હું આખા જગતને જોઈ શકું છું પણ આખા જગતમાં કોઈને હું દેખાતો નથી. આ કેવો ચમત્કાર છે ! (*ગરીબને જોઈ બધા મોઢું ફેરવીને ચાલ્યા જાય છે!*)]

२५६.

भोगाः न भुक्ता वयमेव भुक्ताः।

तृष्णा न जीर्णा वयमेव जीर्णाः॥

[ભોગ ભોગવાતા નથી, આપણે જ ભોગવાઈ જઈએ છીએ. તૃષ્ણા કદી વૃદ્ધ થતી નથી, આપણે જ વૃદ્ધ થઈ જઈએ છીએ -ભર્તૃહરિકૃત નીતિશતક.]

२५७.

भ्रमन् वनान्ते नवमंजरीषु न षट्पदो गन्धफलीमजिघ्रत्।

सा किं न रम्या स च किं न रन्ता बलीयसी केवलमीश्वरेच्छा॥

[વનમાં ફરી ફરીને નવા તાજા પુષ્પ પર બેસતો ભ્રમર ગંધફલી (વનચંપો)ને સુંઘતો પણ નથી. શું તે સુંદર નથી ? શું ભ્રમર પુષ્પની શોધમાં નથી ? ખરેખર, ઈશ્વરની ઇચ્છા જ બળવાન છે.]

# મ

૨૫૮.

मणिना वलयं वलयेन मणिः मणिना वलयेन विभाति करः ।

पयसा कमलं  कमलेन पयः  पयसा कमलेन विभाति सरः ॥

[મણિથી કંકણ અને કંકણથી મણિ શોભે છે. મણિ અને કંકણથી હાથ શોભે છે. પાણીથી કમળ અને કમળથી પાણી શોભે છે અને પાણી તથા કંકણથી સરોવર શોભે છે.]

૨૫૯.

मधुरेण समापयेत्।

[કોઈ પણ કાર્યની પૂર્ણાહુતિ મીઠાશથી કરવી જોઈએ.]

૨૬૦.

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयो।

बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतम्॥

[મનુષ્ય મનના કારણે બંધનમાં પડે છે અને મન વડે બંધનમુક્ત બને છે. ભોગમાં આપણી આસક્તિ બંધન ઊભા કરે છે. એ આસક્તિને છોડવાથી મુક્તિ મળે છે.]

૨૬૧.

मनसा चिन्तितंकर्मं वचसा न प्रकाशयेत्।

अन्यलक्षितकार्यस्य यत: सिद्धिर्न जायते॥

[ભારતના સૌથી વધુ સફળ રાજનીતિજ્ઞ ચાણક્યની આ સોનેરી સલાહ ભારત કરતાં અન્ય દેશોના રાજનીતિજ્ઞ વધુ સારી રીતે પાળે છે! ચાણક્ય કહે છે કે આપણે શું કરવાના છીએ, આપણી યોજના શું છે તે વિશે બોલ બોલ ન કરાય. જો કોઈ હરીફને આપણી યોજનાની ખબર પડી જાય તો તે થોડો આપણને સફળ થવા દે ?]

२६२.

मन्त्रे तीर्थे द्विजे देवे दैवज्ञे भेषजे गुरौ।

यादृशी भावना यस्य सिद्धिर् भवति तादृशी॥

[ઘણી વસ્તુ એવી હોય છે જેમાં આપણી જેવી ભાવના હોય તેવી સિદ્ધિ મળે. મંત્રનો જાપ કરવામાં, તીર્થમાં જઈ દર્શન કરવામાં, બ્રાહ્મણ પાસે ક્રિયાકર્મ કરાવવામાં, જોશી પાસે જોશ જોવડાવવામાં, ઔષધનું સેવન કરવામાં, ગુરુ પાસેથી જ્ઞાન મેળવવામાં આપણી ભાવના જેટલી વધુ સારી એટલો વધુ લાભ થાય. આપણને શ્રદ્ધા ન હોય તો કોઈ ફાયદો ન થાય.]

२६३.

मर्कटस्य सुरापानं तस्य वृश्चिकदंशनम्।

तन्मध्ये भूतसंचारो यद्वा तद्वा भविष्यति॥

[એક તો જાતનું વાંદરું, એમાં દારુ પીધો, પાછો એને વીંછી કરડ્યો અને તે ઉપરથી એને ભૂતના ભડકા પણ દેખાણા. પછી તેના તોફાનમાં બાકી શું રહે ?]

२६४.

महाजनस्य संसर्गः कस्य नोन्नतिकारकः।

पद्मपत्रस्थितम् तोयम् धत्ते मुक्ताफलश्रियम्॥

[ઉત્તમ માણસોના સંસર્ગમાં આવવાથી કોની ઉન્નતિ થતી નથી. કમળના પુષ્પ પર રહેલું પાણીનું સાધારણ ટીપું પણ સાચા મોતીની જેમ દીપી ઊઠે છે.]

२६५.

महानुभावसंसर्गः कस्य नोन्नतिकारकः ।

रथ्याम्बु जान्हवीसंगात् त्रिदशैरपि वन्द्यते ॥

[મોટા માણસો સાથે રહેવાથી કોની ઉન્નતિ થાતી નથી? ગમે તેવું ગંદુ-ગોબરું પાણી જો ગંગામાં ભળી જાય તો તે પવિત્ર થઈ જાય છે!]

૨૬૬.

मा दद्यात् खलसङ्केषु कल्पनामधुरागिरः।

यथा वानरहस्तेषु कोमलाः कुसुमस्त्रजः॥

[દુષ્ટ માણસને સૌજન્યપૂર્ણ વાણી વડે સમજાવવાનો કોઈ અર્થ નથી. વાંદરાના હાથમાં સુકોમળ પુષ્પનો ગુચ્છ મૂકીએ તો તેથી તેના વર્તનમાં કોઈ ફરક પડે ?]

૨૬૭.

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः।

यत्क्रौञ्चमिथुनादेकम् अवधीः काममोहितम्॥

[વાલ્મિકી રામાયણનો પ્રથમ શ્લોક. કામમોહિત થયેલા ક્રોંચ પક્ષીની જોડીને ખંડિત કરનારા ઓ શિકારી, શાશ્વત સમય સુધી તને અપયશ મળશે. એવું મનાય છે કે ક્રોંચવધ થતો જોઈ તે સમયે તપ કરી રહેલા વાલ્મિકી ઋષિમાં કવિત્વ જાગ્યું અને તેમાંથી રામાયણ મહાકાવ્ય રચાયું.]

૨૬૮.

माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः।

सभामध्ये न शोभते हंसमध्ये बको यथा॥

[જે માબાપ પોતાના સંતાનને ભણાવે નહિ તે તેના દુશ્મન છે. જેમ હંસની વચ્ચે બગલું ન શોભે તેમ આવું અભણ સંતાન સમાજમાં શોભતું નથી.]

૨૬૯.

माता यस्य गृहे नास्ति भार्या चाप्रियवादिनी।

अरण्यं तेन गन्तव्य यथारण्यं तथा गृहम्॥

[જેના ઘરમાં માતા ન હોય અને પત્નિ કર્કષા હોય તેના ઘર અને અરણ્યમાં કોઈ ફરક રહેતો નથી. બહેતર છે કે તેણે ઘર છોડી વનવાસ લઈ લેવો જોઈએ.]

२७०.

मुखं प्रसन्नं विमला च दृष्टिः   कथानुरागोमधुरा च वाणी।

स्नेहोऽधिकः सम्भ्रम दर्शनं च सदानुरक्तस्य जनस्य चिह्नम्॥

[મુખ પર પ્રસન્નતા લહેરાતી હોય, દૃષ્ટિમાં વિમળતા હોય, પ્રિય પાત્ર વિશેની વાત સાંભળવી ગમતી હોય, મોઢેથી મધુર શબ્દ નીકળતા હોય, સૌ પર વહાલ વરસાવાઈ જતું હોય, બેધ્યાન થઈ જવાતું હોય, એ બધા પ્રેમમાં અનુરાગી બની ગયાના લક્ષણ છે.]

૨૭૧.

मुर्खा यत्र न पूज्यते धान्यं यत्र सुसंचितम्।

दंपत्यो कलहः नास्ति तत्र श्रीः स्वयमागतः॥

[જ્યાં મૂર્ખાઓને માન-પાન મળતું નથી, અનાજ અને ખાદ્યપદાર્થ સારી રીતે સાચવીને રાખવામાં આવે છે અને પતિ-પત્ની કંકાસથી દૂર રહે છે ત્યાં સમૃદ્ધિ સામેથી ચાલીને આવે છે.]

૨૭૨.

मूर्खस्य पंच चिह्नानि गर्वो दुर्वचनं तथा।

क्रोधश्च दृधवादश्च परवाक्येष्वनादरः॥

[મૂર્ખ માણસના પાંચ લક્ષણ છે. અભિમાન, અભદ્ર શબ્દોનો ઉપયોગ, ક્રોધ, હું જ સાચો છું એવો દ્રઢ આગ્રહ અને બીજા જે કંઈ કહે તેનો અનાદર કરવો.]

૨૭૩.

मूढः परप्रत्ययमनेय बुद्धिः।

[અક્કલ વિનાના માણસો બીજા પર નભવાની વૃત્તિ ધરાવે છે.]

૨૭૪.

मूलोनास्ति कुतोः शाखा।

[પાયા વિનાની વાત. જે ઝાડને મૂળ જ ન હોય તેને ડાળી ક્યાંથી ફૂટે ?]

૨૭૫.

मौनं स्वीकृतिलक्षणम्।

[જ્યારે કોઈ વાત પર માણસ કોઈ વિરોધ વ્યક્ત કર્યા વિના મૂંગો રહે ત્યારે તે સંમત થાય છે એવું સામાન્યપણે માનવામાં આવે છે.]

૨૭૬.

मृगमीनसज्जनानां तृणजलसंतोषविहितवृत्तीनाम्।

लुब्धकधीवरपिशुनाः निष्कारणमेव वैरिणो जगति॥

[હરણ ઘાસ વડે, માછલી પાણી વડે અને સજ્જનો સંતોષ વડે બીજા કોઈને હેરાન કર્યા વિના જીવે છે છતાંય શિકારી, મચ્છીમારો અને દુર્જનો વિના કારણે તેમના જીવના દુશ્મન થાય છે.]

૨૭૭.

मृगा मृगैः संगमुपव्रजन्ति गावश्च गोभिस्तुरगास्तुरंगैः।

मूर्खाश्च मूर्खैः सुधयः सुधीभिः समानशीलव्यसनेषु सख्यं॥

[હરણ હરણાંની પાછળ દોડે છે, ગાય ગાયની સાથે જાય છે, ઘોડાને ઘોડા ગમે છે. મૂર્ખને મૂર્ખ તથા બુદ્ધિમાનને બુદ્ધિમાન પસંદ પડે છે. જેમની આદત સરખી હોય તેમની વચ્ચે મૈત્રી સર્જાય છે.]

# ય

૨૭૮.

य स्वभावो हि यस्यास्ते स नित्य दुरतिक्रम ।

श्वा यदि क्रियते राजा तत्कि नाश्नात्युपानहम् ॥

[જેવો જેનો સ્વભાવ તે ટાળ્યો ના ટળે

શ્વાન રાજગાદીએ બેસે તોય જોડાં ચાવે!]

૨૭૯.

यत् कर्म कुर्वतः अस्य स्यात् परितोषः अन्तरात्मनः।
तत् प्रयत्नेन कुर्वीत विपरीतं तु वर्जयेत्॥

[જે કામથી અંતરાત્માને સંતોષ અનુભવે તે કામ મહેનત કરીને જરૂર કરવું. એનાથી વિપરીત એટલે કે જે કામ કરવાથી આપણને અફસોસ થાય તે કામ કરવાથી દૂર રહેવું.]

૨૮૦.

यत्र नार्यः तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।
यत्र एताः तु न पूज्यन्ते सर्वास्तत्र अफलाः क्रियाः॥

[મનુસ્મૃતિનું આ કથન છે જેમાં કહેવામાં આવ્યું છે કે જ્યાં સ્ત્રીઓનું માન-સન્માન જળવાતું હોય ત્યાં દેવતા રાજીના રેડ થઈ રહે છે પણ જ્યાં સ્ત્રીઓને સન્માન ન અપાય ત્યાં કરેલા બધાં ધાર્મિક ક્રિયાકાંડ નિષ્ફળ જાય છે.]

૨૮૧.

यथा खरः चन्दनभारवाही भारस्य वेत्ता न तु चन्दनस्य।
एवं हि शास्त्राणि बहून्यधीत्य अर्थेषु मूढाः खरवद्वहन्ति॥

[ચંદન ઉપાડી લઈ જતો ગધેડો માત્ર બોજ ઉપાડી લઈ જતો હોય છે, ચંદન નહિ કેમકે ચંદન શું છે તેની તેને ખબર જ હોતી નથી તેમ ગોખણપટ્ટી કરી સમજ્યા વિના શાસ્ત્ર ભણી ગયેલા લોકો ગધેડાની માફક માત્ર જ્ઞાનનો બોજ ઉપાડી ફર્યા કરે છે.]

૨૮૨.

यथा देशस्तथा भाषा यथा राजा तथा प्रजा।
यथा भूमिस्तथा तोयं यथा बीजस्तथांकुरः॥

[જેવો દેશ તેવી ભાષા, જેવો રાજા તેવી પ્રજા. જેવી ભૂમિ તેવું પાણી અને જેવું બીજ તેવો અંકુર.]

૨૮૩.

यथा बीजं विना क्षेत्रम् उप्तं भवति निष्फलम्।

तथा पुरुष कारेण विना दैवं न सिध्यति॥

[જેમ ખેતરને સારી રીતે ખેડ્યા વિના બીજ વાવી દઈએ તો તે ઊગતું નથી તેમ આપણા નસીબમાં લખેલી ચીજ પણ મહેનત કર્યા વિના મળતી નથી.]

૨૮૪.

यथा मधु समादत्ते रक्षन् पुष्पाणि षट्पदः।

तद्वदर्थान् मनुष्येभ्यः आदद्यात् अविहिंसया॥

[જેમ ભ્રમર પુષ્પોની પૂરતી સંભાળ રાખીને હળવેથી તેની પાસેથી મધ ખેંચે છે તેમ પ્રજા પાસેથી તેને ત્રાસ આપ્યા વિના કરવેરા વડે ધન એકઠું કરવું જોઈએ.]

૨૮૫.

यथा शिखा मयूराणां नागानां मणयो यथा।

तद् वेदांगशास्त्राणां गणितं मूर्ध्नि वर्तते॥

[જેમ મોરના માથે કલગી શોભે છે અને અને નાગના મસ્તક પર મણિ ઝગમગે છે તેમ વેદાંગશાસ્ત્રમાં ગણિત ટોચના સ્થાને બિરાજે છે.]

૨૮૬.

यथा हि एकेन चक्रेण न रथस्य गतिर्भवेत्।

एवं पुरूषकारेण विना दैवं न सिध्यति॥

[નસીબના માત્ર એક પૈડાંને આધારે જીવનનો રથ ન ચાલે. એની સાથે મહેનતનું બીજું પૈડું જોડાય ત્યારે જ ગાડી આગળ દોડે.]

२८७.
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारतः।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

परित्राणाय साधूनां विनाशाय च दुश्कृताम्।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे॥

[ભગવદ્ ગીતામાં ભગવાનનું વચન. જ્યારે જ્યારે ધર્મની જ્યોત ઝાંખી પડશે ત્યારે ધર્મના ઉદ્ધાર માટે હું મારું સર્જન કરીશ. સજ્જનોના રક્ષણ માટે અને ખોટા કાર્યો કરનારાના નાશ માટે તથા ધર્મને ફરી સ્થાપિત કરવા માટે હું યુગે યુગે અવતાર ધારણ કરીશ.]

२८८.
यद्यपि चन्दनविटपी विधिना फलकुसुमवर्जितो विहितः।
निजपषैव स परेषां सन्तापमपनयति॥

[ભગવાને ચંદનના ઝાડને ન ફળ આપ્યા છે ન ફૂલ. પણ તોય ચંદનવૃક્ષ પોતાના શરીર વડે બીજાના સંતાપ દૂર કરે છે. પરોપકારના કામ કરવા હોય ત્યારે આપણી પંગુતાનો વિચાર ન કરવા ન બેસાય.]

२८९.
यस्तु सञ्चरते देशान् सेवते यस्तु पण्डितान्।
तस्य विस्तारिता बुद्धिस्तैलबिन्दुरिवाम्भसि॥

[જે માણસ દેશવિદેશનું પર્યટન કરે છે, જ્ઞાની-પંડિતો પાસે જઈ તેની વાત સાંભળે છે તેની બુદ્ધિ પાણી પર પડેલા તેલના ટીપાંની માફક વિસ્તાર પામે છે.]

૨૯૦.

यस्तु सर्वाणि भूतान्यात्मनेवानुपश्यति।

सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते॥

यस्य सर्वाणिभूतान्यात्मैवाभद्विजानतः।

तत्र को मोहः कः शोकः एकत्व मनुपश्यतः ॥

[ઈશાવાસ્ય ઉપનિષદનું બ્રહ્મજ્ઞાનઃ જે એવું વિચારી શકે કે આ જગતના સર્વ જીવમાં હુ છું અને મારામાં સર્વ જીવ સમાયેલા છે તે અભય પ્રાપ્ત કરે છે. જેમના માટે જગતના સર્વે જીવ પોતાના આત્મા જેવા છે એવા એકત્વદર્શીને મોહ કે શોક સ્પર્શી શકતા નથી.]

૨૯૧.

यस्मिन् देशे न सम्मानो न प्रीतिर्न च बान्धवाः।

न च विद्याऽऽगमः कश्चित् तं देशं परिवर्जयेत्॥

[જે દેશમાં આપણું માન ન જળવાતું હોય, આપણા માટે કોઈને લાગણી ન હોય, કોઈ સગા-સંબંધી હોય અને ન તો કંઈ શીખવા-જાણવા મળતું હોય તે દેશને વહેલી તકે છોડી દેવો જોઈએ.]

૨૯૨.

यस्य चित्तं निर्विषयं हृदयं यस्य शीतलम्।

तस्य मित्रं जगत् सर्व तस्य मुक्तिः करस्थिता ॥

[આ શંકરાચાર્યનું કથન છે. જેનું ચિત્ત કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરથી મુક્ત છે અને જેનું હ્રદય શીતળ છે એટલે કે કોઈ પણ પ્રકારના ઉકળાટ કે ઉદ્વેગ વિનાનું છે તેના માટે આખું જગત મિત્ર સમાન બને છે અને મોક્ષ તો તેની હાથની મુઠ્ઠીમાં રહે છે.]

૨૯૩.

यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम्।

लोचनाभ्यां विहीनस्य दर्पणः किं करिष्यति॥

[જે માણસ પાસે પોતાની બુદ્ધિ જ ન હોય તેને શાસ્ત્રનું જ્ઞાન શું શિખવી શકે ? જો માણસ પાસે જોવા માટે આંખ જ ન હોય તો તેમાં અરીસો શું કરી શકે ?]

૨૯૪.

यस्य मित्रेण संभाषा यस्य मित्रेण संस्थिति।
मित्रेण सह यः भुंक्ते ततः नास्ति तु पुण्यवान्॥

[જેને મિત્રો સાથે રહેવા મળે, જમવા મળે, ને રસપૂર્ણ વાતો કરવા મળે તેના કરતાં વધુ નસીબદાર કોઈ નથી.]

૨૯૫.

यस्यास्ति वित्तं स वरः कुलीनः स पण्डितः स श्रुतवान् गुणज्ञः।
स एव वक्ता स च दर्शनीयः सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते॥

[જે મુરતિયા પાસે ધન હોય તે આપમેળે સારા કુળનો, જ્ઞાની, સુશિક્ષિત અને ગુણોનો જાણકાર બની જાય છે. તે જ સારો વક્તા અને દર્શનલાયક ગણાય છે. બધા ગુણ સુવર્ણમાં આવી સમાઈ જાય છે -ભર્તૃહરિકૃત નીતિશતક.]

૨૯૬.

यः पठति लिखति पश्यति परिपृच्छति पण्डितान् उपाश्रयति।
तस्य दिवाकरकिरणैः नलिनीदलमिव विस्तारिता बुद्धिः॥

[જે માણસ વાંચે છે, લખે છે, બારીકાઈથી નિરીક્ષણ કરે છે, જાણકારી મેળવવા પૂછ પૂછ કરે છે અને પંડિતો એટલે નિષ્ણાતો પાસેથી શીખે છે તેમની સમજણ શક્તિ સૂરજનું કિરણ પડતાં જેમ કમળ ખીલી ઊઠે તેમ વિસ્તૃત બને છે.]

૨૯૭.

या पाणिग्रहलालिता सुसरला तन्वी  सवंशोद्भवा

गौरी स्पर्शसुखावहा गुणवती नित्यं मनोहारिणी।

सा केनापि हृता तया विरहितो गन्तुम् न शक्नोम्यहम्

रे भिक्षो तव कामिनी ? न हि न हि प्राणप्रिया यष्टिका !

[હસ્તમેળાપ થયો પછી મેં જેને લાડથી રાખી હતી; જે સીધી-સરળ, પાતળી, સારા વંશની હતી; ગોરી, સુખદ સ્પર્શ આપનારી, ગુણવાન અને નિત્ય સુંદર દેખીતી હતી; તેને કોઈ ઉપાડી ગયું છે. તેના વિના મારાથી બે ડગલા ચલાતું પણ નથી. હે ભિક્ષુક, શું એ તારી પત્ની હતી? ના, ના, એ તો મારી પ્રાણપ્રિય લાકડી હતી !]

૨૯૮.

यावच्चंद्रदिवाकरौ।

[જ્યાં સુધી ચંદ્ર અને સૂરજ રહે ત્યાં સુધી.]

૨૯૯.

यावत् जीवेत् सुखेन जीवेत् ऋणं कृत्वा घृतं पिबेत् ।

भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥

[નાસ્તિકતાવાદી ચાર્વાક ઋષિનું વિખ્યાત સૂત્રઃ જ્યાં સુધી જીવો ત્યાં સુધી સુખેથી જીવો. દેવું કરીને પણ ઘી પીઓ એટલે કે થાય તેટલી મજા માણી લો. આ દેહને જ્યારે બાળી નાખવામાં આવે ત્યારે એ પાછો ક્યાંથી આવવાનો છે ? ]

૩૦૦.

ये च मूढतमा: लोके ये च बुद्धे: परं गता:। ते एव सुखम् एधन्ते मध्यम: क्लिश्यते जन:॥

[મહાભારતનું કથન છે. આ જગતમાં બે જ પ્રકારનો લોકો સુખી છે. એક તો જે ખરેખર બુદ્ધિમાન છે, જેમની પાસે સાચું જ્ઞાન છે, સાચી સમજ છે. બીજા એવા લોકો કે જેઓ તદ્દન અબુધ છે, જેમની પાસે તલભાર અક્કલ કે સમજ નથી. આખી દુનિયાના બધા દુઃખનો ભાર આ બે વર્ગની વચ્ચે રહેલા લોકોએ ઉપાડવો રહે છે !]

૩૦૧.

येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्मः।

ते मर्त्यलोके भुविभारभूता मनुष्यरूपेण मृगाश्चरन्ति॥

[જે માણસ પાસે વિદ્યા નથી, તપ નથી, દાન નથી, સદાચાર નથી, ગુણ નથી, ધર્મ નથી એનું આ જગતમાં કામ શું છે ? આવા માણસો ધરતી માટે ભારરૂપ છે. ખરી રીતે જોતાં આ લોકો માણસનું રૂપ લઈ હરતા ફરતા પશુ જ છે -ભર્તૃહરિકૃત નીતિશતક.]

૩૦૨.

यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते।

ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च॥

[ભગવદ્ ગીતાનો ઉપદેશ: જે લોકો શાશ્વત સુખને છોડી ક્ષણિક સુખની પાછળ દોડે છે તેમના શાશ્વત સુખ નષ્ટ થાય છે અને ક્ષણિક સુખ તો નષ્ટ થવાના જ છે.]

૩૦૩.

योगः कर्मसु कौशलम्।

[ભગવદ્ ગીતાનું કથન: આપણે જે કાર્ય કરતા હોઈએ તે કુશળતાપૂર્વક કરવું તે યોગ છે.]

૩૦૪.

यौवनं धनसंपत्तिः प्रभुत्त्वमविवेकिता।

एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम्॥

(હિતોપદેશ)

[જોબન સંપત ઠાકરી, વળી ઉમેરણમાં અવિવેકી જાત

એકેકું અનરથ કરે ત્યાં ચારની ક્યાં જઈ પહોંચે વાત !]

## ૨

૩૦૫.

रम्याणि वीक्ष्य मधुरांश् च निशम्य शब्दान्
पर्युत्सुकी भवति यत् सुखेतेऽपि जन्तुः।
तच् चेतसा स्मरति नूनम् अबोधपूर्वं
भाव स्थिराणि जननान्तर सौहृदानि॥

(અભિજ્ઞાન શાકુંતલમ્ અંક - પાંચમો)

[નિહાળી કશું રમણીય ને સૂણી કો નિ:શબ્દ મીઠું ગાન
કદી અલિપ્તજનને હૈયે પણ જાગે કુતુહલનું તોફાન
સ્મૃતિઓ ઊભરે અદીઠ અજાણી મનને કંઈ નવ સમજાય
તાણવાણા કો પૂર્વ જન્મના જાણે વણાય ને વિખરાય]

૩૦૬.

रम्यान्तरः कमलिनीहरितैः
सरोभिश्छायाद्रुमैर्नियमितार्कमयूखतापः।
भूयात्कुशेशयरजोमृदुरेणुरस्याः
शान्तानुकूलपवनश्च शिवश्च पन्थाः॥

(અભિજ્ઞાન શાકુંતલમ્ - અંક ચોથો)
[માર્ગ બને રમણીય તારો ખીલ્યા હરિત કમળ ભરેલો
તાપ ન પહોંચે તારા સુધી રહેજો સૂર્ય વન ટોચ સૂતેલો
તારા હળવા પદરવથી ન ઊડજો રજ જરી યે કાળી
પગ નીચે પથરાઈ રહેજો વનની અખંડ હરિયાળી
વહેજો પવન શાંત મજાનો હો રસ્તો સુખ શાંતિ ભરેલો]

૩૦૭.

राजा राष्ट्रकृतं पापं राज्ञः पापं पुरोहितः।

भर्ता च स्त्रीकृतं पापं शिष्यपापं गुरुस् तथा॥

[જો એક દેશ કે રાષ્ટ્ર ખોટું કામ કરે તો તેનો રાજા ખરો ગુનેગાર ગણાય. જો રાજા ખોટું કામ કરે તો તેના સલાહકાર કે મંત્રીઓ ખરા ગુનેગાર છે. સ્ત્રી ખોટું કામ કરે તો તેનો પતિ સાચો અપરાધી છે અને જો શિષ્ય પાપ કરે તો તે પાપ માટેની બધી જવાબદારી તેના ગુરુની છે.]

૩૦૮.

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं

भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः।

इत्थं विचिन्तयति कोषगते द्विरेफे

हा हन्त हन्त नलिनीं गज उज्जहार॥

[સાંજ પડ્યે કમળનું પુષ્પ બીડાઈ જતાં રસનો લોભી ભમરો અંદર કેદ થઈ જાય છે અને વિચાર કરે છે કે રાત પૂરી થઈ જશે, સુંદર સવાર પડશે, સૂર્ય ઊગશે, કમળ હસતું હસતું ખીલશે. પણ અરેરે, ત્યાં હાથી આવીને કમળને ઉખાડી ફેંકી દે છે. આ શ્લોકનો ભાવાર્થ એવો છે કે આપણાં સપનાઓ અને વાસ્તવિકતા તદ્દન જુદા હોય એવું પણ બને છે.]

## લ

૩૦૯.

लक्ष्मीर्वसति जिह्वाग्रे जिह्वाग्रे मित्रशात्रवः।

जिह्वाग्रे बन्धमोक्षौ च जिह्वाग्रे मरणं ध्रुवम्॥

[ભોજનમાં અને બોલવામાં જીભનો ઉપયોગ કરતી વખતે એ યાદ રાખવું ઘટે છે કે જીભના ટેરવા પર લક્ષી વસે છે, મિત્ર અને શત્રુ પણ જીભના ટેરવે સર્જાય છે, નસીબ સંયોગે જીવનમાં મળતા બંધન-મોક્ષમાં પણ જીભનું ટેરવું સારો એવો ફાળો આપે છે અને જીભનો દુરુપયોગ આપણા જીવનનો અંત પણ આણી શકે છે.]

૩૧૦.
लभेत सिकतासु तैलमपि यत्नतः पीडयन्
पिबेच्च मृगतृष्णिकासु सलिलं पिपासार्दितः।
कदाचिदपि पर्यटन् शशविषाणमासादयेत्
न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत्॥

[ખૂબ મહેનત કરીએ તો કદાચ રેતીમાંથી તેલ કાઢી શકાય, શક્ય છે કે તરસ્યો મુસાફર મૃગજળનું પાણી પી શકે, કદાચ ફરતાં ફરતાં કોઈ સસલાને માથે શિંગડાં ઊગેલા જોવા મળે પરંતુ ગમે તે કરવા છતાં મૂરખ માણસને ખુશ ન કરી શકાય.]

૩૧૧.
लालयेत् पंचवर्षाणि दशवर्षाणि ताडयेत्।
प्राप्ते तु षोडशे वर्षे पुत्रे मित्रवदाचरेत्॥

[સંતાન પ્રથમ પાંચ વર્ષ સુધી લાડકોડનું અધિકારી ગણાય. તેને તેની ભૂલની કોઈ સજા ન હોય. પછીના દશ વર્ષ સુધી તેને નિયમપાલનનું મહત્વ સમજાવવું રહે છે અને તેનું ખોટું વર્તન સજાપાત્ર બને છે. પણ સંતાન જ્યારે સોળ વર્ષનું થાય ત્યારે મા-બાપે તેને મિત્રનો દરજ્જો આપવો જોઈએ.]

૩૧૨.
लोभाविष्टो नरो वित्तम् वीक्ष्यते न तु संकटम्।
दुग्धं पश्यति मार्जारी न तथा लगुडाहतिम्॥

[લાલચમાં લપટાઈ ગયેલા માણસને પૈસા દેખાય છે પણ સંકટ દેખાતું નથી. બિલાડીને દૂધ દેખાય છે પણ આપણા હાથમાં રહેલી લાકડી દેખાતી નથી.]

## વ

૩૧૩.

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि।

लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति॥

[વજ્રથી વધુ કઠોર અને પુષ્પથી પણ વધુ કોમળ એવા મહાપુરુષોના મનમાં શું હોય તે કોણ સમજી શકે ?]

૩૧૪.

वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः।

करणं परोपकरणं येषां केषां न ते वंन्द्या॥

[જેના ચહેરા પર હાસ્ય રમતું હોય, હૃદયમાં અનુકંપા ભરેલી હોય, મોઢામાંથી વાત્સલ્યભરેલી વાણી ઝરતી હોય અને જે કામ પરોપકારના કરતો હોય તે કોનો વંદનીય ન બને ?]

૩૧૫.

वनानि दहतो वह्ने सखा भवति मारुतः।

स एव दीपनाशाय कृशे कस्यस्ति सुहृदम्॥

[પવન વનમાં જોરદાર સળગતા અગ્નિનો મિત્ર બને છે. તેને ટેકો આપે છે, મદદ કરે છે. તે જ પવન નાના સળગતા દીવડાને બૂઝાવી નાખે છે. નબળાનું મિત્ર કોણ બને ?]

૩૧૬.

वनेऽपि सिंहा मृगमांसभक्षिणो बुभुक्षिता नैव तृणं चरन्ति।

एवं कुलीना व्यसनाभिभूता न नीचकर्माणि समाचरन्ति॥

[સિંહને ગમે તેટલી ભૂખ લાગે પણ તે ઘાસ ખાતો નથી. વનમાં રહીને માત્ર હરણનો આહાર કરે છે. સુસંસ્કારી માણસો સંકટકાળમાં પણ પોતાને શોભે નહિ તેવું કામ ન કરે.]

૩૧૭.

वयमिह परितुष्टा वल्कलैस्त्वं दुकूलैः
सम इह परितोषो निर्विशेषो विषेशः।
स तु भवतु दरिद्रो यस्य तृष्णा विशाला
मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः॥

[સંન્યાસી રાજાને કહે છે: અમે વલ્કલ પહેરીને સંતુષ્ટ છીએ. તું કિંમતી વસ્ત્રો ધારણ કરીને. અમારો સંતોષ તારા જેટલો જ છે. મનની ઇચ્છાઓની વણઝાર જ માણસને ગરીબ બનાવે છે. જેનું મન સંતોષી હોય તેને માટે ગરીબાઈ કે શ્રીમંતાઈ એવા શબ્દોનો કોઈ અર્થ નથી -ભર્તૃહરિકૃત વૈરાગ્યશતક.]

૩૧૮.

वयोवृद्धास्तपोवृद्धा ज्ञानवृद्धास्च ये परे ।
ते सर्वे धनवृद्धस्य द्वारे तिष्ठन्ति किंकराः ॥

[વયોવૃદ્ધ કરતાં તપોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ માણસો ચડિયાતા લેખાય પણ ધનવૃદ્ધોના આંગણામાં તો તેઓ ચાકર જેવાં લાગે!]

૩૧૯.

वागर्थाविव सम्पृक्तौ वागर्थप्रतिपत्तये।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ॥

[રઘુવંશનો પ્રથમ શ્લોક. આખું થોથું લખી શકાય તેટલી વાત મહાકવિ કાલિદાસે બે પંક્તિમાં કહી છે. વાણી અને તેના અર્થની જેમ એક બીજાથી અલગ છતાં વાણી અને તેના અર્થની માફક એક બીજામાં ઓતપ્રોત થઈ ગયેલા, હે જગતના જનક પાર્વતી-પરમેશ્વર, તમને વંદન હો. વાણી અને તેના અર્થનું ભિન્નપણું અને અભિન્નપણું બન્ને સમજાવતો આવો શ્લોક કાલિદાસ જ લખી શકે.]

૩૨૦.

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि।

तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही॥

[ભગવત ગીતાનો સૌથી વધુ સચોટ દાખલો આપતો શ્લોક. જેમ માણસો જૂના થઈ ગયેલા કપડા છોડી દઈ નવા કપડાં પહેરે છે તેમ આત્મા પણ જૂનું શરીર છોડી નવો દેહ ધારણ કરે છે.]

૩૨૧.

विकृतिं नैव गच्छन्ति संगदोषेण साधवः।

आवेष्टितं महासर्पैश्चंदनं न विषायते॥

[જેમ મહાસર્પથી વીંટળાયેલું ચંદનનું વૃક્ષ ઝેરી બની જતું નથી તેમ ખરો સાધુ સંગદોષ કરે તો પણ વિકૃત બનતો નથી.]

૩૨૨.

विजेतव्या लङ्का चरणतरणीया जलनिधिः

विपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः।

तथाप्येको रामः सकलमवधीद्राक्षसकुमम्

क्रियासिद्धिः सत्वे भवति महतां नोपकरणे॥

[લંકા પર વિજય મેળવવાનો હતો, પગેથી ચાલીને દરિયો પાર કરવાનો હતો, પુલસ્ત્ય ઋષિના પુત્ર રાવણ સાથે લડવાનું હતું, મદદમાં માત્ર વાનરસેના હતી. આમ છતાં એકલા રામ સમગ્ર રાક્ષસકુળનો નાશ કરી શક્યા. કામની સફળતા બહારના સાધનો પર નહિ પણ આપણી અંદરની તાકાત પર આધાર રાખે છે.]

૩૨૩.

वित्ते त्यागः क्षमा शक्तौ दुःखे दैन्यविहीनता।

निर्दम्भता सदाचारे स्वभावः अयं महात्मनाम्॥

[સમૃદ્ધિ આવે ત્યારે ત્યાગ, તાકાત મળે ત્યારે ક્ષમા, દુ:ખ આવી પડે ત્યારે લાચારીનો અભાવ અને સદાચાર આચરતી વખતે કોઈ દંભ-દેખાડાનો અભાવ એ સજ્જન મહાપુરુષોના સ્વભાવમાં જન્મજાત હોય છે.]

૩૨૪.

विदेशेषु धनं विद्या व्यसनेषु धनं मतिः।
परलोके धनं धर्मः शीलं सर्वत्र वै धनम्॥

[પરદેશમાં આપણું ખરું ધન વિદ્યા બને છે. સંકટકાળમાં સુબુદ્ધિ આપણું ધન બને છે. પરલોકમાં ધર્મ આપણી સંપત્તિ બને છે. સદાચાર સર્વત્ર સંપત્તિરૂપ પુરવાર થાય છે.]

૩૨૫.

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं
विद्या भोगकरी यशः सुखकरी विद्या गुरूणां गुरुः॥
विद्या बन्धुजनो विदेशगमने विद्या परा देवता
विद्या राजसु पूज्यते न हि धनं विद्याविहीनः पशुः॥

[વિદ્યા માણસની સૌથી મોટી સુંદરતા છે. વિદ્યા ખૂબ સલામત એવું અપ્રગટ ધન છે. વિદ્યા સમૃદ્ધિ, પ્રતિષ્ઠા અને સુખ લઈ આવે છે. વિદ્યા ગુરુની ગુરુ છે. પરદેશમાં વિદ્યા સગા ભાઈની જેમ મદદ કરે છે. વિદ્યા પરમ દેવતા છે. રાજાઓ પણ ધનની નહિ વિદ્યાની પૂજા કરે છે. વિદ્યા વિનાનો માણસ સાક્ષાત પશુ સમાન છે -ભર્તૃહરિકૃત નીતિશતક .]

૩૨૬.

विद्या विवादाय धनं मदाय खलस्य शक्तिः परपीडनाय।
साधोस्तु सर्वं विपरीतमेतद् ज्ञानाय दानाय च रक्षणाय॥

[દુર્જન માણસ વિદ્યાનો ઉપયોગ વિવાદ કરવા માટે, ધનનો ઉપયોગ અભિમાન કરવા માટે અને શક્તિનો ઉપયોગ બીજાને ત્રાસ આપવા માટે કરે છે. સજ્જનોનું તેથી ઊલટું વર્તન હોય છે. તેઓ વિદ્યા જ્ઞાન માટે, ધન દાન માટે અને શક્તિ રક્ષણ કરવા માટે ઉપયોગમાં લે છે.]

૩૨૭.

विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन।
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते॥

[વિદ્વતાની અને રાજવીપણાંની સરખામણી ન થઈ શકે. રાજા માત્ર તેના રાજમાં પૂજાય પણ વિદ્વાન માણસ તો જ્યાં જાય ત્યાં પૂજાય.]

૩૨૮.

विरला जानन्ति गुणान् विरलाः कुर्वन्ति निर्धने स्नेहम्।
विरला परकार्यरताः परदुःखेनापि दुःखिता विरलाः॥

[બહુ ઓછા માણસ બીજાનાં ગુણને પારખી શકે છે, ગરીબ માણસો પર પ્રેમભાવ બહુ ઓછા રાખી શકે છે, બહુ ઓછા માણસ બીજાનું કામ કરી આપે છે અને વિરલ માણસો જ બીજાના દુઃખે દુઃખી તો થાય છે.]

૩૨૯.

विषादप्यमृतं ग्राह्मं बालादपि सुभाषितम्।
अमित्रादपि सद्वृत्तं अमेध्यादपि कांचनम्॥

[ઝેરમાંથી અમૃત મળતું હોય તે લઈ લેવું જોઈએ, એક નાના બાળક પાસેથી પણ જો કોઈ બોધવાક્ય સાંભળવા મળે તો તેનો સ્વીકાર કરી લેવો જોઈએ, દુશ્મન પાસેથી પણ સદ્‌ગુણ ગ્રહણ કરવા મળે તો ગ્રહણ કરી લેવા જોઈએ. સોનાને કોઈ સંજોગોમાં તરછોડાય નહિ ભલે તે કચરાની વચ્ચે પડ્યું હોય.]

૩૩૦.

विहाय पौरुषं यो हि दैवमेवावलम्बते।
प्रासादसिंहवत् तस्य मूर्ध्नि तिष्टंति वायसाः॥

[જે લોકો પુરુષાર્થ છોડી ભાગ્ય પર આધાર રાખતા થઈ જાય છે તેનો અંજામ કેવો આવે છે? તેઓ મહેલ પરના શિલ્પમાં જે સિંહ કોતરેલા હોય છે એના જેવા થઈ જાય છે. આ કોતરેલા સિંહના માથે બેસીને કાગડા ચરકી જાય તો પણ તે કંઈ કરી શકતા નથી!]

૩૩૧.

वीरभोग्या वसुन्धरा।

[જમીનનો ભોગવટો બહાદૂર માણસ જ કરી શકે.]

૩૩૨.

वृथा वृष्टिः समुद्रेषु वृथा तृप्तेषु भोजनम्।

वृथा दानं धनाढ्येषु वृथा दीपो दिवाऽपि च॥

[દરિયામાં વરસાદ પડે તે નકામો જાય. જેનું પેટ ભરેલું છે તેને ખવડાવવાનો કોઈ અર્થ નથી. જેની પાસે ધનના ઢગલા હોય તેને દાન આપવાથી શું વળે ? જ્યાં ખૂબ અજવાળું હોય ત્યાં દીવા ન સળગાવાય.]

૩૩૩.

वृच्छिकस्य विषं पृच्छे मक्षिकायाः मुखे विषम्।

तक्षकस्य विषं दन्ते सर्वांगे दुर्जनस्य तत्॥

[વીંછીનું ઝેર એની પૂંછડીમાં હોય છે. માખીના મોઢામાં ઝેર હોય છે, સાપના દાંતમાં ઝેર હોય છે પણ દુર્જનના દરેકેદરેક અંગમાં ઝેર ભરેલું હોય છે.]

૩૩૪.

वैद्यराज नमस्तुभ्यं यमराजसहोदर।

यमस्तु हरति प्राणान् वैद्यो प्राणान् धनानि च॥

[ચેતવણીઃ નબળું હ્રદય ધરાવતા દાક્તરોએ આ જોખમી પ્રાચીન સુભાષિત વાંચવું નહિ ! હે વૈદરાજ, તને પગે લાગીએ છીએ. તું આમ તો જમરાજાનો ભાઈ છો પણ જમરાજા કરતાં ક્યાંય ચડી જાય તેવો છે. જમરાજા તો માત્ર પ્રાણ લઈને ચાલતા થાય છે પણ તું તો અમારો પ્રાણ અને પૈસા બન્ને લીધા પછી જ અમને છોડે છે !]

૩૩૫.

वाक्यं रसात्मकं काव्यम्।

[કવિતાની સૌથી ટૂંકી ને સૌથી અસરકારક વ્યાખ્યા. રસથી સભર વાક્ય એટલે કાવ્ય.]

૩૩૬.

विभूषणं शीलसमं न चान्यत् ।

[સારા ચારિત્ર જેટલું શોભાયમાન આભૂષણ બીજું કોઈ હોતું નથી..]

૩૩૭.

वृथा वृष्टिः समुद्रेषु वृथा तृप्तस्य भोजनम् ।

वृथा दानम् समर्थस्य वृथा दीपो दिवाऽपि च ॥

[દરિયામાં વરસાદ પડે એ શું કામનો? જેનું પેટ ભરેલું છે એને ખાવાનું આપવાનો શું ફાયદો? સમૃદ્ધ માણસને આપેલું દાન નકામું જ જાય. આ બધું તો ધોમ તડકામાં દીવો સળગાવવા જેવું છે.]

૩૩૮.

व्यापारे वसते लक्ष्मी।

[ચીજવસ્તુની આપ-લે કરવાથી સમૃદ્ધિ સર્જાય છે.]

૩૩૯.

व्यासोच्छिष्टं जगत् सर्वं।

[જગત આખું વ્યાસના મોંમાંથી બહાર આવ્યું છે. મહાભારત મહાકાવ્ય રચનાર વ્યાસ મુનિની પ્રશંસા માટે આ વાક્ય કહેવામાં આવે છે. તેનો ભાવાર્થ એવો છે કે તત્વજ્ઞાન અને માનવ સંબંધનો એકેય વિષય એવો નથી કે જેની મહાભારતમાં ચર્ચા છણાવટ ન થઈ હોય. આથી હવે જગતમાં કદી ન ઉપસ્થિત કરવામાં આવી હોય તેવી એક પણ વાત રહી નથી.]

# શ

૩૪૦.

शठे शाठ्यं समाचरेत्।

[બીજાને છેતરનારાને છેતરવો એ જ સાચો ઉપાય છે.]

૩૪૧.

शतेषु जायते शूरः सहस्रेषु च पंडितः।

वक्ता दशसहस्रेषु दाता भवति वा न वा॥

[દર સો માણસે એકાદ શૂરવીર મળી આવે. એક હજાર માણસે એકાદ જાણકાર પંડિત મળે. દશ હજાર માણસોમાંથી એકાદ સારો વક્તા પાકે. પણ દાતા તો ગમે તેટલું શોધો, જવલ્લે જ મળે.]

३४२.

शनैः पन्थाः शनैः कन्थाः शनैः पर्वतमस्तके ।

शनैः विद्या शनैः वित्तं पञ्चैतानि शनैः शनैः ॥

[ધીમે ધીમે પંથ કપાય, ધીમે ધીમે કંથા (ગોદડી) સીવાય, ધીમે ધીમે પર્વતની ટોચે પહોંચાય, ધીમે ધીમે વિદ્યા પ્રાપ્ત થાય અને ધીમે ધીમે ધન ભેગું થાય. આ પાંચે કામ ધીરજ અને ખંત રાખીને કરવા જોઈએ.]

૩૪૩.

शान्तितुल्यं तपो नास्ति तोषान्न परमं सुखम्।

नास्ति तृष्णापरो व्याधिर्न च धर्मो दयापर॥

[શાંતિ સમાન કોઈ તપ નથી. સંતોષ સમાન કોઈ સુખ નથી. તૃષ્ણા સમાન કોઈ વ્યાધિ નથી અને દયા સમાન કોઈ ધર્મ નથી.]

૩૪૪.

शास्त्राण्यधीत्यापि भवन्ति मूर्खा यस्तु क्रियावान्पुरुषः स विद्वान्।

सुचिन्तितं चौषधमातुराणां न नाममात्रेण करोत्यरोगम्॥

[શાસ્ત્રોનું ભણતર ભણ્યા પછી પણ હતા એવા મૂરખના મૂરખ રહી જવાય. વિદ્વાન બનવા માટે તો શાસ્ત્રોને જીવનમાં ઉતારવા પડે. માત્ર સારી સારી દવાના નામ બોલ્યા કરવાથી કંઈ થોડો રોગ મટી જાય?]

૩૪૫.

शिर: शार्वं स्वर्गात्पततिशिरसस्तत् क्षितिधरं

महीधादुत्तुङ्गादवनिमवनेश्चापि जलधिम्।

अधोऽधो गङ्गेयं पदमुपगता स्तोकमथवा

विवेकभ्रष्टानां भवति विनिपात: शतमुख:॥

[સ્વર્ગમાંથી ઉતરેલી પવિત્ર ગંગા શંકર ભગવાનની જટા પર પડે છે. ત્યાંથી હિમાલયના પહાડો પર અને પછી પડતી પડતી સપાટ મેદાનોમાં જઈ છેવટે સમુદ્રમાં વિલીન થઈ જાય છે. આમ ગંગા નદી એક વખત નીચે પડ્યા પછી વધુ ને વધુ નીચે પડતી જાય છે. એવું જ માણસોનું છે. એક વખત સાનભાન ચૂકો પછી તમારું સેંકડો રીતે અધપતન થાય છે.]

૩૪૬.

शिशुर्वा शिष्या वा यदसि मम तत् तिष्ठतु तथा
विशुद्धेः उत्कर्षः त्वयी तु मम भक्ति दृढयसि।
शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्यासि जगतो
गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः॥

[જનક રાજા પોતાની પુત્રી સીતાને કહે છે: તું મારું બાળક હો કે મારી શિષ્યા. જે હો તે ભલે રહી. તેં તારામાં જે વિશુદ્ધિ વિકસાવી છે તેને લીધે મારી તારામાં ભક્તિ દૃઢ થાય છે. તું બાળક હો કે નારી હો, પણ જગત આખા માટે વંદનીય છે કેમકે ગુણવાનોની પૂજા તેના માત્ર ગુણના કારણે કરવી રહે છે- એમાં ન તો તેની ઉમર જોવાય કે પછી તે સ્ત્રી છે કે પુરુષ એવું કંઈ જોવાય.]

૩૪૭.

शुकवत् भाषणं कुर्यात् बकवत् ध्यानं आचरेत् ।
अजवत् चर्वणं कुर्यात् गजवत् स्थानं आचरेत् ॥

[પોપટ જેવી મીઠી વાણીથી વાત કરાય અને બગલાની જેમ એક ચિત્તે ધ્યાન ધરાય. બકરીની જેમ શાંતિથી ચાવી ચાવીને ખાવું જોઈએ અને હાથીની જેમ અડગપણે પોતાનું સ્થાન જાળવી રાખવું જોઈએ.]

૩૪૮.

शुभस्य शीघ्रं।

[સારા કામમાં કોઈની રાહ ન જોવાય. તે ફટાફટ કરી નાખવું.]

૩૪૯.

शुभास्ते पन्थानः संतु।

[તારો પંથ શુભ બનો.]

૩૫૦.

शूरं त्यजामि वैधव्यादुदारं लज्जया पुनः।

सापत्न्यात् पण्डितमपि तस्मात कृपणमाश्रते॥

[લક્ષ્મીજીને કોઈએ પૂછ્યું કે તમે લોભિયાના ઘરમાં શા માટે રહો છો? લક્ષ્મીજી કહે છે - હું શૂરવીરને ત્યાં રહીને શું કરું. એ તો ગમે ત્યારે ગમે ત્યાં પોતાનું માથું કપાવી નાખશે પછી મારું રક્ષણ કોણ કરશે? ઉદાર-દાનવીરને ત્યાં રહીને શું ફાયદો. એ મારું રક્ષણ કરાવાને બદલે મને ગમે તે માણસને દાનમાં આપી દેશે. પંડિતો તો સરસ્વતીનું ધ્યાન રાખવાનું છોડીને ઓછા મારું ધ્યાન રાખવાના હતા? એક બિચારો કૃપણ કહે કે હું મારો જીવ આપી દઈશ પણ તમને જવા નહિ દઉં. એટલે હું લોભિયાના ઘરમાં રહું છું!]

૩૫૧.

शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे।

साधवो न हि सर्वत्र चन्दनं न वने वने॥

[દરેક પર્વત પર માણેક ન હોય. દરેક હાથીના કપાળમાં મોતી ન હોય. બધે જ સારા માણસ ન હોય, દરેક જંગલમાં ચંદનના ઝાડ ન હોય. હિતોપદેશનો આ શ્લોક કેટલો સરળ છે!]

૩૫૨.

श्रद्धावान् लभते ज्ञानं यत्नवान् सुखमेयते।

[જ્ઞાન મેળવવું હોય તો તે જ્ઞાનમાં શ્રદ્ધા હોવી જરૂરી છે. જે જ્ઞાનમાં જ શંકા હોય તે જ્ઞાન મગજમાં ઉતરે શી રીતે? સતત પ્રયત્નશીલ માણસો સુખી થાય છે. ]

૩૫૩.

श्रोत्रं श्रुतेनैव न कुण्डलेन दानेन पाणिर्न तु कङ्कणेन।
विभाति कायः करुणापराणां परोपकारैर्न तु चन्दनेन॥

[કાન કુંડળ વડે નહિ પણ જ્ઞાનની વાત સાંભળવાથી શોભે છે. હાથ કંકણ વડે નહિ પણ દાન વડે શોભે છે. કાયા પણ ચંદનના લેપ વડે નહિ પણ કરુણામય પરોપકાર વડે કાંતિમાન બને છે -ભર્તૃહરિકૃત નીતિશતક.]

# સ

૩૫૪.

सखि साहजिक प्रेम दूरादपि विराजते ।
चकोरीनयनद्वंद्वमानन्दयति चन्द्रमा ॥

[સાહજિક પ્રેમ તો ગમે તેટલે દૂરથી પણ થતો હોય છે. ચકોરીની આંખોમાં બિરાજી ચન્દ્રમા કેવો રાજીનો રેડ થાય છે?]

૩૫૫.

सत्यं तपो ज्ञानमहिंसता च विद्वत्प्रणामश्च सुशीलता च।
एतानि यो धारयति स विद्वान् न केवलं यः पठते स विद्वान्॥

[માત્ર ચોપડીઓ વાંચી જવાથી વિદ્વાન ન બનાય. સત્ય, તપ, જ્ઞાન, અહિંસા, અન્ય વિદ્વાનોનો આદર અને સુશીલતા જે જીવનમાં અપનાવે તેને જ વિદ્વાન કહી શકાય.]

૩૫૬.

सत्यं ब्रूयात् प्रियं ब्रूयत् न ब्रूयात् सत्यमप्रियं।

प्रियं च नानृतं ब्रूयात् एष धर्मः सनातनः॥

[સત્ય બોલવું જોઈએ. પ્રિય બોલવું જોઈએ. અપ્રિય હોય તેવું સત્ય બોલવાનું ટાળવું જોઈએ અને અસત્ય પ્રિય લાગે તેવું હોય છતાં કદી ન બોલવું એ સનાતન નિયમ છે.]

૩૫૭.

सत्यं वद धर्मं चर स्वाध्यायान्मा प्रमदः।

आचार्याय प्रियम् धनमाहृत्य प्रजातंतुम् मा व्यवच्छेत्सीः ॥

[તૈત્તરીય ઉપનિષદમાં નવા વિદ્યાર્થીને ઉપદેશ: સાચું બોલજે, ધર્મ પ્રમાણે આચરણ કરજે. પોતાના અભ્યાસમાં તલ્લીન રહેજે. ગુરુને દક્ષિણા આપજે અને આ પરંપરાનો લોપ ન થાય તેનું ધ્યાન રાખજે.]

૩૫૮.

सत्यमेव जयते नानृतम्।

[વિજય સત્યનો થાય છે, જુઠનો નહિ. આપણા દેશનો આ મુદ્રાલેખ છે.]

૩૫૯.

सत्यस्य वचनं श्रेय: सत्यादपि हितंवदेत्।

यद्भूतहितमत्यन्तं एतत् सत्यं मतं मम॥

[નારદ મુનિનું આ કથન છે: સત્ય વચન બોલવું સૌથી સારું છે, પણ સત્ય કરતાં ય વધુ સારું છે સૌના હિતમાં હોય એવું બોલવું. નારદના મતે જે વાત અસંખ્ય લોકોનું ભલું કરતી હોય તે સત્ય જ છે.]

૩૬૦.

सदा वक्रः सदा क्रूरः सदापूजामपेक्षते।

कन्याराशिस्थितो नित्यं जामाता दशमोग्रहः॥

[જમાઈ નામનો દશમો ગ્રહ કાયમ માટે કન્યા રાશિમાં રહે છે, સદા વાંકો ચાલે છે, કાયમ ક્રૂર સ્વભાવ ધરાવે છે અને હંમેશા પોતાની પૂજા થવી જોઈએ એવી ઇચ્છા ધરાવે છે !]

૩૬૧.

सन्तुष्टो भार्यया भर्ता भर्त्रा भार्या तथैव च।

यस्मिन्न् एव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम्॥

[મનુસ્મૃતિનું માર્ગદર્શનઃ જે ઘરમાં પતિ પોતાની પત્નીથી સંતુષ્ટ હોય અને પત્ની પોતાની પતિથી તે ઘરમાં હંમેશા સુખનું સામ્રાજ્ય રહે છે.]

૩૬૨.

सम्पूर्णकुम्भो न करोति शब्दं अर्धो घटो घोषमुपैति नूनं।

विद्वान् कुलीनो न करोति गर्वं मूढास्तु जल्पन्ति गुणैर्विहीनाः॥

[પાણીથી પૂરો ભરેલો ઘડો અવાજ કરતો નથી. અર્ધો ભરેલા ઘડામાંથી ઘણો અવાજ આવે છે. વિદ્વાન અને કુલીન માણસો ગર્વ કરતા નથી. ગુણ વિનાના માણસો બડબડ કરતા રહે છે.]

૩૬૩.

सर्पः क्रूरः खलः क्रूरः सर्पात् क्रूरतरः खलः।

सर्पः शाम्यति मन्त्रैश्च दुर्जनः केन शाम्यति॥

[સર્પ ક્રૂર છે, દુર્જન પણ ક્રૂર છે. પણ સાપ કરતાં દુર્જન વધુ ક્રૂર લેખાય કેમકે સાપને તો મંત્રોથી વશ કરી શકાય છે. દુર્જનને કોઈ રીતે અંકુશમાં લાવી શકાય નહિ.]

૩૬૪.

सर्पदुर्जनयोर्मध्ये वरं सर्पो न दुर्जनः।

सर्पो दशति कालेन दुर्जनस्तु पदे पदे॥

[સાપ અને દુર્જન એ બન્નેની તુલના કરીએ તો દુર્જન કરતાં સાપ વધુ સારો ગણાય કેમકે સાપ તો કોઈક વખત કરડે છે પણ દુર્જન ડગલે ને પગલે ડંખ મારતો જ રહે છે.]

૩૬૫.

सर्वनाशे समुत्पन्ने ह्यर्धं त्यजति पण्डितः।

अर्धेन कुरुते कार्यं सर्वनाशो हि दुःसहः॥

[જ્યારે સર્વનાશ સામે આવે ત્યારે ડાહ્યો માણસ અડધું છોડી દે છે કેમકે અડધાથી જેમ તેમ કામ ચલાવી લેવાય પણ સર્વનાશ સહન કરવો બહુ ભારે પડે.]

૩૬૬.

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां परम्।

[અવિચારીપણે કોઈ કામ ન કરવું જોઈએ. આવું અવિવેકી કામ આફતને ભારે નોતરે છે.]

૩૬૭.

संग्रहैकपर: प्राय: समुद्रोपि रसातले।

दातारं जलदं पश्य गर्जन्तं भुवनोपरी॥

[દરિયાને માત્ર પાણી ભેગું કરતા આવડે છે બીજાને આપતા આવડતું નથી એટલે તેનું સ્થાન રસાતાળ ગયું છે. જુઓ પાણીનું દાન કરતાં વાદળા ભુવનમાં સર્વોપરી સ્થાને બેસીને કેવી ગર્જના કરે છે !]

૩૬૮.

संसारकटुवृक्षस्य द्वे फले ह्यमृतोपमे।

सुभाषितंरसास्वाद संगति सुजने जने॥

[આ સંસારરૂપી કડવા વૃક્ષમાં બે અમૃત જેવા મીઠાં ફળ લટકે છે. એક તો સુમધુર સુભાષિતોનો રસાસ્વાદ અને બીજું સજ્જન માણસોનો સહવાસ.]

૩૬૯.

स्वभावो नोपदेशेन शक्यते कर्तुमन्यथा।

सुतप्तमपि पानीयं पुनर्गच्छति शीतताम्॥

[સલાહ કે ઉપદેશથી કોઈનો સ્વભાવ બદલાવી શકાતો નથી. પાણીને ગરમ કરો તેટલી વખત ગરમ રહે પણ જેવો તાપ દૂર થાય કે પાછું હતુ તેવું ને તેવું થઈ જાય.]

૩૭૦.

साक्षरा विपरीताश्चेद्राक्षसा एव केवलम्।

सरसो विपरीतश्चेत्सरसत्वं न मुञ्चति ॥

['સાક્ષરા' શબ્દને ઊલટો કરીએ તો તે 'રાક્ષસા' બની જાય છે. 'સરસ' શબ્દને ઊલટાવીએ તો પણ તે 'સરસ' જ રહે. તે કદી પોતાનું સરસપણું ન છોડે. સુસંસ્કારી માણસો દરેક સંજોગોમાં જેવા હતા તેવા જ રહે છે. સાક્ષરો સુસંસ્કારી હોય તે જરૂરી નથી. ]

૩૭૧.

सामदाने भेददण्डावित्युपायचतुष्टयम्।

हस्त्यश्व रथ पादातिं सेनाङ्गंस्यात् चतुष्टयम्॥

[રાજા પાસે શાસન ચલાવવા માટે સામ, દામ, ભેદ, દંડ એમ ચાર ઉપાય હોવા જોઈએ અને હાથી, ઘોડા, રથ, અને પાયદળ એમ ચાર પ્રકારની શક્તિ ધરાવતું સૈન્ય હોવું જોઈએ.]

૩૭૨.

सामर्थ्यमूलं स्वातन्त्र्यं श्रममूलं च वैभवम्।

न्यायमूलं सुराज्यं स्यात् संघमूलं महाबलम्॥

[સામર્થ્ય એ સ્વતંત્રતાના મૂળમાં છે. તમારી પાસે તમારી પોતાની તાકાત ન હોય તો તમે સ્વતંત્ર ન રહી શકો. શ્રમ એ સમૃદ્ધિનું મૂળ છે. મહેનત કર્યા વિના ન સમૃદ્ધિ મળે ન ટકે. સુરાજ્યના મૂળમાં ન્યાય છે. ન્યાય વિના સુરાજ્ય ટકી ન શકે. મહાશક્તિના મૂળમાં સંપ અને સંગઠન છે. જ્યાં સંઘ હોય એટલે કે સંપ-સંગઠન હોય ત્યાં જ પ્રચંડ શક્તિ ઉદ્ભવે.]

૩૭૩.

साहसे श्रीः प्रतिवसति।

[જે સાહસ કરે તેને લક્ષ્મી મળે.]

૩૭૪.

साहित्यसङ्गीतकलाविहीनः साक्षात्पशुः पुच्छविषाणहीनः।

तृणं न खादन्नपि जीवमानः तद्भागधेयं परमं पशूनाम्॥

[ભર્તૃહરિ કૃત નીતિશતકના આ લોકપ્રિય શ્લોક અનુસાર જેમને સાહિત્ય, સંગીત, કલા વગેરેમાં રુચિ નથી તેઓ પૂંછડા અને શિંગડા વિનાના પશુ છે. પશુઓનું એ સદ્ભાગ્ય છે કે આવા લોકો ઘાસ ખાધા વિના જીવી શકે છે !]

૩૭૫.

सुखं हि दुःखान्यनुभूय शोभते घनान्धकारेष्विव दीपदर्शनम्।

सुखात्तु यो याति नरो दरिद्रतां धृतः शरीरेण मृतः स जीवति॥

[ગાઢ અંધકારની અંદર જેમ દીપક શોભે છે તેમ સુખ પણ દુઃખની અનુભૂતિથી વધુ સુંદર લાગે છે. પણ જે લોકો સુખમાંથી ગરીબાઈના નર્કમાં આવી ચડે છે તે ભલે શરીરથી જીવતા રહે પણ મૃતપ્રાયઃ બની જાય છે.]

૩૭૬.

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ।

ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि॥

[ગીતામાં ભગવાનનો ઉપદેશ. સુખ દુ:ખને સમાન ગણીને, લાભ હાનિ તથા જય પરાજયમાં અવિચલિત રહીને તમારા કર્તવ્યના પાલન કરવાના યુદ્ધમાં જોડાઈ જાઓ. આવું કર્તવ્યપાલન તમને પાપી નહિ બનાવે.]

૩૭૭.

सुखमापतितं सेव्यं दु:खमापतितं तथा।

चक्रवत् परिवर्तन्ते दु:खानि च सुखानि च॥

[જીવનમાં જ્યારે સુખ આવે ત્યારે તેને માણી લેવું, દુ:ખ આવે ત્યારે તેને પણ વધાવી લેવું. સુખદુખનું ચક્ર સદા ચાલતું જ રહેવાનું છે.]

૩૭૮.

सुखस्यानन्तरं दुःखम् दुःखस्यानन्तरं सुखम्।

न नित्यं लभते दुःखं न नित्यं लभते सुखम्॥

[સુખ પછી દુ:ખ આવે છે અને દુ:ખ પછી સુખ આવે છે. કોઈને રોજેરોજ સુખ ન મળે કે કોઈને રોજેરોજ દુ:ખ ન મળે.]

૩૭૯.

सुखार्थी वा त्यजेत विद्या विद्यार्थी वा त्यजेत सुखम।

सुखार्थिनः कुतो विद्या विद्यार्थिनः कुतो सुखम॥

[વિદ્યાપ્રાપ્તિ છોડી સુખની પાછળ ભાગવું કે સુખને છોડી વિદ્યાપ્રાપ્તિ પાછળ પાગલ બનવું બન્ને એકાંગી માર્ગ છે. આ રીતે જેને સુખ જોઈતું હોય તેને કદી વિદ્યા ન મળે અને માત્ર વિદ્યા પાછળ દોડનાર કદી સુખી ન બની શકે.]

૩૮૦.

सुलभाः पुरुषा राजन् सततं प्रियवादिनः।

अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः॥

[વાલ્મિકી રામાયણ અરણ્યકાંડ શ્લોક ૩૭-૨. હે રાજન્ સતત મીઠું મીઠું બોલનારા માણસો સહેલાઈથી મળી આવે છે પણ કડવી છતાં હિતની વાત કરનારા અને સાંભળનારા આ જગતમાં બહુ ઓછા છે.]

૩૮૧.

सूतो वा सूतपुत्रो वा यो वा को वा भवाम्यहम्।

दैवायत्तं कुले जन्म मदायत्तं तु पौरुषम्॥

[મહાભારતમાં કર્ણ આ શ્લોક બોલે છે અને કહે છે કે ભલે હું સામાન્ય રથ હાંકનાર હોઉં કે રથ હાંકનારનો પુત્ર હોઉં કે ગમે તે હોઉં. આ બધી વાત ક્ષુલ્લક છે. ક્યા કુળમાં જન્મ લેવો એ મારા હાથની વાત નથી. મારા હાથની વાત તો મારું સાહસ અને પરાક્રમ છે.]

૩૮૨.

सेवनियो महान् वृक्षः फलछायासमन्वितः।

यदि दैवात् फलं नष्टं छाया केन निवार्यते॥

[આશરો કોનો લેવાય? આશરો એવા વૃક્ષનો લેવાય કે જેની પાસે પુષ્કળ ફળ અને ઘેઘૂર ઘટા બન્ને હોય. નસીબસંજોગે કદાચ ફળ ન પણ મળે, પણ તેનો છાયડો તો આપણને મળવાનો જ છે ને ?]

૩૮૩.

स्थानभ्रष्टा न शोभन्ते दन्ताः केशा नखा नराः।

इति विज्ञाय मतिमान् स्वस्थानं न परित्यजेत्॥

[દાંત, વાળ, નખ અને પુરુષ પોતાનું સ્થાન ગુમાવી દે પછી શોભતા નથી એ વાત ધ્યાનમાં રાખી ડાહ્યા માણસોએ પોતાના સ્થાન પર સ્થિર રહેવું જોઈએ.]

૩૮૪.

स्यात् कज्जलं सिन्धु पात्रं

सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी।

लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं

तदापि तव गुणानां ईश पारं न याति॥

[દરિયો ભરીને શાહી લઈ વૃક્ષની ડાળીની કલમ બનાવી ખૂદ શારદા માતા સદાકાળ લખ્યા કરે તો પણ હે ભગવાન તારા ગુણોનો પાર ન આવે.]

૩૮૫.

स्वभावं न जहात्येव साधुरापद्गतोऽपि सन् ।

कर्पूरः पावकस्पृष्टः सौरभं लभतेतराम् ॥

[સંકટ આવે તો પણ સજ્જન માણસો પોતાનો સ્વભાવ ત્યજતા નથી. કપૂર અગ્નિથી બળે ત્યારે સુગંધ આપે છે.]

૩૮૬.

स्वयं महेशस्तनयो गणेशः  सखा  धनेशः  श्वसुरो नगेशः  ।

तथापि भिक्षाटनमेव शंभोः बलियसी केवलमीश्वरेच्छा॥

[પોતે દેવોના દેવ છે, પુત્ર રિદ્ધિ-સિદ્ધિનો સ્વામી ગણેશ છે, સસરો પર્વતરાજ હિમાલય છેઃ ને છતાંય ભગવાન શિવ ભિક્ષુક જેવા વેશે ભટકે છે. ખરેખર ઈશ્વરની ઈચ્છા જ બળવાન છે.]

૩૮૭.

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।

[તલ્લીન થઈ જઈને પોતાનું કામ કર્યે જતાં લોકો પોતાનું ધ્યેય સિદ્ધ કરે છે -ભગવદ્ ગીતા.]

૩૮૮.

श्रुति र्विभिन्ना स्मृतयोऽपि भिन्नाः

नैको मुनि र्यस्य वचः प्रमाणम्।

धर्मस्य तत्त्वं निहितं गुहायाम्

महाजनो येन गतः स पन्थाः॥

[શ્રુતિ અલગ અલગ કહે છે, સ્મૃતિઓમાં પણ જુદી જુદી વાત છે. કોઈ એક એવા મુનિ નથી કે માત્ર તેના વચનને જ પ્રમાણ માનીને ચાલી શકાય. ધર્મનું તત્વ ગૂઢ છે - સહેલાઈથી સમજી શકાય તેવું નથી. આથી મોટા માણસો જે રસ્તે ચાલે તે રસ્તો સાચો છે એમ માનીને આપણે પણ તે રસ્તે ચાલવું.]

૩૮૯.

स्वधर्मे निधनम् श्रेयम् परधर्मो भयावहः।

[ભગવત ગીતાના આ ઉપદેશનું અનેક રીતે અર્થઘટન કરવામાં આવે છે. એ બધી વિશદ ચર્ચાનો સાર એ છે કે આપણને પોતાને જે ઠીક લાગે તે, સાચું લાગે તે, કરવું કેમકે તેમાં મરણ આવે તો પણ મનને સંતોષ થશે. પણ બીજાના દોરવાયા દોરાતા રહીને પોતાનો અંદરનો અવાજ ન સાંભળવો તે વાત ભયંકર છે.]

૩૯૦.

स्वाभिमानो धनंयेषां चिरजीवन्ति ते जना:।

स्वाभिमानविहीनानां किं धनेन किमायुषा॥

[જેમની પાસે સ્વાભિમાનરૂપી સંપત્તિ છે તે માણસો શાશ્વત જીવે છે. જેમની પાસે સ્વાભિમાન નથી તેમની પાસે ધન કે આયુષ્ય હોય તો પણ શું કામનું ?]

## ષ

૩૯૧.

षड्पदः पुष्पमध्यस्थो यथा सारं समुद्धरेत्।

तथा सर्वेषु शास्त्रेषु सारं गृह्णिन्त पण्डिताः॥

[જેમ ભમરો દરેક પુષ્પ પર જઈ તેનું ઉત્તમ તત્વ એકઠું કરે છે તેમ ડાહ્યા માણસે દરેક શાસ્ત્ર વાંચી તેનો સાર મગજમાં ઉતારવો જોઈએ.]

## હ-ળ

૩૯૨.

हस्तस्य भूषणं दानं सत्यं कंठस्य भूषणम्।

श्रोतस्य भूषणं शास्त्रं भूषणैः किं प्रयोजनम् ॥

[હાથનું આભૂષણ દાન છે, સત્ય વચન એ કંઠનું આભૂષણ છે, શાસ્ત્રોનું શ્રવણ એ કાનનું આભૂષણ છે. આવાં આભૂષણો પહેર્યા પછી અન્ય કોઈ આભૂષણ પહેરવાની જરૂર રહેતી નથી.]

૩૯૩.

हितं मनोहरि च दुर्लभ वचः।

[આપણું હિતકારક હોય અને મનને રુચે તેવું પણ હોય એવું બોધવચન મળવું મુશ્કેલ છે.]

૩૯૪.

हंस: श्वेतो बक: श्वेतो को भेदो बकहंसयो:।

नीरक्षीरविवेके तु हंस: हंसो बको बक:॥

[હંસ સફેદ દેખાય છે. બગલો પણ સફેદ દેખાય છે. પરંતુ જ્યારે પાણી અને દૂધ અલગ કરવાની વાત આવે ત્યારે હંસ હંસ જેવો અને બગલો બગલા જેવો સાબિત થઈ જાય છે.]

૩૯૫.

हीयते हि मतिस्तात् हीनैः सह समागतात्।

समैस्च समतामेति विशिष्टैश्च विशिष्टितम्॥

[મહાભારતનો શ્લોક છેઃ હીન એટલે કે અધમ માણસો સાથે રહેવાથી આપણી બુદ્ધિ અધમ થઈ જાય છે. સમાન માણસો સાથે રહેવાથી સમાન રહે છે અને વિશિષ્ઠ એટલે કે ખૂબ પ્રતિભાવાન સાથે રહેવાથી આપણી પ્રતિભા પણ ખિલે છે.]

# ક્ષ

૩૯૬.

क्षणशः कणश्चैव विद्याम् अर्थं च साधयेत्।

क्षणे नष्टे कुतो विद्या कणे नष्टे कुतो धनम्॥

[પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરી વિદ્યા મેળવવી જોઈએ અને પ્રત્યેક કણ બચાવી ધન એકઠું કરવું જોઈએ. ક્ષણ વેડફે વિદ્યા ન મળે, કણ વેડફે ધન ન મળે.]

૩૯૭.

क्षणे तुष्टः क्षणे रुष्टस्तुष्टो रुष्टः क्षणे क्षणे।

अव्यवस्थितचित्तस्य प्रसादोऽपि भयङ्करः॥

[ઘડીક ખુશ તો ઘડીક નાખુશ. એક ઘડી રાજી તો બીજી મિનિટે અગનગોળો. જેમના મગજનું કંઈ ઠેકાણું ન હોય તેવા તોરી માણસની મહેરબાની પણ ભારે પડી જાય.]

૩૯૮.

क्षणेक्षणे यद् नवतां उपैति स रूपः।

[કાલિદાસે કરેલી સૌંદર્યની વ્યાખ્યાઃ ખરી સુંદરતા તેને કહેવાય જે હરઘડી નવું રૂપ ધારણ કરે.]

૩૯૯.

क्षमा बलमशक्तानाम् शक्तानाम् भूषणम् क्षमा।

क्षमा वशीकृते लोके क्षमया किं न सिध्यति॥

[ક્ષમા શક્તિશાળી માણસનું સાચું બળ છે. શક્તિશાળી માણસો ક્ષમા વડે શોભે છે. ક્ષમાથી લોકો વશ થઈ જાય છે. ક્ષમાથી શું ન થઈ શકે ?]

૪૦૦.

क्षमा शस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति।

अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति॥

[જેમની પાસે ક્ષમા નામનું અમોઘ શસ્ત્ર હોય તેનું કોઈ કંઈ બગાડી શકે નહિ. જે ધરતી તણખલા વિનાની એટલે કે ઉજ્જડ અને વેરાન હોય તેની ઉપર આગનો ગોળો પડે તો તે આપમેળે ઠંડો પડી જાય.]

# જ્ઞ

૪૦૧.

ज्ञानं भारः क्रियां विना।

[જેનો અમલ ન કરીએ તેવું જ્ઞાન ભારરૂપ બને છે.]

૪૦૨.

ज्ञानं तु द्विविधं प्रोक्तं शाब्दिकं प्रथमं स्मृतम्।

अनुभवाख्यं द्वितीयं तुं ज्ञानं तदुर्लभं नृप॥

[જ્ઞાન બે પ્રકારના હોય છે. એક તો શબ્દો વડે મેળવેલું અને ગોખીને યાદ રાખેલું જ્ઞાન અને બીજું સ્વાનુભવ થવાથી સમજાયેલું જ્ઞાન. હે રાજા, આ બીજા પ્રકારનું જ્ઞાન દુર્લભ છે.]

## સમાપ્ત